પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૨૫-૪-૨૦૨૫, શુક્રવાર
વર્ષ: ૧૪, અંક : ૪૦

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**આઈપીએલ આજની મેચ**

ચૈન્નઈ સુપરકિંગ્સ VS સનરાઈઝ હૈદાબાદ

સાંજે ૭:૩૦ કલાકે






### સરહદ પારની લડાઈ પહેલા આંતરીક સફાયો શરૂ

# નકસલવાદ-આતંકવાદને ભોં ભેગા કરી દેવા સરકાર સજ્જ

**અબતક, રાજકોટ**

પૃથ્વીના સ્વર્ગ સમાન જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલામાં ૨૬ નિર્દોષ લોકોના કરુણ મોત બાદ સમગ્ર દેશ હરામખાયાઓને મોતને ઘાટ ઉતારી દેવાની માંગ કરી રહ્યું છે ત્યારે હવે સરકાર પણ મોટા એક્શનની તૈયારીમાં હોય તેવા અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે. સરકારે સરહદની અંદર અને બહાર બંને તરફ સફાયો શરૂ કરી દીધો હોય તેવા અહેવાલો સામે આવવા લાગ્યા છે. એકતરફ ઘૂષણખોરોને ઠાર મારવા આદેશો આપી દેવામાં આવ્યા છે. ઉપરાંત સરહદની સાથે હવે દેશમાં આંતરિક નકસલીઓને પોલીસે ઘેરી લીધાના પણ અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે.

## ૫ હજાર જવાનોનું તેલંગણા, છત્તીસગઢ અને મહારાષ્ટ્રની ત્રિકોણીય સરહદી વિસ્તારમાં ખાસ ઓપરેશન: ૩૦૦ નકસલીઓને ઘેરી લેવાયા

ભારત સરકારે પાંચ મોટા નિર્ણયો લઈ વેપારથી માંડી સિંધુ જળ સંધી પર પ્રતિબંધ મૂકી દીધો છે જયારે બીજી બાજુ સર્ચ ઑપરેશન હાથ ધરી સરહદે આતંકીઓ અને સફાયો પણ શરૂ કરી દેવામાં આવ્યો હોય તેમ નકસલવાદનો ખાત્મો કરી દેવા આપવામાં આવેલા આદેશને પગલે છતીશગઢ, તેલંગણા અને મહારાષ્ટ્રની ત્રિકોણીય સરહદે ૩૦૦

માર્ચ ૨૦૨૬ સુધીમાં નકસલવાદને નાબૂદ કરવાના લક્ષ્ય પહેલાં લગભગ ૫,૦૦૦ સુરક્ષા કર્મચારીઓએ છત્તીસગઢ, તેલંગણા અને મહારાષ્ટ્રના ત્રિકોણીય જંકશનમાં ફેલાયેલા સીપીઆઈ (માઓવાદી) ના 'મુખ્ય' વિસ્તારમાં ધોસ બોલાવી છે. જેમાં પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મી અને બટાલિયન નંબર ૧ ના ટોચના કમાન્ડર સહિત ૩૦૦ નકસલવાદીઓને ઘેરી લેવામાં આવ્યા છે.

છત્તીસગઢ સરકારના સૂત્રોએ

(અનુ. આઠમા પાને)

## પીપલ્સ લિબરેશન આર્મી અને બટાલિયન નંબર ૧ ના ટોચના કમાન્ડરોને હથિયારો હેઠા મુકો નહીંતર આકરી કાર્યવાહી માટે તૈયાર રહેવા સેનાની ચેતવણી


## ગમે ત્યારે સરહદે યુધ્ધ વિરામ સમાપ્તીના ભણકારા

પહેલગામ આતંકવાદી હુમલા બાદ, ભારતે પાકિસ્તાન સામે કેટલાક કડક પગલાં લીધાં છે જે તેના માટે જવાબદાર છે. હવે ભારત સરકાર પાકિસ્તાની સેનાને જોરદાર ફટકો આપવાનું વિચારી રહી છે. રિપોર્ટ મુજબ, ભારત આગામી દિવસોમાં યુધ્ધવિરામ સમાપ્ત કરવાની જાહેરાત કરી શકે છે. સરહદ પર યુધ્ધવિરામ ઘણા સમયથી અમલમાં છે. તેનો અંત લાવવાનો અર્થ એ થશે કે પાકિસ્તાનની સેનાને હવે ભારે કિંમત ચૂકવવી પડશે.

## સેના પ્રમુખ સ્થિતિની સમીક્ષા કરવા શ્રીનગર પહોંચ્યા: રાહુલ ગાંધી પણ કાશ્મીર પ્રવાસે

ઘટનાને પગલે સેના અધ્યક્ષ ઉપેન્દ્ર દ્વિવેદી શ્રીનગર પહોંચ્યા છે અને તેમણે સ્થિતિની સમીક્ષા શરૂ કરી છે. સેના અધ્યક્ષની શ્રીનગર મુલાકાત અત્યંત સૂચક છે જે સંકેત છે કે, આગામી દિવસમાં સેના મોટું ઓપરેશન પાર પાડી શકે છે. બીજી બાજુ રાહુલ ગાંધી પણ કાશ્મીર પ્રવાસે છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે જ સર્વપક્ષીય બેઠકમાં રાહુલ ગાંધીએ સેનાની તમામ કાર્યવાહીને સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું હતું.

## બે આતંકીઓના મકાનને આઈઈડી બ્લાસ્ટ કરી ઉડાવી દેવાયાં



પહેલગામ આતંકવાદી હુમલામાં સામેલ આતંકવાદી આસિફ શેખ અને અનંતનાગમાં આદિલ ઠોકરનું ઘર ઉડાવી દેવાયું છે. માહિતી અનુસાર, પુલવામા જિલ્લાના અવંતીપોરાના ત્રાલ વિસ્તારના મોંઘમામાં થયેલા વિસ્ફોટમાં આતંકવાદી આસિફ શેખનું ઘર ઉડાવી દેવામાં આવ્યું હતું. પહેલગામ આતંકવાદી હુમલામાં આસિફ શેખ અને આદિલ ઠોકરનું નામ સામે આવ્યું છે.

## બાંદીપોરામાં સર્ચ ઓપરેશન દરમિયાન ગોળીબાર



આજે સુરક્ષા દળોએ જમ્મુ અને કાશ્મીરના બાંદીપોરા જિલ્લામાં આતંકવાદીઓ સાથે ગોળીબાર શરૂ કર્યો હતો. જે દરમિયાન સુરક્ષા દળોના બે જવાન ઘાયલ થયા હતા. ચિનાર કોર્પ્સે એક્સ પર જણાવ્યું હતું કે, આ ગોળીબાર દરમિયાન સુરક્ષા દળોના બે જવાન ઘાયલ થયા હતા. બાંદીપોરા જિલ્લાના કુલનાર બાઝીપોરા વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. છેલ્લા ત્રણ દિવસમાં આ ત્રીજું એન્કાઉન્ટર છે. બુધવારે, ઉત્તર કાશ્મીરના ઉરી સેક્ટરમાં સેનાએ ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યા બાદ ગોળીબારમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. ગુરુવારે, જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લાના બસંતગઢ નજીક સુરક્ષા દળો અને આતંકવાદીઓના જૂથ વચ્ચે થયેલી એન્કાઉન્ટરમાં એક જવાન શહીદ થયો હતો. છુપાયેલા આતંકવાદીઓએ સુરક્ષા દળોના સ્થાનો પર ગોળીબાર કર્યા બાદ સર્ચ ઓપરેશન એન્કાઉન્ટરમાં ફેરવાઈ ગયું હતું. ઉલ્લેખનીય બાબત છે કે, અથડામણમાં ચાર આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હોય તેવી માહિતી પણ સૂત્રો આપી રહ્યા છે જો કે, આ અંગે સેનાએ કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.

## ક્યાં સુધી સંયુક્ત રાષ્ટ્ર ચૂપ રહેશે?

સંયુક્ત રાષ્ટ્રસંઘએ આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જેના ઉદ્દેશોમાં આંતરરાષ્ટ્રીય કાયદા, આંતરરાષ્ટ્રીય સલામતી, સામાજિક પ્રગતિ , માનવ અધિકાર ની દ્રષ્ટિએ સહકાર આગળ ધપાવવો અને વિશ્વ શાંતિ હાંસલ કરવાનો સમાવેશ થાય છે. યુએનની સ્થાપના દેશો વચ્ચે યુદ્ધ રોકવા માટે અને વાટાઘાટ માટે એક મંચ પૂરુ પાડવા માટે લીગ ઓફ નેશન્સ ના સ્થાને ૧૯૪૫માં બીજા વિશ્વ યુદ્ધ બાદ થઈ હતી.ત્યારે ભારત-પાકિસ્તાનની હાલની સ્થતિ વચ્ચે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવે જણાવ્યું હતું કે, બન્ને દેશો હાલ સંયમ રાખે જેથી પરિસ્થતિ વધુ ખરાબ ના થાય.

## ચેનાબ-જેલમ-સિંધુ નદીના પાણીના પ્રવાહને પાક.માં જતા રોકવા ભારત હાઈડ્રોપાવરના પ્લાન્ટ સ્થાપશે

### કઅ પ્લાન્ટથી ૩,૦૦૦ મેગાવોટથી વધુ વીજળી ઉત્પન્ન થશે અને જમ્મુ અને કાશ્મીરના પાવર ઈન્વેન્ટરીમાં ૧૦,૦૦૦ મિલિયન યુનિટ ઉમેરાશે

ભારત દ્વારા સિંધુ જળ સંધિને સ્થગિત કરવાની જાહેરાત સાથે, ચેનાબ-જેલમ-સિંધુ નદી પર કિરુથી કવાર સુધીના અનેક જળવિદ્યુત પ્રોજેક્ટ્સ પર કામ વેગ પકડવા માટે તૈયાર છે - જે પ્રોજેક્ટ્સ આઈડબ્લ્યુટીને કારણે વર્ષોથી અટકી પડ્યા હતા. જમ્મુ અને કાશ્મીર માટે પાણીની પર્યાપ્તતા ઉપરાંત, આ પગલાથી વીજળીની અછત ધરાવતા હિમાલય પ્રદેશને લગભગ ૧૦,૦૦૦ મેગાવોટ વીજળી પૂરી પાડવાનો અંદાજ છે.

ભારત પાકિસ્તાન સાથેની તમામ આઈડબ્લ્યુટી-સંબંધિત બેઠકો બંધ કરવા માટે તૈયાર છે અને દેશ સાથે હાઈડ્રોલોજિકલ ડેટા શેર કરવાનું બંધ કરવાનું વિચારી રહ્યું છે, જેમાં ભારે પૂરનો ડેટા પણ સામેલ છે. ભારત સરકાર આ અંગેની તમામ કાનૂની જોગવાઈઓની તપાસ કરી રહી છે. જોકે, સૌથી મોટું પગલું ચેનાબ અને જેલમ નદીઓ પર

(અનુ. આઠમા પાને)

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવાસ સ્થાને બેઠકોનો ધમધમાટ

### સિંધુ સંધી અંગે જળશકિતમંત્રી સી.આર. પાટીલ સાથે બેઠક 'પાણી' નહીં મળે પાક.ને ઔપચારિક જાણ કરી દેવાય

પહેલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાનના સંબંધો સતત વણસી રહ્યા છે. સરહદ પર હાલ યુધ્ધ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. પાકિસ્તાનને પાણી વિના ટળવળતું કરી દેવા ભારત દ્વારા બે દિવસ પૂર્વે સિંધુ સંધી રદ કરવાની જાહેરાત કરી દેવામાં આવી હતી. આજે સિંધુ નદીના પાણી નહી મળે તેવી ઔપચારિક જાણ ભારત દ્વારા પાકિસ્તાનને કરી દેવામાં આવી છે. દરમિયાન આજે સવારથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના સરકારી નિવાસ સ્થાને બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે. સિંધુ સંધી રદ કરવા મામલે આજે સવારે કેન્દ્રીય જળ શકિત મંત્રી સી.આર. પાટીલ સાથે બેઠક યોજી હતી. આગામી દિવસોમાં હવે ગમે ત્યારે ભારત હજી કેટલાક આકરા નિર્ણયો લેશે તેવી શકયતા પણ નકારી શકાતી નથી.

## દિલ્હીની ૯૦૦ બજારોની ૮ લાખ દુકાનોએ બંધ પાળ્યો

### આતંકી હુમલાના વિરોધમાં દિલ્હી બંધ: ૧૫૦૦ કરોડનો વેપાર ઠપ્પ

જમ્મુ-કાશ્મીરના પહેલ ગામમાં આતંકી હુમલાની ઘટના બાદ દેશભરમાં ભારે જનાક્રોશ જોવા મળી રહ્યો છે. આતંકના ખાત્માની માંગ ઉઠી રહી છે. મૌન રેલી, કેન્ડલ માર્ચ, આવેદનપત્ર, બંધ પાળી લોકો પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે. આતંકી હુમલાના વિરોધમાં આજે રાજધાની દિલ્હીએ સજ્જડ બંધ પાળ્યોહતો. દિલ્હીની ૯૦૦ થી વધુ મુખ્ય બજારો બંધ રહી હતી ૮ લાખથી વધુ વેપારીઓ-ઉદ્યોગપતિઓ રોષભેર બંધમાં જોડાયા હતા. દેશની રાજધાનીમાં આજે આર્થિક ગતિવિધીઓ અટકી જવા પામી હતી. આજે એક જ દિવસમાં અંદાજે ૧૫૦૦ કરોડથી વધુના વ્યવહાર અટકી ગયા હતા વેપારીઓએ સહાનુભૂતિ રેલી પણ યોજી હતી. આતંકવાદીઓને ભોમાં ભંડારી દેવાની માંગ ઉગ્ર બની રહી છે. લોકોની ધીરજ ખુટી રહી છે.

## પાકિસ્તાનની ભૂમિ ઉપરથી ભારતીય વિમાનોને ઉડાન ભરવા સામે પ્રતિબંધ ફરમાવાયો

પાકિસ્તાને એરસ્પેસ બંધ કરી દેતાં દિલ્હી અને ઉત્તરના રાજ્યોના ખાસકરીને દિલ્હી અને ઉત્તરના અન્ય શહેરોની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને તેમના નિયત સ્થળે પહોંચવામાં લાંબો સમય લાગશે. જેને કારણે ભાડું નજીકના ભવિષ્યમાં ૮થી ૧૨ ટકાની આસપાસ વધવાની સંભાવના છે.

ભારતની વિમાની કંપની એર ઈન્ડિયા અને ઈન્ડિગોએ ગુરુવારે કહ્યું હતું કે પાકિસ્તાની એરસ્પેસ બંધ થતાં તેની કેટલીક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને અસર થઈ છે. ટાટા જૂથન માલિકીની વિમાની કંપનીએ ઉલ્લેખ કર્યો હતો કે નોર્થ અમેરિકા, યુકે, યૂરોપ અને મધ્ય-પૂર્વના દેશોને કનેક્ટ કરતી ફ્લાઈટ્સને હવે વૈકલ્પિક લાંબો રૂટ અપનાવવો પડશે. એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા ઉપરાંત એર ઈન્ડિયા એક્સપ્રેસ અને સ્પાઈસ જેટ પણ આંતરરાષ્ટ્રીય વિમાનોનું સંચાલન કરે છે. ઉત્તર ભારતના શહેરોથી પશ્ચિમના દેશો તરફ ઉડતી ફ્લાઈટ્સને વધુ અસર થશે. હવે તેમને આરબના દરિયાનો રૂટ અપનાવવો પડશે. લાંબા રૂટને કારણે વિમાની કંપનીઓનો ઈંધણ વધુ વપરાશે અને પરિણામે ખર્ચ વધી જશે. ઉપરાંત પે લોડના પ્રશ્નો પણ ઊભા થશે. એક પોસ્ટમાં એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે તમામ ભારતીય વિમાની કંપનીઓ માટે પાકિસ્તાન એરસ્પેસના નિયંત્રણોની

(અનુ. આઠમા પાને)

## હુમલામાં ભોગ બનેલાઓને વળતર 'ફટાફટ' આપી દેશે LIC!!!

### એલઆઈસી પોલિસીધારકના મૃત્યુનો કોઈપણ સત્તાવાર સરકારી રેકોર્ડ અથવા સરકાર દ્વારા ચૂકવવામાં આવેલા વળતરના પુરાવાને માન્ય ગણશે

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનો માટે ભારતીય જીવન વીમા નિગમ (એલઆઈસી) આગળ આવ્યું છે. કંપનીએ મૃતકોના પરિવારજનોને વીમાની રકમ મેળવવામાં સરળતા રહે તે માટે કેટલાક મહત્વના પગલાં લીધા છે. એલઆઈસીના મેનેજિંગ ડિરેક્ટર સિદ્ધાર્થ મોહંતીએ જણાવ્યું હતું કે દાવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે કંપની મૃત્યુ પ્રમાણપત્રની જગ્યાએ પોલિસીધારકના મૃત્યુનો કોઈપણ સત્તાવાર સરકારી રેકોર્ડ અથવા કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવેલા વળતરના પુરાવાને માન્ય ગણશે. તેમણે વધુમાં કહ્યું કે એલઆઈસી આ દુઃખદ ઘટનામાં

(અનુ. આઠમા પાને)

### હુમલાના દિવસે પહેલગામમાં ડમ્પ થયેલા બે લાખ કોલ સ્કેન કરી

## ત્રણ હરામખાયાની ઓળખ કરાઈ: અગાઉ પણ નાપાક હરકત કરી ચુક્યાંનો ખુલાસો

કાશ્મીરમાં હુમલો કરનાર ત્રણ આતંકીઓના માથે રૂ. ૨૦ લાખના ઈનામની જાહેરાત કરવામાં આવી છે જેમાં સ્થાનિક કાશ્મીરી આદિલ હુસૈન થોકર અને પાકિસ્તાની નાગરિક હાસિમ મુસા ઉર્ફે સુલેમાન અને અલી ઉર્ફે તલ્હાનો સમાવેશ થાય છે. હવે સેના દ્વારા હુમલાના દિવસે પહેલગામ વિસ્તારમાં ડમ્પ થયેલા અંદાજિત બે લાખ કોલ્સને સ્કેન કરી ત્રણ આતંકીઓની ઓળખ કરવામાં આવી હતી જે પૈકી મુસા અગાઉ ૨૦૨૪માં પહેલગામમાં થયેલ હુમલામાં તથા બારામુલ્લા સહીત ત્રણ હુમલામાં પણ જવાબદાર હોવાનું ખુલવા પામ્યું છે.

## આતંકી હુમલા દરમિયાન કાશ્મીરી 'પાક' મુસ્લિમોએ પનાહ આપી

હુમલા દરમિયાન કાશ્મીરી સ્થાનિકોએ પ્રવાસીઓને બચાવવા બાથ ભીડ્યાનો અહેવાલ પણ સામે આવ્યો છે. હુમલા દરમિયાન ફાયરિંગ કરી રહેલા આતંકીઓના હથિયાર ઝુંટવી લેવા પ્રયાસ કરનાર સૈયદ આદિલ હુશેન શાહને પણ આતંકીઓએ ગોળી મારી દીધી હતી. આ ઉપરાંત હુમલામાં મોતને ભેંટનાર ઈન્દોરના સુશીલ નથાનિયલના પુત્ર ઓસ્ટનને ઘોડેસવારી કરાવતા કાશ્મીરીઓએ ઘોડાની પાછળ છુપાવી દેતા તેનો જીવ બચ્યો હતો. પહેલગામના શાલના વિક્રેતા સજાદ અહમદ ભાટનો એક વિડીયો હાલ સોશિયલ મીડિયામાં ખુબ વાયરલ થઈ રહ્યો છે જેમાં તે પ્રવાસીઓને ખંભે બેસાડી હુમલાસ્થળથી દૂર ખસેડતો નજરે પડી રહ્યો છે. હુમલામાં મોતને ભેંટનાર નેવી ઓફિસર વિનય નરવાલ અને તેની પત્નીને બચાવવા પહેલગામ ઓલ ટેરેન વ્હીકલ એસોસિએશનના પ્રમુખ ઈર્શાદ અહમદએ ખુબ મહેનત કરી હતી. તેણે વિનય નરવાલ અને તેની પત્નીને એમ્બયુલન્સ સુધી પહોંચડ્યા હતા પણ વિનયનો જીવ બચ્યો ન હતો.




## આજે વિશ્વ પેંગ્વિન દિવસ

# માદાને લવ પ્રપોઝ કરવા પેંગ્વિન આપે છે પથ્થર: વિશ્વમાં હાલ તેની ૨૦ પ્રજાતિનું અસ્તિત્વ

## આ એક પક્ષી છે, પણ ઉડી શકતું નથી: બ્લેક એન્ડ વ્હાઇટના મેચીંગ સાથે નાના પગ અને હાથની જગ્યાએ ફિલપર્સ હોય છે: તે દક્ષિણ ગોળાર્ધમાં વધુ જોવા મળે છે: પેંગ્વિન કયારેય પાછળની તરફ તરી શકતું નથી

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦


વિશ્વમાં રંગબેરંગી અવનવા પક્ષીઓ જોવા મળે છે. અલગ અલગ દેશોમાં ત્યાંના વાતાવરણ-પર્યાવરણ પક્ષીઓની પ્રજાતિ વસવાટ કરે છે. આપણે હમેંશા આકાશમાં ઉડતા હોય કે જમીન પર દાણા ચણતા હોય તેને જ પક્ષી કહીએ છીએ, તો કેટલાક પાણીમાં તરતા પક્ષી પણ જોયા હશે. પક્ષીઓ આંગણાના, વગડાના, જંગલમાં રહેનારા હોય છે. દુનિયામાં એક પક્ષી એવું છે જે ઉડી શકતું નથી, પણ એ એક શ્રેષ્ઠ પાણીમાં તરનાર તરવૈયો કે દરિયામાં ઉંડે સુધી જનાર ગોતા ખોર છે. જેનું નામ પેંગ્વિન છે. આ પક્ષીની વિશિષ્ટતા એ છે કે તે પાણી બહાર અંદર તરી શકે એમ બન્ને રીતે જીવે છે. પેંગ્વિન હમેંશા વિશાળ ટોળામાં રહેનાર પક્ષી છે. આજે વિશ્વ પેંગ્વિન દિવસ છે.

પેંગ્વિનની દુનિયા રોચક ને મસ્ત હોય છે. બરફ આચ્છાદિત દરિયા કાંઠાના અતિશય ઠંડા વાતાવરણમાં લાખોના ટોળામાં પેંગ્વિન રહેતા હોય છે. તેમની સૌથી મહત્વની વાત એ છે કે પાણીની અંદર પોતાનો શ્વાસ ૨૦ મીનીટ સુધી રોકી રાખવાની ક્ષમતા ધરાવ છે. વિશ્વમાં આવુ બીજું કોઇ પક્ષી ભાગ્યે જ જોવા મળે છે. અલગ અલગ પ્રજાતિના પેંગ્વિનમાં કદ-વજન અને ઊંચાઇમાં થોડો ઘણો ફેરફાર જોવા મળે છે. સામાન્ય રીતે ૧૧૦ થી ૧૨૦ સે.મી. ઉંચાઇ અને ૫૦ કિલોનું અંદાજે વજન હોય છે, પણ અમુક નાના પ્રજાતિમાં ઉંચાઇ ૩૦ થી ૪૦ સે.મી. અને વજન ૧૩ કિલો જેવું જોવા મળે છે. ઠંડા પ્રદેશમાં રહેનારા પશુ-પક્ષીના કદ મોટા હોય કારણ કે આને કારણે તેને ગરમીમાં રક્ષણ મળે છે. અન્ય પક્ષીની જેમ પેંગ્વિનની શરીર રચના સંપૂર્ણપણે અલગ પડે છે. તેમની બોડી, આકાર પાણીમાં તરવાને લાયક બનાવ્યું છે. તેના નાના પગ તથા હાથની રચના તેને પાણીમાં સરળતા વધારે છે. પાણીની અંદરથી જ છલાંગ લગાવીને તે જમીન પર આવી જવાની ક્ષમતા ધરાવે છે. આગળ સફેદ ને પાછળ કાળો રંગ તેનું સુંદરતામાં વધારો કરે છે. પેંગ્વિનની પાણીમાં તરવાની સ્ટાઇલ હવામાં ફલાઇટથી થોડી અલગ પડે છે. તે જમીન પર સુંઇને ઢસડાઇને ચાલવામાં માહિર છે, જરૂર જણાયે બરફમાં ઉપરથી નીચે તે આજ રીતે હારબંધ નીચે આવતા જોવા મળે છે.

બે પગ વચ્ચે ઈંડાને દબાવીને તેને સેવવાની પ્રક્રિયા વખતે આજુ બાજુના હુમલાથી નાના બચ્ચાને બચાવવા માટે તેના પંખા જેવા હાથ અને તીક્ષ્ણ ચાંચ ખુબ જ મદદ કરે છે. પીંછાના સ્તરોમાં હવા પણ પાણીમાં હોય ત્યારે ગરમીથી થતાં નુકશાનથી તેને બચાવે છે. તેમની આંખોની રચના સંપૂર્ણ પણે પાણી હેઠળ સ્વિમીંગને અનુકુળ છે. અન્ય પક્ષીની જેમ તેના કાન સ્પષ્ટ બાહય માળખુ નથી પણ પાણીમાં હોય ત્યારે ખાસ પિંછા દ્વારા તેના આંતરીક કાન બંધ કરી દે છે, એને કારણે પાણીના દબાણથી તેના કાનને નુકશાન ન થાય, તેમની પાણીમાં ઝડપ વધારે હોય છે પણ જમીન ઉપર તે કલાકે પાંચ કી.મી. માંડ ચાલે છે. પેંગ્વિન દક્ષીણ ગોળાર્ધમાં વધુ જોવા મળે છે. અમુક પ્રજાતિ ભુમધ્ય રેખાની ઉત્તરમાં જોવા મળે છે. પાણીના જીવન માટે અનુકુળ આ પક્ષી ખુબ જ સારા તરવૈયા હોય છે. તે ખોરાકમાં માછલી અને સમુદ્રી જીવો ખાય છે. ખોરાક માટે પાણીની નીચે જઇને તેને પકડે છે. પેંગ્વિનનું અડધું જીવન પાણીમાં અને અડધુ જીવન જમીન ઉપર વ્યતિત હોય છે. સૌ પ્રથમ તેના પૂર્વજો ૧૮૩૧ માં અત્યારના પેંગ્વિન જોવા જોવા મળેલ. બાદમાં ૧૮૯૧ માં વિધિવત તેનો પક્ષી શાસ્ત્રીઓએ નોંધ લઇને સંપૂર્ણ દિનચર્યાની નોંધ કરી હતી.

હાલ વિશ્વમાં એપ્ટેનોડાયટસ, યુડેપ્ટસ, યુડીપ્યુલા, મેગાડીપ્ટેસ, પ્યોગોસેલિસ અને સ્ફેનિસ્કસ જેવી પ્રજાતિ જોવા મળી રહી છે. સમગ્ર વિશ્વભરમાં એક જ પીળા કલરનું પેંગ્વિન જોવા મળેલ હતું, તેનો વિડીયો ખુબ જ વાયરલ થયેલો. મોટા પેંગ્વિન ઠંડા પ્રદેશોમાં વધુ જોવા મળે છે. એટાર્કટિકા ના અમુક ક્ષેત્રો પણ જોવા મળે છે. ૧૬ મી સદીમાં પ્રથમવાર પેંગ્વિન શબ્દ ઉચ્ચારણ થયેલું. પેંગ્વિનના પૂર્વજોની એક નસલ તો ૧૯ મી સદીના મધ્યમાં લુપ્ત થઇ ગઇ હતી. હાલ વિશ્વમાં જીવિત ઘણી પ્રજાતિઓ પણ લુપ્ત થવાના આરે છે.

હાલની ૧૭ થી ૨૦ પ્રજાતિ પૈકી ૧૯૬૨, ૨૦૦૪ અને ૨૦૦૬ માં તેની ગણના, બીજી અન્ય વાતો પક્ષી શાસ્ત્રીઓએ અપડેટ કરી હતી. પાણીમાં શિકારથી બચવા કલાકે ૩૬ કી.મી.ની સ્પીડે ભાગે છે. તે ભોજનની શોધમાં પાણી અંદર ૧૮૦૦ ફુટ નીચે સુધી જાય છે. બરફ પર તે પોતે ખુબ હલે છે, અને ઘંટી જેવા અવાજ કરે છે, આને ટોબોગનિંગ કહેવાય છે, આ તે ઉર્જા મેળવવા માટે કરે છે. તે ઝડપથી દોડવાની ટ્રાયમાં બન્ને પગ એક સાથે રાખીને કુદે છે. જુદા જુદા સમુહોમાં રહેતા એકબીજાને શોધીને સમુહમાં પરિવાર સાથે રહે છે. એન્ટાર્કટિકાની ઠંડીથી બચવા માદા ભોજન માટે દરીયામાં માછલી પકડવા જાય છે, જયારે નર પોતે આ વાતાવરણનો મુકાબલો ઉભા ઉભા જ કરી લે છે.





તે ખારૂ પાણી પી શકે છે કારણ કે, તેની સુપ્રાબિટલ ગ્રંથિ રકત પ્રવાહમાંથી નમક ને છુટ્ટુ પાટી દે છે. અમુક કાળી પાંખને બદલે ભૂરી પાંખ વાળા બચ્ચા જન્મે છે. અંગોલા, એન્ટાર્કટિકા , આર્જેટીના, ઓસ્ટ્રેલીયા, ચિલી, નામીબિયા, ન્યુઝિલેન્ડ અને દક્ષિણ આફ્રિકામાં પેંગ્વિન વધુ જોવા મળે છે. ફ્રાંસના અમુક વિસ્તારમાં પહેલા ૨૦ લાખ પેંગ્વિન હતા, જે આજે માત્ર બે લાખ જ બચ્યા છે. પ્રજનનની મૌસમમાં તે એક જોડ બનાવીને માદા બે ઈંડા આપે છે. જયારે શિકારી બચ્ચા લેવા આવે ત્યારે બધી માદા પેંગ્વિન ભેગી થઇને સમુહ બતાવે જેને 'ક્રેચ' કહેવાય છે.

પેંગ્વિનને મનુષ્યથી વિશેષ ડર લાગતો નથી. ગરમીની સિઝનમાં માણસના ટોળા પાસે કે નજીક પણ આવી જાય છે. તે ખુબ જ શાંત પ્રકૃતિવાળું અને ઈમાનદાર પક્ષી છે. પેંગ્વિનને ઘણા પુસ્તકો અને ટીવી ફિલ્મોમાં પણ સ્થાન મળ્યું છે. જાણીતા કાર્ટુનિષ્ટ સ્ટીવ બેલ તેના કાર્ટુનમાં નિયમિત રીતે પેંગ્વિનને ચિત્રિત કરતા હતા. ૨૦૦૦ ના દશકામાં જાનવરોની બધાથી વધુ પ્રચારીત પ્રજાતિમાં પેંગ્વિનનું નામ હતું. મોટાભાગની પેંગ્વિન પ્રજાતિઓ અંટાર્કટીકા મહાદ્વિપની આજુબાજુ વસવાટ કરે છે.

### વિશ્વમાં સૌથી વધુ શ્વાસ રોકી રાખવાની ક્ષમતા

તે એક જળીય પક્ષી છે, વિશેષ રૂપે એન્ટાર્કટિકામાં વધુ જોવા મળે છે. પેંગ્વિન ઠંડા પાણીમાં રહેતું શાંત પ્રાણી છે અને દરિયાની અંદર ૯૦૦ ફુટની ઊંડાઇએ સરળતાથી તરી શકે છે. નવાઇની વાત એ છે કે તે કયારેય પાછળની સાઇડ તરી શકતું નથી. અન્ય પ્રાણી કરતાં તેનું આયુષ્ય સારૂ હોવાથી તે ૧૫ થી ૨૦ વર્ષ જીવી શકે છે. ખુબ જ શરમાળ અને મિત્રતાના ભાવવાળા હોવાથી તે ઠંડીથી બચવા ખંભા સાથે ખંભો મેળવીને સમુહમાં ચાલે છે. તે પાણીની બહાર ૬ ફુટ સુધી જંપ કરી શકે છે.

જેટું પ્રજાતિના પેંગ્વિન માદાને લવ પ્રપોઝ કરવા પથ્થર આપે છે, અને આ બાબતે નર પેંગ્વિન વચ્ચે ઘણીવાર ફાઇટીંગ પણ થાય છે. જો માદા પથ્થર લઇને પોતાના માળામાં મુકે તો પ્રપોઝલ એકસેપ્ટ કરી લીધી ગણા છે. તેનામાં તરવાની આવડત જોરદાર હોય છે. તેની છ પ્રજાતિ અને ૧૮ પેટા જાતિ હોય છે જેમાં એમ્પરર પેંગ્વિન સૌથી મોટું હોય છે. તેનો પ્રિય ખોરાક માછલી છે. વિશ્વમાં તે એક માત્ર શ્વાસને સૌથી વધુ રોકી રાખવાની ક્ષમતા ધરાવે છે.

**સતત ઠંડા પ્રદેશમાં રહેવાનું હોવાથી કુદરતે ૨ થી ૩ સે.મી. ચરબીનું સ્તર, તેની ઉપર પાણી પ્રવાહના ત્રણ સ્તરો અને એકબીજાથી નજીક ટુંકા પિંછા સમગ્ર શરીરને વાતાવરણ અનુરૂપ ઢાળે છે: પાણીમાં ખુબ જ ઝડપથી ઊંડે સુધી તરી શકે છે: અન્ય પક્ષી કરતા પેગ્વિંનની શરીર રચના અલગ પડે છે**

# ગુજરાતમાં ઓરીના કેસોમાં જબરદસ્ત ઘટાડો નોંધાયો

## મિઝલ્સ અને રૂબેલા નાબુદી અભિયાનનો કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે. પી. નડ્ડા દ્વારા શુભારંભ

અબતક, રાજકોટ

'મિઝલ્સ અને રૂબેલા નાબુદી અભિયાન ૨૦૨૫-૨૬' અંતર્ગત નાગરિકોમાં જાગૃતિ માટે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે. પી. નડ્ડાજી દ્વારા રાષ્ટ્રવ્યાપી અભિયાનનો નવી દિલ્હીથી શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે 'ઓરી અને રૂબેલા નાબૂદી અભિયાન સંબંધિત જાગૃતિ માટે પુસ્તિકા જેવી કે પત્રિકા, પોસ્ટર વગેરેનું પણ મંત્રી જે. પી. નડ્ડાજી દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. આ અભિયાનના શુભારંભમાં ગુજરાતના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા હતા.

સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત ઓરી/રૂબેલાની વેક્સીનનો પ્રથમ ડોઝ બાળકને ૯-૧૨ મહિને તેમજ બીજો ડોઝ ૧૬-૨૪ મહિનાની ઉંમરે આપવામાં આવે છે. આ રીતે ઓરી/રૂબેલાની વેક્સીનના કુલ બે ડોઝ આપીને બાળકને રક્ષિત કરવામાં આવે છે.

રાજ્યમાં ઓરીનું નિવારણ લાવવાના હેતુસર ભારત સરકારની ગાઈડલાઈન મુજબ વર્ષ ૨૦૧૮માં જુલાઈ થી નવેમ્બર માસ દરમ્યાન મિસલ્સ રૂબેલા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં ૯ મહિનાથી ૧૫ વર્ષ સુધીના કુલ ૧.૪૫ કરોડથી વધુ બાળકોને મિસલ્સ રૂબેલાની રસી આપીને રક્ષિત કરવામાં આવ્યા હતા. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬ સુધીમાં સમગ્ર દેશને ઓરી/રૂબેલા મુકત કરવાનું નકકી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગુજરાતમાં વર્ષ ૨૦૨૩માં ઓરીના લગભગ ૪,૦૦૦ કેસ નોંધાયા હતા, જેની સામે વર્ષ ૨૦૨૪માં આ કેસ ઘટીને માત્ર ૪૭૧ નોંધાયા છે, જે ઓરીના કેસમાં નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે. મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને મળેલી સ્ટેટ સ્ટીયરીગ કમિટીની બેઠકમાં કલેકટરો, મ્યુનિસિપલ કમિશનરો, જિલ્લા વિકાસ અધિકારીઓ અને અન્ય વિભાગના અધિકારીઓએ મિસલ્સ રૂબેલા નાબુદી માટે રણનિતી તૈયાર કરેલ હતી અને તે મુજબ અમલવારી કરવા માટે સુચનાઓ આપવામાં આવી હતી.

મિસલ્સ રૂબેલા બાબતે નિયમિત રીતે જિલ્લા /કોર્પોરેશન દ્વારા સર્વેલન્સ કામગીરી કરવામાં આવી રહી છે તે સઘન કરવામાં આવશે અને તમામ કક્ષાએ ઘનિષ્ટ સુપરવિઝન અને મોનીટરીંગ કરવામાં આવશે અને દર સોમવારે વિડીઓ કોન્ફ્રન્સીંગ થકી રીવ્યુ કરવામાં આવશે. વેકસીનથી રહી ગયેલ/છુટી ગયેલ બાળકો માટે આગામી ઓગસ્ટ/સપ્ટેમ્બર/ઓકટોબરમાં સઘન મિશન ઈન્દ્રધનુષ યોજવામાં આવશે અને પાંચ વર્ષની વયના તમામ બાકી રહી ગયેલ બાળકોનું મિઝલ્સ અને ઓરીનું રસીકરણ કરવામાં આવશે. વર્ષમાં ચાર સ્પેશ્યલ ઈમ્યુનાઈઝેશન વીક યોજવામાં આવશે. તા. ૧૬ થી ૨૨ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન આ એક વિશેષ ઝુંબેશના ભાગરૂપે કુલ ૨૫,૭૩૬ બાળકોને રસી આપવામાં આવી છે.

ઓરી-રૂબેલા ડ્રાઈવ: તા. ૧૫ અને ૧૬ માર્ચ ૨૦૨૫ દરમિયાન આ એક વિશેષ ઝુંબેશના ભાગરૂપે કુલ ૨૯,૨૩૮ બાળકોને રસી અપાઈ છે. આ ઉપરાંત તા.૨૪ એપ્રિલ થી ૩૦ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન વિશ્વ રસીકરણ સપ્તાહ, તા. ૨૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ ચોથા ગુરુવારે ખિલખિલાટ રસીકરણ, તા. ૨૬ એપ્રિલે ૨૦૨૫ ઓરી અને રૂબેલા રસીકરણ અને તા. ૩૦ એપ્રિલ ૨૦૨૫ના રોજ પાંચમો બુધવાર મમતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

# નરારા પોર્ટ પાસે ઈંધણ પાઈપલાઈનમાં આગ-વિસ્ફોટ: સદ્નસીબે જાનહાની ટળી

## જિલ્લા વહીવટી તંત્ર અને નયારા એનર્જીના સંયુકત ઉપક્રમે દુર્ઘટનામાં સતર્કતા માટે મોકડ્રીલ યોજી



અબતક
મહેન્દ્ર કકકડ, દ્વારકા

દ્વારકા નરારા પોર્ટ પાસે ઈંધણ પાઈપલાઈનમાં આગ અને વિસ્ફોટ થવાની દુર્ઘટનામાં બચાવ કામગીરી અંગેની સતર્કતા ચકાસણી કરવા દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર અને નયારા એનર્જીના સંયુકત ઉપક્રમે મોકડ્રીલ યોજવામાં આવી હતી જેમાં સુરક્ષા વ્યવસ્થા સાથે સંકળાયેલા સમગ્ર તંત્રની સતર્કતાની પણ ચકાસણી કરવામાં આવી હતી. જે અંતર્ગત પાઈપલાઈનમાં સમારકામ દરમ્યાન વિસ્ફોટમાં ત્રણ કર્મચારીઓને ઈજા થયાની ઘટનાને આકાર આપવામાં આવેલ. જેમાં કંપનીના વિવિધ વિભાગના ઓબ્ઝર્વરોએ મોકડ્રીલ કામગીરીની નોંધ લઈ સૌને અવગત કરાયા હતા. અને ભવિષ્યમાં આવી દુર્ઘટના સર્જાયે સાવચેતી માટે સૌકોઈએ સાથે મળી કઈ રીતે શ્રેષ્ઠ બચાવ કામગીરી કરી શકાય તેની માહિતીની આપ-લે કરી હતી. મોકડ્રીલમાં નયારા એનર્જીના રીફાઈનરી હેડ અમર કુમાર, કેપ્ટલ આલોક કુમાર સહિતના ઉચ્ચ અધિકારીઓ તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓએ મોકડ્રીલનું નિરીક્ષણ કર્યુ હતું.

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૬.૪.૨૦૨૫, શનિવાર, સંવંત ૨૦૮૧, ચૈત્ર વદ તેરસ, ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર, વિષ્કુમ્ભ યોગ, વિષ્ટિ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ મીન (દ,ચ,ઝ,થ) રહેશે**

**મેષ** (અ,લ,ઈ) : વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સ્ત્રીવર્ગએ સમજીને ચાલવું પડે, નિર્ણયમાં ઉતાવળ ના કરવી.

**વૃષભ** (બ,વ,ઉ) : આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**મિથુન** (ક,છ,ઘ) : વેપારીવર્ગને ખરીદ વેચાણમાં લાભ આપતો દિવસ, નોકરિયાતવર્ગને પણ સારું રહે, આગળ વધી શકો.

**કર્ક** (ડ,હ) : આધ્યત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, ઘણા રહસ્યો પ્રાપ્ત કરી શકો, શુભ દિન.

**સિંહ** (મ,ટ) : માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, મૂડ વારંવાર બદલાતો જોવા મળે, મધ્યમ દિવસ.

**કન્યા** (પ,ઠ,ણ) : મિત્રો સાથે બગડેલા સંબંધ સુધારી શકો, યાત્રા પ્રવાસનું આયોજન કરી શકો, દિવસ આનંદદાયક રહે.

**તુલા** (ર,ત) : ઘણી નવી પરિસ્થિતિમાંથી પસાર થવાનું આવશે, નવા વાતાવરણને સમજી એ મુજબ ચાલી શકો, દિવસ એકંદરે સારો.

**વૃશ્ચિક** (ન,ય) : વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સમય સારો રહે, કામગીરી આગળ વધે, પેપરવર્ક કરી શકો.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, કામકાજમાં પ્રગતિ થાય, આપેલ વાયદા પુરા કરી શકો.

**મકર** (ખ,જ) : તમારી અંદરની પ્રતિભા બહાર લાવી શકો, ખુદ માટે સમય પણ ફાળવી શકો, કાર્યમાં સફળતા મળે.

**કુંભ** (ગ,સ,શ) : પરિવાર માં સુખ શાંતિ રહે, વ્યકિતગત રીતે કેટલાક પ્રશ્નો મુન્જાવતા જણાય ,ઊંઘ આવવામાં પ્રશ્નો થતા લાગે.

**મીન** (દ,ચ,ઝ,થ) : ઘણા લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હો તેવી ઘટના બને, સામાજિક રીતે તમારી સ્વીકૃતિ વધે, શુભ દિન.

## અસલી જંગને પણ આંટી મારે તેવી ટ્રેડ વોર અને સાયબર વોર નવા યુગમાં જોઈ શકાશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

અગાઉ અત્રે લખ્યા મુજબ શનિ રાહુ શ્રાપિતયોગ ચાલી રહ્યો છે ત્યારે જ રાહુની દ્રષ્ટિ નીચસ્થ મંગળ પર પડી રહી છે જે પરિસ્થિતિને વધુ ભયાનક બનાવે છે અને અત્રે લખ્યા મુજબ પાકિસ્તાનને અષ્ટમેશ મંગળની દશા શરુ થવાની છે જે તેને વેરવિખેર કરવા માટે કાફી છે અને તે તરફ સંજોગો જતા જાય છે અને બહુ જલ્દી આંતરવિગ્રહ અને ભારતના બહોળા આક્રોશનો સામનો તને કરવો પડશે અને આજ સુધી ના જોયા હોય તેવા સંજોગો ઉભા થશે વળી અગાઉ લખ્યા મુજબ જળતત્વમાં શનિ રાહુ જળતત્વની બાબતો ઉજાગર કરે છે તે અન્વયે ભારતે સિંધુ જળ કરાર રદ્દ કર્યો છે જે સમયોચિત પણ છે વળી આગામી સમયમાં પણ જલતત્વ એટલેકે મોટા ડેમ,નદીઓ અને સમુદ્રમાં હલચલ વધવાની છે વળી મોટા ડેમ પર વધુ સાવચેતીની જરૂર રહેશે તો પાકિસ્તાન જે ધમકી વારંવાર આપે છે તે તેમના પરમાણુ કેન્દ્ર પણ ભયસ્થાનમાં રહેશે અને તેને લગતી ઘટનાઓ પણ સામે આવશે આ બધા વચ્ચે મહત્વની વાત ગ્રહોમાં એવી છે કે ચીનનો સહારો લઈને પાકિસ્તાન સાયબર એટેક કરવા અને આપણી અર્થવ્યવસ્થા અને અન્ય ગુપ્ત એજન્સીઓની વ્યવસ્થાઓ તોડવા અને આપણી ગુપ્ત માહિતી લેવા માટે પ્રયત્ન કરશે જેમાં ડેટા અને અન્ય સેન્સેટિવે બાબતોની કાળજી લેવી જરૂરી બનશે વળી કેટલીક એજન્સીઓ ભારત વિરુદ્ધ નેટ પર પ્રોપેગન્ડા કરતી જોવા મળશે જે વિશ્વની આંખમાં ધૂળ ઝોકવા માટે હશે આ બાબતે આપણે વિશેષ તકેદારી રાખવી પડશે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૫-૦૪-૨૦૨૫ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (સાહેબ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ચીઝ કોર્ન બંજારા કબાબ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (માઈન્ડફૂલનેસ પર ચર્ચા)
૦૪:૩૦ થી ૦૬:૦૦ ગુજરાતી નાટક (એક મૂરખને એવી ટેવ)
૦૬:૦૦ થી ૦૧:૦૦ ક્રિકેટ ટુર્નામિન્ટ વોયસ ઓફ લોર્યસ

**તારીખ ૨૬-૦૪-૨૦૨૫ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૬-૪-૨૦૨૫ શનીવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ |
| તિથી | ચૈત્ર વદ તેરશ ચોદશનો ક્ષય |
| નક્ષત્ર | ઉતરાભાદ્રપદ |
| યોગ | વૈધૃતિ **કરણ:** વિષ્ટિ |
| સુર્યોદય | ૬.૨૦ **સુર્યાસ્ત:** ૭.૧૧ |
| ચંદ્ર રાશી | મીન શનીવારે રાત્રે ૩.૩૯થી મેષ |
| રાશિ અક્ષર | દ.ચ.ઝ.થ/અ.લ.ઈ |
| દિશાશૂળ | પૂર્વ દિશા તરફ |
| રાહુકાળ | બપોરે ૧.૩૦થી ૩ |
| દિવસનાચોઘડીયા | કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ |
| રાત્રીનાચોઘડીયા | લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૧ થી ૧.૧૨ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૩૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૯ | ૫ | | | | |
| | | ૪ | ૭ | | | | ૫ | ૩ |
| ૬ | ૮ | | | ૩ | ૨ | | | |
| ૩ | | ૨ | | ૪ | | ૯ | | |
| | ૧ | | | ૯ | | | | |
| ૭ | ૫ | | ૨ | | ૮ | | | |
| | | ૩ | ૧ | | | ૮ | ૯ | ૭ |
| | ૪ | | | ૭ | | | | ૨ |
| | ૭ | ૬ | | ૨ | | ૧ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૩૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૩ | ૬ | ૭ | ૫ | ૨ | ૧ | ૪ |
| ૬ | ૪ | ૧ | ૯ | ૨ | ૩ | ૭ | ૮ | ૫ |
| ૫ | ૭ | ૨ | ૧ | ૮ | ૪ | ૯ | ૬ | ૩ |
| ૩ | ૮ | ૯ | ૨ | ૪ | ૧ | ૫ | ૭ | ૬ |
| ૪ | ૨ | ૭ | ૫ | ૬ | ૮ | ૩ | ૯ | ૧ |
| ૧ | ૬ | ૫ | ૩ | ૯ | ૭ | ૮ | ૪ | ૨ |
| ૭ | ૩ | ૮ | ૪ | ૫ | ૬ | ૧ | ૨ | ૯ |
| ૯ | ૧ | ૪ | ૭ | ૩ | ૨ | ૬ | ૫ | ૮ |
| ૨ | ૫ | ૬ | ૮ | ૧ | ૯ | ૪ | ૩ | ૭ |

# ડીઆઇ પાઇપલાઇન નાંખવા ખોદાયેલા ૬ વોર્ડના રસ્તાઓ રૂ.૩૧ કરોડના ખર્ચે ડામરથી મઢાશે

## સેન્ટ્રલ ઝોન હેઠળ આવતા વોર્ડ નં.૨, ૩, ૭, ૧૩, ૧૪ અને ૧૭ના રસ્તાઓ પર ડામર રિ-કાર્પેટનું કામ ટૂંક સમયમાં શરૂ કરાશે: સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં તમામ ૩૨ દરખાસ્તોને બહાલી: રૂ.૧૧૭ કરોડના વિકાસ કામો મંજૂર કરાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં આજે બપોરે ચેરમેન જયમીનભાઇ ઠાકરના અધ્યક્ષસ્થાને મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં તમામ ૩૨ દરખાસ્તોને બહાલી આપી રૂ.૧૧૭.૨૯ કરોડના વિકાસ કામોને મંજૂરીની મહોર મારવામાં આવી હતી. શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ અલગ-અલગ ૬ વોર્ડમાં ડીઆઇ પાઇપલાઇન નાંખવા માટે આડેધડ ખોદી નાંખવામાં આવેલા રસ્તાઓને ફરી ડામરથી મઢવા માટે રૂ.૩૧.૩૧ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. ચોમાસા પૂર્વે રસ્તા રિપેરીંગની મોટાભાગની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે. ભાજપના કોર્પોરેટરોની સંકલન બેઠક અને સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પૂર્વે પહેલગામ આતંકી હુમલામાં મોતને ભેટેલા હતભાગીઓ અને સિટી બસ અકસ્માતમાં ભોગ બનેલા મૃત્તકોને શ્રધ્ધાજંલી અર્પણ કરવામાં આવી હતી.

આ અંગે વધુ માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઇ ઠાકરે જણાવ્યું હતું કે આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં તમામ ૩૨ દરખાસ્તોને મંજૂરીની મહોર મારવામાં આવી છે. લીગલ શાખામાં ત્રણ લીગલ ઇન્ટર્નની ઇન્ટર્નશીપ આધારિત ત્રણ જગ્યાઓ ઉપસ્થિત કરવાની દરખાસ્ત અગાઉ અભ્યાસ માટે પેન્ડિંગ રાખવામાં આવી હતી. જેને આજે બહાલી આપવામાં આવી છે. જેના માટે રૂ.૩૬ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૨, ૩, ૭, ૧૩, ૧૪ અને ૧૭ના અલગ-અલગ વિસ્તારોમાં પાણી વિતરણ માટે ડીઆઇ પાઇપલાઇન નેટવર્ક બિછાવવાની કામગીરી સબબ રસ્તાઓ પર ખોદકામ કરવામાં આવ્યું હતું. આ ૬ વોર્ડના રસ્તાઓ ફરી ડામરથી મઢી દેવા માટે કેન્દ્ર સરકાર, રાજય સરકારની ગ્રાન્ટ અને કોર્પોરેશનની બજેટ જોગવાઇ અનુસાર રૂ.૨૭.૯૯ કરોડનું એસ્ટીમેન્ટ મંજૂર કરવામાં આવ્યું હતું. જેના ટેન્ડરમાં બે એજન્સીએ ઓફર આપી હતી. ક્લાસિક નેટવર્ક પ્રાઇવેટ લીમીટેડ દ્વારા આ કામ ૧૧.૮૮ ટકા વધુ સાથે જીએસટી સહિત રૂ.૩૧.૩૧ કરોડમાં કરવાની બીડ આવી હતી. જેને મંજૂર કરવામાં આવ્યું છે. ટુંક સમયમાં આ ૬ વોર્ડમાં ડામરના કામો શરૂ કરી દેવામાં આવશે.

તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે રાજકોટ મહાનગરપાલિકામાં ભળેલા માધાપર વિસ્તારમાં ડીઆઇ પાઇપલાઇન નાંખવા, હાઉસ કનેક્શન ચેમ્બર બનાવવા, રોડ રિસ્ટોરેશનના કામો માટે રૂ.૫.૧૬ કરોડનો ખર્ચ મંજૂર કરાયો છે. વોર્ડ નં.૩માં કુલ ૧૪.૩૩ કરોડના કામ મંજૂર કરવામાં આવ્યા છે. શહેરના વોર્ડ નં.૭માં સર્વેશ્વર ચોકથી યાજ્ઞિક રોડને જોડતા વોંકળાના કામમાં વધારાના કામ માટે રૂ.૧.૮૩ કરોડનો ખર્ચ મંજૂર કરવાની દરખાસ્ત અગાઉ પેન્ડિંગ રાખી બીજી વખત શોર્ટટર્મ ટેન્ડરની તાકિદ કરવામાં આવી હતી. જેમાં રૂ.૬ લાખનો ફાયદો થયો છે. વધારાના કામ માટે ૧.૭૭ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. પ્રદ્યુમન પાર્ક પાસે બની રહેલા લાયન સફારી પાર્કમાં પાણીનો ટાંકો બનાવવા રૂ.૭૫.૪૯ લાખનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. જયારે વોર્ડ નં.૧૮માં સાઉથ ઝોન કચેરી બનાવવા માટે ૩૨.૫૪ કરોડ અને વોર્ડ નં.૧૭માં પારડી રોડ પર સ્પોર્ટ્સ સંકુલ બનાવવા માટે રૂ.૨૬.૭૨ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પૂર્વે મળેલી ભાજપના કોર્પોરેટરોની સંકલન બેઠકમાં આતંકી હુમલામાં મોતને ભેટેલા સદ્ગતોને જ્યારે સિટી બસ અકસ્માતમાં મોતને ભેટેલા હતભાગીઓને શ્રધ્ધાજંલી આપવામાં આવી હતી. તમામ દરખાસ્તોને બહાલી આપવામાં આવી છે.








## કોર્પોરેશન દ્વારા ગુજરાત સ્થાપના દિનની ઉજવણી નહીં કરાય

### જુના ગીતોનો કાર્યક્રમ રદ્: કચેરીઓમાં રોશની પણ નહિં થાય



તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા હુમલામાં ૨૮ નિર્દોષ નાગરિકના મોત નિપજ્યા છે. જેના કારણે દેશભરમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ ઘટનાને ધ્યાનમાં રાખી કોર્પોરેશન દ્વારા આગામી ૧લી મેના રોજ ગુજરાત રાજ્યના સ્થાપના દિનની ઉજવણી નહિં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યો છે. સ્થાપના દિને દર વર્ષે જુના ગીતોનો કાર્યક્રમ યોજાય છે. આ વખતે સુદેશ ભોંસલેના જુના ગીતનો કાર્યક્રમ યોજાવાનો હતો. જે આતંકી હુમલાના શોકમાં મોકૂફ રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત દર વર્ષે રાજ્યના સ્થાપના દિને કોર્પોરેશનની અલગ-અલગ ઝોન કચેરીઓ ખાતે રોશની કરવામાં આવે છે. જે પણ આ વખતે કરવામાં આવશે નહિં.

## અધિકારીઓ કોર્પોરેટરોને ગાંઠતા ન હોવાના સૂર ફરી સંકલન બેઠકમાં ઉઠ્યાં

### ડામરના કોન્ટ્રાકટમાં ૧૮ માસની અવધિ આપવા સામે પણ નેહલ શુક્લએ પ્રશ્ન ઉઠાવ્યો

કોર્પોરેશનના અમુક કર્મચારીઓ અને અધિકારીઓ ચુંટાયેલા જનપ્રતિનિધિઓ એટલે કે કોર્પોરેટરોને ગાંઠતા ન હોવાનો સૂર ફરી એકવાર આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પૂર્વે મળેલી ભાજપના કોર્પોરેટરોની સંકલન બેઠકમાં ઉઠ્યો હતો. દરમિયાન શહેર ભાજપ પ્રમુખ માધવ દવેએ એવી તાકીદ કરી હતી કે પદાધિકારીઓએ અધિકારીઓ સાથે સંકલન સાધી ચુંટાયેલા કોર્પોરેટરોના પ્રજાલક્ષી કામોનો ઝડપથી નિવેડો આવે તેવું કરવું જોઇએ. કેટલાક નગરસેવકોએ એવી વાત પણ કરી હતી કે જે કોર્પોરેટરો શક્તિશાળી છે. તેઓના કામ સરળતાથી પતી જાય છે જ્યારે બીજા કોર્પોરેટરોએ ધક્કા ખાવા પડે છે.

## ભાજપના કોર્પોરેટરોની સંકલન બેઠક અને સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પૂર્વે પહેલગામ આતંકી હુમલામાં મોતને ભેટેલા હતભાગીઓ અને સિટી બસ અકસ્માતમાં ભોગ બનેલા મૃત્તકોને શ્રધ્ધાજંલી અર્પણ કરાય





**વિશેષ નોંધઃ**
(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

**લવાજમ ભરવાનું સ્થળઃ અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.**

**આજે જ સંપર્ક કરો : MO:- +૯૧ ૭૦૪૮૧ ૩૦૦૦૧, ૦૨૮૧- ૨૪૬૧૨૩૪**

### ગોંડલ સંપ્રદાયના રાજેશમૂનિ મ.સા.ની નિશ્રામાં

# દીક્ષાર્થી ડિમ્પલબેન વિરાણી દીક્ષા અંગીકાર કરી ચાલશે પ્રભુવીરના માર્ગ

## દીક્ષાર્થી ડિમ્પલબેન વિરાણીનું વિવિધ સંઘો દ્વારા બહુમાન

**અબતક, રાજકોટ**

શાસનપતિ અનંત-અનંત ઉપકારી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની અનંતી કૃપા થકી તેમજ ગોંડલ સંપ્રદાયના બહુશ્રુત આચાર્ય ભગવંત સ્વ. જશાજી સ્વામીના પાટાનુપાટ સ્વ. પૂજ્ય સ્થવિર ગુરુભગવંત કરી પ્રેમચંદજી મહારાજ સાહેબના શિષ્યરત્ન આગમ અર્કદર્શક ચારિત્રનિષ્ઠ પ્રાતઃ સ્મરણીય પરમ પૂરુષ ગુરુભગવંત બીરા. રાજેશમુનિજી મહારાજસાહેબના શુભ સાંનિધ્યમાં મુંબઇ નિવાસી દીક્ષાર્થીકુમારી ડિમ્પલબેન નવીનભાઈ વિરાણી જૈન ભાગવતી દીક્ષા ગ્રહણ કરવા ઉદ્યમવંત થયા છે. આ જૈન ભાગવતી દીક્ષા તા. ૩ મે, ૨૦૨૫, શનિવારે સવારે ૬.૧૫ થી ૮.૫૫ કલાકે ડુંગરગુરુરાજ પ્રવજ્યા પટાંગણ, વિરાણી હાઈસ્કૂલ, રાજકોટ નિર્ધારિત થયેલ છે.



ડિમ્પલબેનનું સુમતિનાથ સંઘ શીતલનાથ સંઘ અને પાર્શ્વનાથ સંઘ-વિશાલ પ્રભ ધર્મસ્થાનકના પદાધિકારીઓ, શાસન સેવકો તથા શ્રાવક-શ્રાવિકાઓએ ભાવભકિતથી બહુમાન-સન્માન કર્યું. આ પ્રસંગે ડિમ્પલબેને પોતાના ભાવો વ્યક્ત કરતાં જણાવ્યું કે, નાની ઉંમરથી વૈરાગ્યના ભાવ હતા. સન ૨૦૨૩માં ગુરુભગવંત રાજેશમુનિજી મહારાજસાહેબના સાંનિધ્ય અને હિતશિક્ષાથી ઘણી વૈરાગ્યવર્ધક સમજણ પ્રગટી અને વૈરાગ્ય ભાવના દ્રઢ થઈ. આજની દુનિયા સ્માર્ટ સાધનોવાળી અને સ્માટ વર્કની છે. આજના જમાનામાં ગરમ પાણીમાં પાઉચ નાખો તો જમવાનું તૈયાર, કોઈપણ વસ્તુ જોઈતી હોય તો ઓનલાઇન ઓર્ડર, ગુગલમાં સર્ચ કરો તો દુનિયાભરની માહિતી હાજર. બધું સ્માર્ટ થઈ ગયું છે. મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષાએ અહીં ૭૦-૮૦-૯૦ વર્ષના આયુષ્યમાં ૪૦-૫૦ વર્ષ સંયમપર્યાય માંડ મળે. એમ વિચારી સ્માર્ટ વર્ક કરવાનો-દીક્ષા અંગીકાર કરવાનો અને પ્રભુવીરના મોક્ષમાર્ગ પર આગળ ધપવાનો નિર્ણય કર્યો. મારા સંયમ પંથે પુરુષાર્થ પાછળ ગુરુભગવંત તથા આજ્ઞાનુવર્તી સુદીર્ઘ સંયમ સ્થવિરા ગુરુણીભગવંત કુસુમબાઈ સ્વામી તથા એમના સુશિષ્યા ભગવંતોની અનંતી કૃપા તેમજ ઋણ છે.

દીક્ષા મહોત્સવ અને સંયમ અનુષ્ઠાનો અંગેની વિસ્તૃત માહિતી માટે ઋષભદેવ સંઘ કાર્યાલય (૧-તિરૂપતિનગર, નિર્મલા રોડ, રાજકોટ. ફોનઃ (૦૨૮૧) ૨૫૮૧૬૯૫) સંપર્ક કરવા વિનંતી. ઋષભદેવ જૈન સંઘના સર્વે શ્રીસંઘો ઋષભાનન સંઘ, પાર્શ્વનાથ સંઘ, શાંતિનાથ પૌષધશાળા, સુમતિનાથ સંઘ, શીતલનાથ સંઘ, સંભવનાથ સંઘના પદાધિકારીઓ, કાર્યકરોએ ખૂબ-ખૂબ ઉત્સાહપૂર્વક સંયમ અનુષ્ઠોનો તથા દીક્ષા પ્રસંગ માટે વિશિષ્ટ સેવા અને તૈયારી કરી રહેલ છે. ગોંડલ સંપ્રદાય સ્થા. જૈન સિધ્ધાંત સંરક્ષક સમિતિ-રાજકોટના સ્થાપક સભ્યો માર્ગદર્શન આપી દીક્ષા અનુમોદના કરી રહેલ છે. ઉપરોકત યાદી શ્રીસમિતિના સહપ્રમુખ પરેશભાઈ પટેલે જણાવેલ છે.

દીક્ષા મહોત્સવ તથા દરેક અનુષ્ઠાનોમાં સર્વ જિનશાસન પ્રેમીઓએ ઉપસ્થિત રહી દીક્ષાની અનુમોદના કરવા પધારવા સમગ્ર જૈન સમાજને ભાવભર્યું નિમંત્રણ છે.

### જૈન ભાગવતી દીક્ષાના અણમોલ પ્રસંગ

તા. ૨ થી ૬ મે, શિબિર (૭ થી ૪૫ વર્ષના ભાઈઓ-બહેનો માટે) અને બીજી શિબિર- તા. ૨ થી ૨૨ મે, ૨૦૨૫ (૯ થી ૪૫ વર્ષના ભાઈઓ-બહેનો માટે) ગુરુભગવંત રાજેશમનિજી મહારાજસાહેબ અને આજ્ઞાનુવર્તી ગુરુણીભગવંતની શુભ નિશ્રામાં ઋષભદેવ સંઘ, ૧-તિરૂપતિનગર, નિર્મલા રોડ, રાજકોટ ખાતે યોજેલ છે. શિબિરમાં રહેવા-જમવાની સુચારું વ્યવસ્થા છે. દીક્ષા સાથે શિબિર બંનેનો એક સાથે લાભ લેવા સર્વે ભાવિકોને વિનંતી. અન્ય અનુષ્ઠાનોમાં તા. ૨૯ એપ્રિલ, મંગળવારે પ્રશ્નમંચ (સંયમ અનુલક્ષી પ્રશ્નો); તા. ૩૦ એપ્રિલ, બુધવારે સ્તવનથી કરીએ અનુમોદના (સ્તવન અંતાક્ષરી); તા. ૧ મે, ગુરુવારે વકતૃત્વ સ્પર્ધા (વિષયઃ સંયમ); તા. ૨ મે, શુક્રવારે સમસ્ત રાજકોટના બહેનો અને શ્રાવિકા મંડળના બહેનોની સમૂહ સાંજી; આ ચારેય સંયમ અનુષ્ઠાનો ઋષભદેવ સંઘના આંગણે 'શાશ્વત', પારસ હોલ સામે, નિર્મલા રોડ, રાજકોટ ખાતે બપોરે ૪.૦૦ થી ૫.૪૦ કલાકે યોજાશે.

### અનેક સેવા સંસ્થા સાથે જોડાયેલા

# પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હમ સફર અંજલીબેનનો આજે જન્મદિવસ

પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની અને રાજકોટ શહેર ભાજપના મહિલા મોરચાના પ્રભારી અંજલીબેન રૂપાણીનો આજે જન્મદિવસ છે. અંજલીબેન રૂપાણી વિજયભાઈ રૂપાણીની જેમ જ તરણવયથી સંઘ અને વિદ્યાર્થી પરિષદ તેમજ ભારતીય જનતા પાર્ટીના સંસ્કારો ધરાવે છે અને વિજયભાઈના જીવનને અનુલક્ષીને જો જોવામાં આવે તો વિજયભાઈની દરેક સફળતા પાછળ અંજલીબેન રૂપાણીનો ખાસ હાથ છે. અંજલીબેન રૂપાણી પુજીત રૂપાણી ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે ફરજ બજાવી રહ્યા છે. અગાઉ તેઓ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના પ્રચારક તરીકે બે વર્ષ સુધી ફરજ બજાવી ચુકયા છે. બહેનોના સ્વરક્ષણ કેળવવા અને સમાજ સેવાના તેમજ બાળકોના વિકાસ માટે વિવિધ પ્રવૃતિ કરી રહ્યા છે. ઉપરાંત દર મહિને બે મેડીકલ કેમ્પનું પણ નિઃશુલ્ક આયોજક કરે છે.



પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની અંજલીબેન રૂપાણીએ શિક્ષણ ક્ષેત્રે પણ અનેક તેજસ્વી તારલાઓ તૈયાર કર્યા છે. પૂજીત રૂપાણી ટ્રસ્ટના માધ્યમથી શિક્ષણ ક્ષેત્રે સમાજને શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ આપ્યા છે. રાજકીય ક્ષેત્રે કારકિર્દી ઉપરાંત અંજલીબેન રૂપાણીએ શિક્ષણ ક્ષેત્રે પણ અનેકવિધ પ્રયત્નો હાથ ધર્યા છે. પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની જેમ અંજલીબેનનો સ્વભાવ પણ સંવેદનશીલ રહ્યો છે. નાના બાળકો માટે પૂજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા કરાયેલા કાર્યોની ઠેર-ઠેરથી પ્રસંશા થાય છે. અંજલીબેન રૂપાણીએ ગુજરાતભરમાં પૂજીત રૂપાણી ટ્રસ્ટના માધ્યમથી અનેક પૂજીતનું સર્જન કર્યું છે. પુત્ર ગુમાવ્યા બાદ તેમણે રાજ્યમાં અનેક જરૂરીયાતમંદ બાળકોને સારૂ શિક્ષણ આપીને ભવિષ્યમાં વિકાસ સાધી શકે તેવી તક આપી છે. અંજલીબેન રૂપાણીએ કરેલા સેવાકાર્યો ઉપરથી અનેક સંસ્થાઓ પ્રેરણા લઈ રહી છે.આજે તેમના જન્મદિવસ નીમીતે 'અબતક' પરિવાર હાર્દિક શુભકામના પાઠવે છે.

### રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા

# બાળકો માટે ૧ મે થી ૨૭મો નિઃશુલ્ક ક્રિકેટ કોચીંગ કેમ્પ

### ૩૦ એપ્રિલ સુધી ફોર્મ ભરી શકાશે, માધવરાવ સિંધીયા ક્રિકેટ ગ્રાઉન્ડમાં ૪ થી ૧૬ વર્ષના બાળકોને કોચીંગ અપાશે

**અબતક, રાજકોટ**

આજના સમયમાં અભ્યાસ કરતાં બાળકોને જોઇ વાલીઓ ચિંતાતુર રહે છે કે ભણવામાંથી ઉંચા આવે તો કંઇક રમત રમી શકે ? એમાંય પાછું થોડા નવરા પડે એટલે મોબાઈલ તો જોઈએ જ.

દરેક માતા-પિતાની ચિંતાને દૂર કરવા અને દફતર, પુસ્તકો, નોટબુકો, મોબાઈલને છોડી, રમત ક્ષેત્રે કારકિર્દી ઘડવાની સુવર્ણ તક આપવા માટે, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા સતત '૨૭'માં નિઃશુલ્ક ક્રિકેટ કોચીંગ કેમ્પનું આયોજન કરાયેલું છે.

કેમ્પમાં ભાગ લેવા માટેનું પ્રવેશ ફોર્મ વિતરણ અને સંપુર્ણ વિગત ભરીને પરત આપવા માટે, આજ થી ૩૦ એપ્રિલ સુધી સવારે ૧૦ થી ૨ અને ૩ થી ૫ દરમ્યાન બેંકની રાજકોટની તમામ શાખાઓમાં વ્યવસ્થા કરવામાં આવી છે.



ક્રિકેટ કોચીંગ કેમ્પનો પ્રારંભ તા. ૧ મેને ગુરૂવારથી થશે. સમય સવારે ૬.૩૦થી ૮નો છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં આ કેમ્પ દરમ્યાન હજારો ભાવિ ક્રિકેટરોએ તાલીમ મેળવી છે. આ કેમ્પમાં ૪ થી ૧૬ વર્ષના બાળકોને તાલીમ આપવામાં આવશે.

કેમ્પના પ્રોજેક્ટ ચેરમેન દીપકભાઈ મકવાણાએ નિઃશુલ્ક ક્રિકેટ કોચીંગ કેમ્પમાં વધુને વધુ બાળકો જોડાય, તાલીમ લે તેવી અપીલ કરી છે.

કેમ્પના આયોજન માટે દિનેશભાઈ પાઠક (ચેરમેન), જીવણભાઈ પટેલ (વાઈસ ચેરમેન), દીપકભાઈ મકવાણા (પ્રોજેક્ટ ચેરમેન), હંસરાજભાઈ ગજેરા-અશોકભાઈ ગાંધી (પ્રોજેક્ટ ડિરેક્ટર), ડિરેકટરગણમાંથી ચંદ્રેશભાઈ ધોળકીયા, માધવભાઈ દવે, કીર્તિદાબેન જાદવ, હસમુખભાઈ ચંદારાણા, દેવાંગભાઈ માંકડ, ડો. નરસિંહભાઈ મેઘાણી, કલ્પેશભાઈ ગજ્જર, ભૌમિકભાઈ શાહ, વિક્રમસિંહ પરમાર, ચિરાગભાઈ રાજકોટીયા, બ્રિજેશભાઈ મલકાણ, જ્યોતિબેન ભટ્ટ, નવીનભાઈ પટેલ, મંગેશજી જોષી,

(અનુ. આઠમા પાને)

### જો જો હો ચુકી ન જતાં...

# રોકાણ કરવું છે? તો અરિહંત ઈન્વેસ્ટમેન્ટના 'ભરોસો' સેમિનાર થકી મળશે ઉત્તમ સમજણ

### બુધવારે મ્યુચ્યુઅલ ફંડને લગતા તમામ પ્રશ્નોનું સચોટ સમાધાન મળશેઃ મેહુલ રવાણી

**અબતક, રાજકોટ**

'રોકાણ કરવું છે, પણ ક્યારે શરૂ કરવું? ક્યાં રોકાણ કરવું? કોના પર ભરોસો કરવો?' 'શીપ વિશે તો ઘણું સાંભળ્યું છે, પણ સાચું માર્ગદર્શન ક્યાંથી મળે?' આ પ્રશ્નો આજે મોટાભાગના લોકોના મનમાં ઉઠે છે. આ તમામ પ્રશ્નોનો સચોટ ઉત્તર આપવા રાજકોટની વિશ્વસનીય સંસ્થા અરિહંત ઈન્વેસ્ટમેન્ટ તત્પર છે. જે છેલ્લા ૨૫ વર્ષથી, શીપઅને મ્યુચ્યુઅલ ફંડની દુનિયામાં રોકાણકારો માટે એક સચોટ માર્ગદર્શક બની રહી છે. ત્યારે આગામી તા.૩૦મી એપ્રિલના રોજ રાજકોટ ખાતે મેહુલભાઈ રવાણી અને અરિહંત ઈન્વેસ્ટમેન્ટ દ્વારા મ્યુચ્યુઅલ ફંડ વિષયક સેમિનાર અને નાટકનું વિનામૂલ્યે આયોજન કરવામાં આવ્યું છે.જ્યાં સેમિનારમાં આવનાર તમામને એક વિશેષ ભેટ આપવામાં આવશે.તેમજ મહેમાનો ને રાત્રે ૯ વાગ્યાથી પ્રવેશ મળી શકશે. સમગ્ર આયોજન અંગે માહિતી આપતા રાજકોટ-સૌરાષ્ટ્રના જાણીતા બિઝનેસમેન,વકતા, લેખક, ફંડ ડિસ્ટ્રીબ્યુટર, વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર એન્કર, સિંગર, યુવા જૈન અગ્રણી અને અરિહંત ઈન્વેસ્ટમેન્ટના ફાઉન્ડર મેહુલભાઈ મહેન્દ્રભાઈ રવાણીએ જણાવ્યું હતું કે,જીવનમાં દરેકને સુંદર ભવિષ્ય જોઈએ છે - પોતાના ઘરની આશા, સંતાનના ભવિષ્યની ચિંતા, અને નિવૃત્તિ પછીનો શાંતિભર્યો સમય. આ બધું શક્ય છે જો આજથી જ આપણે નાણાંકીય આયોજન શરુ

(અનુ. આઠમા પાને)

SINCE : 2000


અરિહંત ઈન્વેસ્ટમેન્ટ આયોજિત 'ભરોસો' સેમિનાર અબતક પર લાઈવ નિહાળો

અબ તક CHANNEL

| ઈન કેબલ | ડેન નેટવર્ક | રિયલ જીટીપીએલ-સુરત | સહયોગ નેટવર્ક |
|---|---|---|---|
| ૫૬૧ | ૫૭૩ | ૩૫૦ | ૧૦૫ |


YouTube Live
f LIVE
@abtakmedia

અરિહંત ઈન્વેસ્ટમેન્ટ આયોજિત 'ભરોસો' સેમિનાર અબતક પર લાઈવ નિહાળો તા.૩૦/૪/૨૦૨૫ ને બુધવારે રાત્રે ૯:૩૦ કલાકે


# લોકવિજ્ઞાન કેન્દ્રમાં 'કવિતાના ભાવવાહી પઠન'ના વિજેતાઓને ઈનામ વિતરણ

### મહિલા સાયન્સ કલબ અને ધ બધેકા ટ્રસ્ટ ફોર એજ્યુકેશન કલ્ચરના સંયુક્ત ઉપક્રમે ગુજરાત કવિતા પઠનની સ્પર્ધા યોજાઈ





**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત તેમજ સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત તથા ગુજકોસ્ટ પુરસ્કૃત ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટ ખાતે ચાલતા મહિલા સાયન્સ ક્લબ અને ધ બધેકા ટ્રસ્ટ ફોર એજ્યુકેશન કલ્ચરના સંયુક્ત ઉપક્રમે વિજ્ઞાન, કલા અને સાહિત્યના સંગમરુપ આપણી માતૃભાષા ગુજરાતી પ્રત્યે ગૌરવ અને સન્માનની લાગણી દર્શાવવાના ભાગરૂપે સ્વરચિત અથવા જાણીતા કવિઓની ગુજરાતી કવિતાઓના ભાવવોહી પઠનની સ્પર્ધાનું આયોજન

(અનુ. આઠમા પાને)

# સ્કાઉટ પ્રવૃતિ થકી છાત્રોની શારીરિક - માનસિક દ્રઢતાનું પોષણ થશેઃ આચાર્ય કિશોર દવે

### સ્વામીનારાયણ ગુરૂકુળ દ્વારા શાળામાં સ્કાઉટ પ્રવૃતિનો પ્રારંભ



**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટ ખાતે ૧૯૬૦ માં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાનો પ્રારંભ થયો ત્યારથી વિવિધ વિષયોના શિક્ષણમાં ઉત્તમ પરિણામની સાથે સાથે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓના માધ્યમથી વિદ્યાથીઓનો સર્વાંગીણ વિકાસ થઈ રહ્યો છે અને તે પણ માત્ર દૈનિક રૂ. ૧ જેવા નજીવા લવાજમ (વિદ્યાલય+ છાત્રાલય+ ભોજનાલય) માં જ. ગુરુ મહારાજ દેવ કૃષ્ણદાસજી સ્વામી તથા મહંત સ્વામીની પ્રેરણા અને પૂજ્ય જનમંગલ દાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ વિદ્યાથીઓ વિવિધ ક્ષેત્રે પોતાનું નામ રોશન કરી રહ્યા છે ત્યારે અહીં ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓમાં વધુ એક પ્રવૃત્તિ સ્કાઉટ નો પ્રારંભ તાજેતરમાં જ દીક્ષા સમારોહ થી કરવામાં આવ્યો.

આ દીક્ષા સમારોહમાં રાજકોટ શહેર સ્કાઉટ ચીફ કમિશનર સિદ્ધપરા, જિલ્લા કમિશનર તેજલબેન મહેતા રીટા.ટીચર અને સક્રિય સ્કાઉટ ગાઈડ કાર્યકર્તા એવા હીનાબેન જાની, મહેશભાઈ વાડદોરીયાએ દીક્ષા વિધિ કરી હતી. આ તકે પૂજ્ય જનમંગલ સ્વામી, સિદ્ધપરા, તેજલબેન મહેતા આચાર્ય દવે વગેરે એ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા .અને શાળામાં આ પ્રવૃત્તિ શરૂ કરવામાં રસ દાખવનાર શિક્ષક એવમ સ્કાઉટ માસ્ટર નિલેશભાઈ નીમબાર્કને ઉપસ્થિત સૌ મહાનુભાવો એ સન્માનિત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

# રસપ્રદ ગતિવિધીઓથી ધબકતી ''કિચ સ્કુલ ઓફ ડિઝાઈન'' સ્કુલમાં સ્થાપના દિનની ઉજવણી

### વીવીપીના ટ્રસ્ટ મંડળ તેમજ વિદ્યાર્થી - વાલીઓ શૈક્ષણીક કર્મચારીઓ આનંદ સાથે જોડાયા



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છ ખાતે ઈન્ટીરીઅર ડિઝાઈન નું ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી માન્ય સ્નાતક કક્ષાનું શિક્ષણ આપતી કોઈ સંસ્થા અસ્તિત્વમાં ન હોય તેમજ તજજ્ઞ ડિઝાઈનર્સની પણ કમી હોય રાજકોટના ખ્યાતનામ આર્કિટેકટ કિશોરભાઈ ત્રિવેદીએ 'કિચ ઈન્ડસ્ટ્રીઝ'ના સહયોગ થકી રાજકોટ ખાતે 'સ્કૂલ ઓફ ઈન્ટીરીઅર ડીઝાઈન'ની સ્થાપના કરવાનો વિચાર વી.વી.પી.ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળ સમક્ષ મુક્યો જેનો વી.વી.પી.ટ્રસ્ટી મંડળે સહર્ષ સ્વીકાર કરેલ, આથી વર્ષ ૨૦૨૩ માં કિચ સ્કૂલ ઓફ ડીઝાઈન'ની સ્થાપના કરવામાં આવેલ હતી. બે વર્ષની સફળ શૈક્ષણિક સફર બાદ કિચ સ્કૂલ ઓફ ડીઝાઈન ત્રીજા વર્ષમાં શાનદાર પ્રવેશ કરી રહેલ છે.

'કિચ સ્કૂલ ઓફ ઈન્ટીરીઅર ડીઝાઈન' અત્યંત રમણીય 'ઈપ્સા' પરિસર, અદ્યતન વર્ગખંડો (સ્ટુડીઓ), સાથે દેશ-વિદેશના પ્રતિષ્ઠિત વિષય નિષ્ણાંતો ની 'કિચ સ્કૂલ ઓફ ઈન્ટીરીઅર ડીઝાઈન'ની રૂબરૂ મુલાકાત, માર્ગદર્શન, શૈક્ષણિક ટુર્સ, સાંસ્કૃતિક અને સામાજિક ધરોહરની સમજ કેળવતા રીલેટેડ સ્ટડી પ્રોગ્રામ જેવી અનેકવિધ રસપ્રદ ગતિવિધિઓથી ધબકતી 'કિચ સ્કૂલ ઓફ ઈન્ટીરીઅર ડીઝાઈન'ની સ્થાપના ના દ્વિતીય

(અનુ. આઠમા પાને)

# એઈમ્સ હોસ્પિટલ નજીકથી રૂ. ૪૫.૩૬ લાખનો દારૂ ભરેલો ટ્રક ઝડપાયો

## રૂ. ૫૫.૪૪ લાખના મુદ્દામાલ સાથે હરિયાણાના ટ્રક ડ્રાયવરની ધરપકડ : વોટ્સઅપ કોલ પર દોરી સંચાર કરનાર શખ્સની શોધખોળ



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર એલસીબી ઝોન-૨ની ટીમે મોરબી બાયપાસ પર એઈમ્સ હોસ્પિટલ ચોક નજીકથી રૂ.૪૫.૩૬ લાખનો દારૂ ભરેલો ટ્રક ઝડપી લઈ ૭૫૬૦ દારૂની બોટલ સાથે હરિયાણાના ડ્રાઈવરની ધરપકડ કરી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૨ જગદીશ બંગરવા દ્વારા દારૂ-જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિને અંકુશમાં રાખવા અસરકારક કામગીરી કરવાની સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને એલસીબી ઝોન-૨ના એએસઆઈ જે વી ગોહિલની ટીમ અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન એલસીબી ઝોન-૨ના કર્મચારીઓને સંયુક્ત રાહે બાતમી મળી હતી કે, મોરબી બાયપાસથી એઈમ્સ હોસ્પિટલ રોડ પર આઈસર ટ્રક ઉભેલ છે જેમાં વિદેશી દારૂનો જથ્થો ભરવામાં આવેલ છે. તેવી ચોક્કસ હકીકતના આધારે એલસીબી ઝોન-૨ અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની ટીમો બાતમીવાળા સ્થળે દોડી ગઈ હતી.

એલસીબી ઝોન-૨ ટીમ અને ગાંધીગ્રામ પોલીસના સંયુક્ત દરોડામાં એઈમ્સ નજીકથી આઈસર ટ્રક જેના નંબર એનએલ-૦૧-ક્યુ-૭૪૦૫ મળી આવતા તેમાં તપાસ કરતાં અલગ અલગ બ્રાન્ડની કુલ ૭૫૬૦ દારૂની બોટલ જેની કિંમત રૂ.૪૫.૩૬ લાખનો દારૂનો જથ્થો મળી આવતા ડ્રાઈવર સાજીદ અલી હાકમ અલી (ઉ.વ.૩૦ રહે કોટલા, ઘર નંબર ૧૦૨, નુહ, હરિયાણા)ની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે વોટ્સઅપ કોલ ઉપર વાત કરી સતત દોરી સંચાર કરતા શખ્સની શોધખોળ શરૂ કરવામાં આવી છે. એલસીબીએ દારૂ, ટ્રક, રોકડ, મોબાઈલ મળી કુલ રૂ.૫૫,૪૪,૩૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કામગીરીમાં એ.એસ.આઈ.જે વી ગોહિલ અને આર.એન. મિયાત્રા, હેડ કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ ઝાલા, શક્તિસિંહ ગોહિલ, રાહુલભાઈ ગોહેલ, હેમેન્દ્રભાઈ વાઘિયા, કોન્સ્ટેબલ કુલદીપસિંહ રાણા તેમજ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ અમીનભાઈ ભલુર અને પ્રશાંતભાઈ ગજેરા રોકાયા હતા.

### ગોવાથી દારૂ ભરી જામનગર પહોંચે તે પૂર્વે જ પોલીસે પકડી લીધો

સાજીદઅલીએ પ્રાથમિક પુછતાછમાં એવુ રટણ કર્યુ હતું કે મને ગોવાથી ટ્રક અપાયો હતો અને જામનગર તરફ લઈ જવાનો હતો.જેને આ ટ્રક આપવાનો હતો તેની સાથે વ્હોટસએપથી વાત થઈ રહી હતી. પોલીસને વ્હોટ્સએપ કોલીંગના નંબર મળતાં તેના આધારે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# છૂટાછેડા માટે દબાણ કરી ત્રાસ આપનાર પતિ સહિતના સાસરિયા વિરૂદ્ધ પરિણીતાની રાવ

## પિતાની તબિયત બગડતા માવતરે ગયેલી પત્નીનો સામાન પણ પાછળથી મોકલી દીધો'તો

**અબતક, રાજકોટ**

શહેરમાં કાલાવડ રોડ નજીક અવધ રોડ પર વીર સાવરકરનગરમાં માવતરના ઘેર રહેતી પરિણીતાને છૂટાછેડા આપવા માટે દબાણ કરી ત્રાસ આપતો પતિ અને સાસુ, સસરા સામે ફરિયાદ કરતાં મહિલા પોલીસે ગોંડલ રહેતા પતિ સહિતના સામે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વીર સાવરકરનગરમાં માવતરના ઘેર રહેતી ભાવિશાબેન દેવાંગભાઈ ધંધુકિયા (ઉ.૩૫)ના લગ્ન ૨૦૧૬માં ગોંડલ રહેતા અને ટ્રાવેલ્સનો ધંધો કરતા દેવાંગ મયૂરભાઈ સાથે થયા હતા. દરમિયાન તેને સંતાનમાં એક ૬ વર્ષની પુત્રી છે. લગ્ન બાદ ભાવિશાબેન સંયુક્ત પરિવારમાં રહેતા હતા. લગ્નને થોડા દિવસો બાદ સાસુ, સસરા અને પતિ ત્રાસ આપતા હોય ફરિયાદ કરી હતી. બાદમાં પતિ સહિતના સમાધાન કરી પરત લઈ ગયા હતા અને ત્યારબાદ પતિ સાથે રાજકોટ મવડી ચોકડી પાસે ભાડાના મકાનમાં રહેતા હોય છ માસ બાદ પતિએ ઘરખર્ચના પૈસા આપવાનું બંધ કરી દીધું અને ટૂરમાં જવાનું કહી જતો રહેતો અને ઘેર ઘણા દિવસે આવતો હતો.


બાદમાં ભાવિશાબેનના પિતા બીમાર હોય જેથી તેના પતિએ ફોન કરી ટૂરમાં જવાનું કહી તેને પિતા બીમાર હોય હોસ્પિટલે લઈ ગયા છે જેથી તું તારા માવતરના ઘેર જતી આવજે તેમ કહેતા તે પુત્રીને પિયર મૂકી પિતાના ઘેર ગઈ હતી. જ્યાં તેના પિતાનું અવસાન થતા તેની વિધિ પૂરી થયા બાદ પતિને ફોન કરતાં તે ટૂરમાં બહારગામ હોવાનું જણાવ્યું હતું અને અમારા ભાડાના મકાનમાંથી સામાન પણ ગોંડલ મોકલી આપ્યો હતો. તેના સસરાને ફોન કરતાં તેને અને સાસુએ પુત્રને છૂટાછેડા આપી દે અને તારો સામાન લઈ જા કહી ઝઘડો કર્યો હતો. બાદમાં મારા સગાં સંબંધીવાળા પાસે જઈ ઘેર મોકલી છૂટાછેડા આપવા માટે દબાણ કરાવતા હોય ફરિયાદ કરતાં મહિલા પોલીસ મથકના જમાદાર રેથડિયા સહિતે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# કુખ્યાત અલબાઝ ઉર્ફે રઈસને પાસા તળે સુરત જેલમાં ધકેલાયો

**અબતક રાજકોટ**

રાજકોટ શહેર માં અનેક ગુનાઓ આચરનાર કુખ્યાત અલબાઝ ઉર્ફે રઈસ મહંમદ ભાઈ ભાડુલા સામે પાસા ની કાર્યવાહી કરી સુરત જેલ હવાલે કરી દેવામાં આવ્યો છે .

પોલીસ કમિશનર બ્રજેશકુમાર જા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા નાયબ પોલીસ કમિશનર સર્જનસિંહ પરમાર, મદદનીશ કમિશનર આર.એસ બારીયા, ના માર્ગદર્શન હેઠળ રાજકોટમાં અવારનવાર શરીર સંબંધી ગુનાઓ આચરનાર ઈસમોની અટકાયત કરી પાસા હેઠળ કાર્યવાહી કરવાના આદેશોના પગલે પોલીસ કમિશનર દ્વારાઅલબાઝ મહંમદ ભાઈઉર્ફે રઈસ ભાડુલા વિરુદ્ધ પાસા વોરંટ ઈસ્યુ કરતા બી ડિવિઝન પોલીસ ના પી.આઈ.એસ.એસ રાણે ના માર્ગ દર્શન હેઠળ ટીમે બજવણી કરી રઈશ ને સુરત જેલ હવાલે કરી દેવાયો છે.



# આનંદનગરમાં પ્રોઢાએ બીમારીથી કંટાળી ઝેરી પાવડર ખાઈ કર્યો "આપઘાત"

**અબતક, રાજકોટ**

શહેરના આનંદ નગર મેન રોડ ખોડીયાર ચોકમાં રહેતા મંજુલાબા મહેન્દ્રસિંહ ઝાલા નામની પરણીતાએ પોતાના ઘરે ઘઉંમાં નાખવાનો પાવડર ખાઈ લેતા સારવાર માટે ગોકુલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું,મંજુલાબા ઝાલા ને છેલ્લા કેટલાક સમયથી શ્વાસની બીમારી હોય બીમારીથી કંટાળી તેમણે આ પગલું ભરી લીધું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે મરનારને એક પુત્ર અને એક પુત્રી છે પુત્રી લંડન હોવાનું જાણવા મળેલ છે મરનારના પતિ નો સિક્યુરિટી નો વ્યવસાય હોય આ અંગે ભક્તિનગર પોલીસ સ્ટેશન ના હેડ કોન્સબલ પ્રશાંત સિંહ નટવરસિંહ તપાસ ચલાવી રહ્યા છે

# કારખાનામાં અકસ્માતે પટકાયેલા શ્રમિકનું મોત

**અબતક રાજકોટ**

શહેરના ગોંડલ ચોકડી નજીક જય ગણેશ ફોર્ડ શો રૂમ ની બાજુમાં આવેલ ફ્લેક્સ જોન પ્લાસ્ટિકના કારખાનામાં કામ કરી રહેલા અતુલકુમાર કેશુભાઈ આદિવાસી ૧૯ ગત મોડી રાત્રે દશેક વાગે અકસ્માતે પડી ગયા બાદ બેભાન થઈને ઢળી પડ્યો હતો .અતુલકુમાર આદિવાસી ને સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવતા સાર્વત્ર દરમિયાન તેનું વિભાજન અવસ્થામાં મોત નીપજ્યું હતું મધ્યપ્રદેશમાં વતન ધરાવતા અતુલ કુમારને પરિવારજનો અંતિમવિધિ માટે વતન લઈને રવાના થયા હતા

# યુટ્યુબર બન્ની ગજેરાએ મિત્રનો ચેન મેળવી ગીરવે મૂકી દીધો

## પ્રસંગમાં પહેરવા માટે ચેઈન લઈ ગયા બાદ કળા કરી : વારંવાર માંગવા છતાં પરત નહિ આપતા અંતે ફરિયાદ

**અબતક, રાજકોટ**

ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ પર આક્ષેપો કરનાર યુટ્યુબર ગોંડલના મોટા ગુંદાળા ગામે રહેતા બન્ની ગજેરા વિરુદ્ધ જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ઠગાઈ અંગેની ફરિયાદ નોંધાવવામાં આવી છે. મોટા ગુંદાળા ગામે રહેતા વૃદ્ધના પુત્રનો બન્ની ખાસ મિત્ર હોય જેથી તેણે તેની પાસેથી સોનાનો ચેન પ્રસંગમાં પહેરવા માટે લઈ ગયો હતો બાદમાં આ ચેન ફાઈનાન્સ કંપનીમાં ગીરવે મૂકી લોન લઈ આ ચેન પરત ન આપી ઠગાઈ કરી હોવા અંગે આ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જાણવા મળતી વિગતો મુજબ, જેતપુર તાલુકાના મોટા ગુંદાળા ગામે રહેતા પરસોત્તમ ભીખાભાઈ કોટડીયા (ઉ.વ ૬૦) દ્વારા જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે અહીં ગામમાં જ રહેતા ભાવિન ઉર્ફ બન્ની ગોરધન ગજેરાનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ખેતી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે તેમને સંતાનમાં એક પુત્ર જયેશ હતો જેનું ચારેક મહિના પહેલા બીમારી સબબ અવસાન થયું છે તેના પુત્ર જયેશ અને આરોપી બંને ખાસ મિત્રો હોય ચારેક વર્ષ પૂર્વે ૨૦૨૧ માં ભાવિન ઉર્ફ બન્ની ઘરે આવ્યો હતો અને ફરિયાદીના પુત્રને કહ્યું હતું કે મારે પૈસાની જરૂરિયાત છે પૈસા આપો. હું થોડા દિવસમાં પાછા આપી દઈશ. પરંતુ પૈસા ન હોવાનું ફરીયાદીના પુત્ર જયશે કહ્યું હતું દરમિયાન બન્નીએ કહ્યું હતું કે મારે પ્રસંગમાં જવું છે તારો ચેન પહેરવા માટે આપ જેથી જયશે તેને ત્રણ તોલાનો ચેન પહેરવા માટે આપ્યો હતો.થોડાક દિવસ બાદ આ ચેન પરત માંગતા થોડા દિવસમાં આપી દઈશ તેમ કહ્યું હતું. ત્યારબાદ તેણે કહ્યું હતું કે મેં તમારા ચેન પર ગોલ્ડ લોન કરાવી લીધી છે અને થોડાક દિવસ પછી લોન ના પૈસા ભરી તમને ચેન પાછો આપી દઈશ. ત્યારબાદ બહાના આપતો હતો અને ચેન પરત આપતો ન હતો આ દરમિયાન તેને ચેક આપ્યો હતો. જે ચેક વટાવવા જતા અપૂરતા ભંડોના લીધે પરત કર્યો હતો. આમ ફરિયાદીના પુત્ર પાસેથી પ્રસંગમાં પહેરવા માટે રૂ.૩ લાખનો ચેન લઈ તે ચેન ફાઈનાન્સ કંપનીમાં ગીરવે મૂકી ગોલ્ડ લોન કરાવી લઈ ઠગાઈ કરી હોય જે અંગે આ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભાવિન ઉર્ફે બની ગજેરા છેલ્લા ઘણા સમયથી ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ સહિતની ગોંડલની બાબતને લઈ યૂટ્યૂબ પર વીડિયો અપલોડ કરતો હોય જેને લઈ તે ભારે ચર્ચામાં રહે છે.

# સોરઠીયાવાડી ચોક નજીક કપડાની દુકાનમાંથી ફક્ત બે મિનિટમાં રૂ.૧.૩૬ લાખની ચોરી

## ગ્રાહકના સ્વાંગમાં આવેલા ગઠીયાની સીસીટીવીના આધારે શોધખોળ : કર્મચારી પણ શંકાના દાયરામાં

**અબતક, રાજકોટ**

સોરઠીયાવાડી સર્કલ નજીક આવેલ કપડાના દુકાનમાંથી ફક્ત બે મિનિટમાં ગઠિયો રૂ. ૧.૩૬ લાખની રોકડ ઉઠાવી ફરાર થઈ ગયાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. ગ્રાહકના સ્વાંગમા આવેલ ગઠિયો નાણાંની ઉઠાંતરી કરી જનારો શખ્સ સીસીટીવીમાં કેદ થયો છે ત્યારે પોલીસે ગુનો નોંધી સીસીટીવીના આધારે ગઠીયાની શોધખોળ શરૂ કરી છે. જયારે શંકાના દાયરામાં રહેલ કર્મચારીની પણ પૂછપરછ કરવામાં આવી છે. મામલામાં ઓમનગર સર્કલ નજીક ગિરનાર સોસાયટીમાં રહેતા ૨૫ વર્ષીય યુવાન વિવેકભાઈ ભાબુભાઈ ઘેડીયાએ ભક્તિનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું સોરઠીયાવાડી સર્કલ નજીક ગેંગસ્ટર મેન્સવેર નામની કપડાની દુકાનમાં છેલ્લા દોઢ વર્ષથી નોકરી કરુ છુ અને તે દુકાન સંભાળુ છુ. દુકાનના માલીક યશ કીશોરભાઈ આસવાની છે, દુકાનમાં મારી નીચે બીજા ત્રણ વ્યકતીઓ જેમા કરણ, કાર્તીક તથા રણવીર ઉર્ફે રાણો કામ કરે છે. વધુમાં યુવકે જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૦/૦૪/૨૦૨૫ ના બપોરના ચાર વાગ્યા બાદ મારા મોટા ભાઈ મીત બાબુભાઈ ઘેડીયા દુકાને આવેલ હતા અને દુકાનના કેશ કાઉન્ટરમા તેણે તેના ધંધાના રૂ.૧.૩૫ લાખ મુકેલ હતા.

બાદ ગઈ તા. ૧૨/૦૪/૨૦૨૫ ના રોજ હનુમાન જંયતી હોવાથી જાહેર રાહદારીને ઠંડા પીણા પીવડાવવાનુ આયોજન અમે ગ્રુપ સર્કલમાં કરેલ હતુ. જેથી સવારના આઠ વાગ્યાથી હું પવનપુત્ર ચોક, સોરઠીયાવાડી સર્કલ ખાતે ગયેલ હતો. થોડીવાર બાદ મારો મોટો ભાઈ મીત પણ ત્યા આવેલ હતો. બાદમા બપોરના દોઢ વાગ્યે હું તથા મીત દુકાન ખાતે ગયેલ હતા અને કેશ કાઉન્ટરમા ચેક કરતા મીતએ ગઈ તા.૧૦/૦૪/૨૦૨૫ ના રોજ રાખેલ રૂ.૧.૩૫ લાખ મળી આવ્યા ન હતા. ઉપરાંત ઉપરના ખાનામાં દુકાનના ધંધાના ૧૮૦૦ રૂપિયા પણ મળી આવ્યા ન હતા. ઉપરાંત ચાવી પણ કેશ કાઉન્ટરના ખાનામા લગાડેલ હાલતમાં જોવા મળી હતી જેથી અમને ચોરી થયાની શંકા જતા દુકાનમા લગાવેલ સી.સી.ટી.વી કેમેરા ચકાસતા તા.૧૨/૦૪/૨૦૨૫ ના રોજ સવારે ૦૯/૩૦ થી ૦૯/૩૨ સુધીમાં એક અજાણી વ્યકિત ખાખી કલર જેવો સીક્યુરીટીનો યુનિફોર્મ પહેરી દુકાનમા કપડા લેવા આવે છે. તેણે માથે ટોપી પહેરેલ હતી અને મોઢે માસ્ક બાંધેલ હતું. ત્યા હાજર મારો માણસ રણવીર ઉર્ફે રાણો જીવરાજભાઈ પરમાર તેને દુકાનની અંદર રહેલ કપડાં સેલ્ફમા જોવાનુ કહે છે અને પોતે દુકાનની સાફ સફાઈ કરતો જોવામા આવે છે. તેમજ તે ગ્રાહક અંદર હોઈ છતાં રણવીર ઉર્ફે રાણો દુકાનની બહાર કચરો સાફ કરવા જાય છે. એટલામાં તે અજાણ્યો શખ્સ કેશ કાઉન્ટરમા લગાવેલ ચાવી ફેરવી ખાનુ ખોલી ઉપર-નીચે બંને ખાનામાથી મળી કુલ રૂ.૧,૩૬,૮૦૦ લઈ લીધાનું સીસીટીવીમાં જોવા મળ્યું હતું.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, રણવીર ઉર્ફે રાણા ઉપર પણ શંકા જતાં મે રણવીરને આ બનાવ બાબતે પૂછતા તે ગલ્લા તલ્લા કરતો હોઈ અને તે અજાણ્યા ગ્રાહકને ઓળખતો નથી તેમ જણાવ્યું હતું. જેથી યુવકે ભકિતનગર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી દુકાનમાં કામ કરતા રણવીર ઉર્ફે રાણાની શકમંદ તરીકે પૂછપરછ કરી અજાણ્યા શખ્સની શોધખોળ શરૂ કરી છે. મામલાની તપાસ હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ રાજપરા ચલાવી રહ્યા છે.


**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર કરું છું કે મારું નામ આદિત્ય અજયભાઈ પટેલ બદલીને આદિત્ય અજય પટેલ કરેલ છે. અને હવે પછી હુ આદિત્ય અજય પટેલ તરીકે ઓળખાઈશ. જેની સૌ કોઈએ નોંધ લેવી. સરનામું -૬૦૧, રવિદર્શન એપાર્ટમેન્ટ, અમિન માર્ગ, રાજકોટ પિન- ૩૬૦૦૦૨ ગુજરાત(ભારત)


# આરતી ઈન્ડસ્ટ્રીઝ યુવાન પર છરી થી હૂમલો

**અબતક રાજકોટ**

રાજકોટના ભક્તિનગર પોલીસ મથક. વિસ્તારમા આરતી ઈન્ડસ્ટ્રીઝ એરીયા માં મોડી રાત્રે આદિવાસી યુવાન પર અજાણ્યા શખ્સોએ હુમલો કર્યા નો બનાવ નોંધાયો છે.આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ આરતી ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં રહેતા જંગલુ ધનવરઆદિવાસી'૩૫'ગઈકાલે મોડી રાત્રે ૧૧ વાગે આરતી મેઈન રોડ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અજાણા શખ્સોએ ઝઘડો કરી છરી વડે માર મારી સાથળ અને બેઠકના ભાગે પૂજા કરતા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો ભક્તિનગર પોલીસે તપાસ હાથ ધરી છે.મારા

## કાળીપાટ પાસે યુવાન પર ત્રિપુટીની ધોકાવાળી

મારીના અન્ય બનાવમાં આજીડેમ પોલીસ મથકની હદમાં આવેલ કાળીપાટ માં રહેતા અજયભાઈ દેવજીભાઈ મોરવાડિયા "૩૨ પોતાના ઘેર પાસે હતા ત્યારે બળદેવ અને સોમભાઈ અને ખોડાભાઈ નામના ઝઘડો કરી ધોકા વડે માર મારતા સિવિલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા


**હાથસણી ગ્રામ પંચાયત મુ.હાથસણી તા.પાલિતાણા, જી.ભાવનગર**

**જાહેર નિવિદા** તા. ૨૩/૦૪/૨૦૨૫

પાલીતાણા તાલુકાના હાથસણી ગામે નીચે મુજબના કામ અંગેના લાગું મટીરીયલ - મજુરીના ભાવ દિવસ - ૦૫ માં બંધ કવરમાં રજી.એડી. / રૂબરૂ પહોંચાડવા ટેન્ડરની શરતો ગ્રામ પંચાયતના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરેલ છે. જેનું પાલન કરવાની શરતે.

| યોજના | વર્ષ | કામનું નામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧૫મું ના ગ્રા. કક્ષા | ૨૦૨૪-૨૫ | ડાર - મોટરનું કામ | ૧,૫૧,૭૧૧/- |
| ૧૫મું ના તા. કક્ષા | ૨૦૨૦-૨૧ | સેગ્રીગેશન શેડનું કામ | ૫,૦૦,૦૦૦/- |
| ૧૫મું ના. તા. કક્ષા | ૨૦૨૨-૨૩ | વીસામાનું કામ | ૪,૭૮,૦૦૦/- |

લી. સરપંચશ્રી હાથસણી ગ્રામ પંચાયત તા.પાલિતાણા



**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**ફેરફાર કરવાના સંદર્ભમાં ટીઆરડી કાર્ય**

**ટેન્ડર નોટિસ નં. DRM/RJT/E-Tender/EL/TRD/2025-2026/06 તા. 22/04/2025; ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ / ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360 001; **વેબસાઈટ ની વિગત: www.ireps.gov.in; ટેન્ડર નં. DRM-RJT-EL-TRD-2025-26-06; (i) કામનું નામ:** રાજકોટ વિભાગના વિવિધ સ્થળોએ દરેક ફીડરને અલગ થાંભલાની જોગવાઈ દ્વારા અલોંગ ફીડરમાં ફેરફાર કરવાના સંદર્ભમાં ટીઆરડી કાર્ય; **(ii) અંદાજિત ખર્ચ:** ₹ 1,37,51,855.45/-; **(iii) અર્નેસ્ટ મની:** ₹ 2,18,800/-; **(iv) ઓનલાઈન અરજી માટેની તારીખ અને સમય:** તા. 20.05.2025 ના 15:00 કલાક સુધી. 012

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ ના અપગ્રેડેશન ના સંદર્ભમાં ટીઆરડી કાર્ય**

**ટેન્ડર નોટિસ નં. DRM/RJT/E-Tender/EL/TRD/2025-2026/05 તા. 22/04/2025; ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ / ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360 001; **વેબસાઈટ ની વિગત: www.ireps.gov.in; ટેન્ડર નં. DRM-RJT-EL-TRD-2025-26-05; (i) કામનું નામ:** રાજકોટ વિભાગના વાવણીયા ગુડ્સ શેડ અને નવલખી ગુડ્સ શેડ ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ ના અપગ્રેડેશન ના સંદર્ભમાં ટીઆરડી કાર્ય.; **(ii) અંદાજિત ખર્ચ:** ₹ 40,86,754.52/-; **(iii) અર્નેસ્ટ મની:** ₹ 81,700/-; **(iv) ઓનલાઈન અરજી માટેની તારીખ અને સમય:** તા. 20.05.2025 ના 15:00 કલાક સુધી. 011

અમને લાઈક કરો: facebook.com/WesternRly








તંત્રી લેખ

# આતંકના સફાયાથી ઓછું કંઇ ન ખપે: દેશવાસીઓ યુધ્ધ માટે તૈયાર

અત્યાર સુધી એવું કહેવામાં આવતું હતું કે આતંકવાદીઓનો કોઇ ધર્મ હોતો નથી. પરંતુ જમ્મુ-કાશ્મીરના પહેલગામના બૈસારનમાં નિર્દોષ પ્રવાસીઓને તેમના ધર્મ પૂછીને કમળ પઢાડી જે રિતે ગોળીઓથી વિંધી નાખવામાં આવ્યા તેનાથી ૧૪૦ કરોડ ભારતીયોના હૈયા અફાટ રૂધન કરી રહ્યા છે. ભારતની જનતાને હવે આતંક વાદના સફાયાથી ઓછું બીજુ કશું જ ખપે તેમ નથી. દેશવાસીઓએ યુધ્ધ માટે સંપૂર્ણ માનસિકતા કેળવી લીધી છે. હવે નેતાઓએ હિંમતની ગોળી ખાઇ યુધ્ધ જાહેર કરી દેવું જોઇએ.

કોઇપણ રાષ્ટ્ર માટે યુધ્ધ હિતાવહ હોતું નથી તે વાત ૧૦૦ ટકા સાચી છે. યુધ્ધમાં બન્ને તરફ ભારે ખુંવારી થતી હોય છે. પરંતુ ભારત વિશ્વનો એવો દેશ છે જેને 'આતંક' નો સૌથી વધુ સામનો કરવો પડયો છે. આતંકવાદીઓ પોતાના ના-પાક. ઈરાદાઓને પાર પાડવા માટે નિર્દોષ નાગરીકોના જીવન હણી લ્યે છે. લોહીની નદીઓ વહાવે છે. પહેલગામ હુમલામાં માનવતા સંપૂર્ણ પણે મરી પરવારી છે. પૃથ્વીના સ્વર્ગ ગણાતા કાશ્મીરમાં ફરવા આવેલા નિર્દોષ પ્રવાસીઓને તેઓના ધર્મ પુછયું હિન્દુ ધર્મ એવું કહેતાની સાથે જ ગોળીઓથી વિંધી નાંખવા તે શું સુચવે છે. કયાં સુધી સહન કરીશું. એકવાર સંપૂર્ણ પણે યુધ્ધ જાહેર કરી આનંકવાદ અને તેઓને પોષતા તેમના આકાઓને નર્ક ભેગા કરી દેવા જોઇએ. પહેલગામમાં આતંકી હુમલા બાદ દેશવાસીઓનો રોષ સાતમા આસમાને પહોંચી ગયો છે. ભારત સરકાર દ્વારા પણ અનેક આકરા પગલાઓ લેવામાં આવ્યા છે. પરંતુ દેશવાસીઓને એવું લાગી રહ્યું છે કે આ પગલા હજી અપુરતા છે. ભારતના તમામ રાજકીય પક્ષોએ આતંકી હુમલા બાદ કેન્દ્ર સરકાર જે કંઇ પગલા લ્યે તેને સમર્થન જાહેર કરી દીધું છે. દેશની જનતા પણ યુધ્ધ માટે સંપૂર્ણ પણે તૈયાર છે ત્યારે હવે આતંકવાદના ખાત્મા માટે 'યુધ્ધ એ જ કલ્યાણ'નું સુત્ર ભારતે અપનાવી લેવું જોઇએ.

આપણી પણ સુરક્ષામાં ચૂક રહી ગઇ છે. તેમાં બે મત નથી. દર વખતે આપણી સામાન્ય ચૂકનો આતંકીઓ ગેરલાભ ઉઠાવી જતા હોય છે. અને નિર્દોષ નાગરીકોના જીવ હણી લ્યે છે. ભારતના એક પણ પાડોશી રાષ્ટ્ર સારા નથી તે વાત દેશનો એક-એક નાગરીક જાણે છે તો હવે ભારતે પોતાના નાગરીકોની સુરક્ષા પર વધુ ધ્યાન કેન્દ્રીત કરયું પડશે. વિશ્વની સૌથી મજબૂત ત્રીજી અર્થ વ્યવસ્થા બનતા હજી પાંચ-દશ વર્ષ નીકળી જશે તો ચાલકે પરંતુ નિર્દોષ દેશવાસીઓના જીવ બચાવવા સરકારની એક પણ ચૂક એક સેકન્ડ પણ નહી ચાલે.

# આતંકી હુમલાના મૃતકોના પરિવારોને સાંત્વના પાઠવતા વૈષ્ણવાચાર્ય વ્રજકુમારજી




**અબતક, રાજકોટ**

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા દુઃખદ આતંકવાદી હુમલાથી ખૂબ જ દુઃખી વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહોદય એ આ હિંસામાં પોતાના પ્રિયજનો અને પ્રિયજનો ગુમાવનારા શોકગ્રસ્ત પરિવારોને પ્રાર્થના કરી છે. મૃતકોના આત્માઓને શાશ્વત શાંતિ મળે અને પરિવારોને આ મુશ્કેલ સમયમાં શક્તિ અને સાંત્વના મળે.

# નયારા એનર્જીએ ફરી વાર્ષિક બચત અભિયાન લોન્ચ કર્યુ

**અબતક, રાજકોટ**

ભારતના સૌથી ઝડપથી વિકસતા પ્રાઇવેટ ફ્યુઅલ સ્ટેશન નેટવર્ક નયારા એનર્જી 30 જૂન, ૨૦૨૫ સુધી તેના ખૂબ જ પ્રતીક્ષિત વાર્ષિક બચત અભિયાન મહા બચત ઉત્સવને ફરીથી રજૂ કર્યો છે. અગાઉની એડિશનને મળેલા પ્રચંડ અભિયાનને આગળ વધારતા આ વર્ષનું કેમ્પેઇન દેશભરના ગ્રાહકો માટે વધુ મૂલ્ય અને સવિશેષ બચત લાવે છે. રૂ. ૩,૦૦૦ કે તેથી વધુની પેટ્રોલની ખરીદી કરતા ગ્રાહકો દર લિટરે રૂ. ૩નું ડિસ્કાઉન્ટ અને રૂ. ૬૦૦થી રૂ. ૨,૯૯૯ની ખરીદી પર લિટર દીઠ રૂ. ૨નું ડિસ્કાઉન્ટ મેળવી શકે છે. ડીઝલના ગ્રાહકો માટે લિટર દીઠ સીધી રૂ. ૧ની બચત લાગુ પડે છે.



# નવીન આઈખેડૂત પોર્ટલ ૧૫ મે સુધી ખુલ્લું મુકાયું

**અબતક, રાજકોટ**

ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા માટે નવીન આઈખેડૂત પોર્ટલ www.ikhedut.gujarat.gov.in આગામી ૧૫મી મે સુધી ખુલ્લું મૂકવામાં આવ્યુ છે. પોર્ટલ પર અરજી કરતાં પહેલા ખેડૂતોએ નોંધણી કરવી ફરજિયાત છે. ત્યાર બાદ લાભ મેળવવા માટે ઓનલાઇન અરજી કરી શકાશે. પોર્ટલ પર અરજી મેળવવાની સમય મર્યાદા પૂર્ણ થયા બાદ તમામ અરજીઓનો જિલ્લા/તાલુકા કક્ષાએથી ડ્રો કરવામાં આવશે અને અગ્રતા યાદી તૈયાર કરવામાં આવશે. જે મુજબ લક્ષ્યાંકની મર્યાદામાં પૂર્વમંજૂરી આપવામાં આવશે. આ યોજના હેઠળ લાભ મેળવવા ઈચ્છુક ખેડૂત મિત્રોને સમયસર અરજી કરવા રાજકોટ જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયુ છે.

# જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ૬૭૮મું ચક્ષુદાન


**અબતક, રાજકોટ**



ભાવલાભાઇ ચતુરભાઇ પાટીલનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૬૭૮મું ચક્ષુદાન થયેલ છે. આ એપ્રિલ ૨૦૨૫માં તેરમું ચક્ષુદાન થયેલ છે. આ ચક્ષુદાન સિવીલ ચોકીના એ.એસ.આઇ. રામશીભાઇ જે.વરુના સહયોગથી થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન ની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઇ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# વિશ્વ વિદ્યાલયોમાં દાનની સરવાણી વહાવનાર સ્વ.દીપચંદભાઈ ગારડીનો આજે જન્મદિવસ

**અબતક, રાજકોટ**



સૌરાષ્ટ્રની પવિત્ર ધરતી ઉપર એક મહામાનવનો જન્મ થયો અને એ સંત જેવું જીવન જીવી ગયાં. એ મહામાનવ, દાનવીર, જૈન શ્રેષ્ઠિ, ભારત ભામાશા દીપચંદભાઈ ગારડીનો આજે ૧૧૦ મો જન્મદીવસ છે ત્યારે સમગ્ર સૌરાષ્ટ્ર આજે પણ તેને ભાવથી યાદ કરે છે. દીપચંદભાઈનું વતન પડધરી હતું પણ આ માને સમગ્ર ભારતને પોતાનું વતન ગણી જયાં જરૂર જણાય ત્યાં દીન દુઃખીયાની સેવા કરી ભારતભરનાં અસંખ્ય રાજયોમાં આજે પણ દીપચંદભાઈની સેવા સતત ધબકે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સ્કૂલો, હોસ્પિટલો, મંદીરો, મસ્જીદો, અનાથ આશ્રમ, વૃધ્ધાશ્રમ, ધર્મશાળાઓ, છાત્રાલયો, શૈક્ષણિક સંકુલોનું નિર્માણ કરી દીપચદભાઈ એક મહામાનવ તરીકે ઉપસી આવ્યા.ગુજરાતનાં ૧૮ હજાર ગામડામાંથી ભાગ્યે જ કોઈ એવું ગામ હશે જયાં દીપચંદભાઈ ગારડીએ પોતાના દાનની સરવાણી વહાવી હોય.

સમાજને સુશિક્ષીત બનાવો સમાજ આપોઆપ સમૃધ્ધ બનશે, એટલે જ પુ.દીપચંદભાઈ ગારડીએ અસંખ્ય વિશ્વ વિધાલયોમાં પણ દાનની સરવાણી વહાવી હતી.

મધ્યપ્રદેશનાં ઉજૈન ખાતે શ્રીમતિ રૂક્ષ્મણીબેન દીપચંદભાઈ ગારડીનાં નામથી ૧૦૦૦ બેડની હોસ્પિટલ અને મેડીકલ કોલેજની સુવિધા પુ. દીપચંદભાઈ ગારડી દ્વારા ઉભી કરવામાં આવી છે. અતિ પછાત અને અંતરીયાળ વિસ્તારમાં મેડીકલ સુવિધા મળી રહે એ માટે ઉભી કરવામાં આવેલ આ હોસ્પિટલમાં કેશ કાઉન્ટર જ નથી. તમામ પ્રકારની સારવાર વિનામુલ્યે દર્દીઓને મળી રહે છે. કદાચ ભારતભરમાં આવી હોસ્પિટલ સૌ પ્રથમ હશે. આજે પણ આ હોસ્પિટલમાં તેમનાં જયેષ્ઠ પુત્ર ડો.રશ્મીકાંતભાઈ ગારડી પોતાની સેવા આપી રહયા છે. સૌરાષ્ટ્રનું વિશ્વ વિદ્યાલય સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કરોડો રૂપિયાની સખાવત કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ફોર સ્ટાર યુનિવર્સિટીનો દરજજો અપાવવામાં ગારડી સાહેબનો સિંહ ફાળો છે. તત્કાલિન કુલપતિ ડો.કનુભાઈ માવાણી અને ત્યારપછીના કુલપતિઓ સાથે રહી ગારડી સાહેબે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અસંખ્ય ભવનોનું નિર્માણ આધુનિકરણ કરી કરોડો રૂપિયાનું સખાવત કૃરી હતી.

સૌરાષ્ટ્રનાં માંગરોળ પાસે આવેલ શારદાગામ સ્થિત ભવ્ય શૈક્ષણિક સંકુલ, મહારાષ્ટ્રનાં સોલાપુર પાસે આવેલ પ્રોસ્ટીટયુટનાં બાળકો માટે બનાવાયેલ આશ્રમ, અમદાવાદ, પુના અને મુંબઈ ખાતેનાં જૈન ભવનો સહીતનાં સેવા પ્રકલ્પો આજે પણ સતત પ્રવૃતિથી ધમધમતા રહે છે. કરોડો લોકોનાં આશીર્વાદ મેળવી ૯૮ વર્ષની જૈફ વયે છેલ્લે સુધી સતત પ્રવૃત રહી આવનારી પેઢીને નવો રાહ બતાડનાર પુ. દીપચંદભાઈ ગારડી આજે હયાત નથી પણ તેને ભાવી પેઢી વર્ષો સુધી યાદ કરશે એ હકીકત છે.

પુ. દીપચંદભાઈ ગારડીનાં પુત્રો રશ્મીકાંતભાઈ-હસમુખભાઈ પુત્રવધુઓ ચંદ્રીકાબેન-સુરેખાબને પૌત્રો બીનોય તેમજ હીતેનભાઈ અને સમગ્ર પરિવાર આજે પણ જયાં જરૂર પડે ત્યાં સેવાની જયોત જલતી રાખી તેને વારસામાં મળેલ સંસ્કારોને ઉજાગર કરે છે.

પુ.ગારડી સાહેબ સાથેનાં મારા વ્યકિતગત વર્ષોનાં સંબધોને યાદ કરી આ યુગપુરૂષને શ્રધ્ધાસુમન કરી કોટી કોટી વંદન કરૂ છું.

# સરગમ કલબ આયોજીત જીજ્ઞેશભાઈ જોરદાર નાટકે જમાવ્યો રંગ

**અબતક, રાજકોટ**



સરગમ પરિવારના કપલ ક્લબ, લેડીઝ ક્લબ, સીનીયર સસટીઝન કલબ અને જેન્ટ્સ ક્લબ ના સભ્યો તેમજ આમંસિતો માટે મુંબઈનું નાટક જીગનેશભાઈ જોરદારનો શો યોજાયેલ. જે કમલેશભાઈ ઓઝા દ્વારા દિર્ગદર્શિત અને રશ્મિન શાહ દ્વારા લિખિત તથા અન્ય ક્લાકારો ૠત્તુ ઓઝા અને સમીર ધ્રોલિયા વગેરે અભિનયનાં ઓજસ પાથર્યા હતા.

પ્રતાપભાઈ પટેલ, કીરીટભાઈ પટેલ, શીવલાલભાઈ બારસીયા, ભાવેશભાઈ પટેલ, ભાવેશભાઈ લીંબાસીયા, ગોપાલભાઈ સાપરીયા, હરદેવસીંહ જાડેજા, રમેશભાઈ ઠક્કર, રશ્મીભાઈ મોદી, જયેશભાઈ વસા, નીલેશભાઈ ભાલાણી, જીતુભાઈ કોઠારી, શૈલેશભાઈ માંઉ, શૈલેશભાઈ પટેલ, વીકમભાઈ પુજારા, અરવીંદભાઈ ઢોલરીયા, રાજેન્દ્રભાઈ મહેતા, દીનેશભાઈ પાઠક, તપનભાઈ વોરા વગેરે મહાનુભાવો નાટય શો જોવા ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવા માટે ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ નીલુબેન મહેતા, ગીતાબેન હીરાણી, અલકાબેન કામદાર, જયશ્રીબેન મહેતા, મીતેનભાઈ મહેતા, ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ, કનૈયાલાલ ગજેરા, અનવરભાઈ ઠેબા, જયસુખભાઈ ડાભી, સુરેશભાઈ દેત્રોજા, ધીરુભાઈ હીરાણી સહીતની ક્લબના કમીટી એ જહેમત ઉઠાવેલ છે.

# જામનગર રોડથી અટલ સ્માર્ટ સુધીનો રોડ રૂ.૩૧ કરોડના ખર્ચે ડેવલપ કરાશે

## મેયર નયનાબેન પેઢડીયાના વરદ હસ્તે કામનું ખાતમુહૂર્ત

**અબતક, રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧માં વેસ્ટ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ૧૫૦ ફૂટ રિંગ રોડ-૨ ને રૂ.૩૦.૭૦ કરોડના ખર્ચે જામનગર રોડ હાઈવે થી 'અટલ સ્માર્ટ સિટી-રાજકોટ' સુધી ડેવલપ કરવાના કામનું ખાતમુહૂર્ત મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, વોર્ડ નં.૧ના કોર્પોરેટર ડો. અપ્લેશભાઈ મોરજરીયા, હિરેનભાઈ ખીમાણીયા, દુર્ગાબા જાડેજા, વેસ્ટ ઝોનના સિટી એન્જીનીયર કુંતેશ મહેતા, ડેપ્યુટી એન્જીનીયર અમિત ડાભી વગેરે ઉપસ્થિત રહેલ.

આ કામમાં અંદાજે ૨,૧૦૦ રનીગ મીટર રસ્તાને ડેવલપ કરવામાં આવનાર છે. જેમાં, બંને તરફ ૧૦.૫૦ મીટરનો કેરેઝ-વે, સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈન તથા ૦૨(બે) બોકસ કલવર્ટ અને ૦૪(ચાર) પાઈપ કલવર્ટના કામો સમાવેશ થાય છે. આ રોડ ડેવલપ થવાથી ૧૫૦ ફૂટ રીંગ રોડ-૨ પર જામનગર રોડ હાઈવે થી ગોંડલ રોડ તરફ અવરજવર કરતા આશરે વાહનધારકો, રાહદારીઓ તથા આસપાસના રહેવાસીઓને લાભ મળશે.

# "મનરેગા" શ્રમિકોની આરોગ્ય ચકાસણી સાથે ઓ.આર.એસ. અને છાશ વિતરણ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર તેમજ જિલ્લામાં હાલ ઉનાળાની ૠત્તુ દરમ્યાન અસહ્ય ગરમીને કારણે શ્રમિકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે રાજયસરકાર દ્વારા ખાસ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. ત્યારે "મનરેગા" યોજના હેઠળ જિલ્લામાં વિવિધ સ્થળોએ કામગીરી કરતા શ્રમિકોની તબિયતનો ખ્યાલ પણ રાખવામાં આવી રહ્યો છે.

રાજકોટ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચેરી દ્વારા આજરોજ રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ગઢકા ગામે કાર્યરત શ્રમીકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. વિભાગના નિયામક એ.કે. વસ્તાણી અને ટીમ દ્વારા શ્રમિકોને છાસ વિતરણ કરવામાં આવ્યું હતું. જેથી શ્રમિકોને હીટવેવ સામે રક્ષણ મળે તેમજ ડીહાઈડ્રેશન જેવી મુશ્કેલી ન થાય.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રામ્ય શ્રમિકોને રોજગારી મળે અને ગ્રામ્ય અર્થતંત્ર ધબકતું થાય તે માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી રાજકોટના ચેરમેન અને જિલ્લા વિકાસ અધિકારી તથા નિયામક દ્વારા રાજકોટ જિલ્લાના તમામ તાલુકામાં મનરેગા યોજના હેઠળ કામો શરૂ કરવામાં આવ્યાં છે.

નિયામકશ્રીએ જણાવ્યાં મુજબ હાલ મનરેગા યોજના જિલ્લામાં ૨૦૪ ગ્રામ પંચાયતમાં વ્યક્તિગત અને સામૂહિક કુલ ૪૫૩ કામો ચાલુ છે. જેમાં ૪,૧૦૫ શ્રમિકો શ્રમદાન થકી રોજગારી મેળવી રહ્યા છે.

રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી આંનદુ સુરેશ ગોવિંદ દ્વારા મનરેગા યોજના હેઠળ ગ્રામ્યકક્ષાએ વધુને વધુ લોકો રોજગારીનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# પહેલગામ હુમલામાં ફસાયેલા ગુજરાતીઓના વારે આવ્યા કેશવી ટુર્સના જયપાલસિંહ તોમર

## મૃતકોના પરિવારોને રૂ.૫૦,૦૦૦ની સહાય અર્પણ

**અબતક, રાજકોટ**



પહેલગામમાં ફસાયેલા ગુજરાતીઓની મદદમાં કેશવી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ ના ડાયરેકટર જશપાલસિંહ તોમરે ફસાયેલા પ્રવાસીઓને મદદરૂપ થવા ડાયરેકટરે અને તેમની ટીમ ફસાયેલા પ્રવાસીઓ તેમજ તેમજ જરૂરિયાતમંદ વ્યક્તિઓને વારે કાશ્મીર દોડી ગયા અને માર્યા ગયેલા ગુજરાતીઓના પરિવારજનોને રૂ. ૫૦,૦૦૦ ની સહાય ઉપરાંત તેમજ જરૂરિયાતમંદ વ્યક્તિઓને તારીખ ૨૬ એપ્રિલ સુધી વિના મૂલ્ય હોટલમાં રહેવાની સગવડો પૂરી પાડવામાં આવશે, તેમજ તેઓ સ્થાનિક વહીવટીતંત્ર અને બચાવ ટીમો સાથે સંકલન કરીને પ્રવાસીઓ માટે મદદની વ્યવસ્થા કરી છે, કપરી પરિસ્થિતિમાં ફસાયેલા લોકો તણાવમાં હોઈ છે, તે ભાવનાત્મક અને માનસિક ટેકો આપ્યો હતો.

# સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજ પરશુરામ જન્મોત્સવ સાદગીપૂર્વક ઉજવશે

## સમુહ ભોજન ડી.જે. શોભાયાત્રા જેવા કાર્યક્રમો બંધ રાખી માત્ર આરતી, યજ્ઞ, જપ જેવા કાર્યક્રમ યોજાશે

**અબતક, રાજકોટ**



સૌરાષ્ટ્ર - કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના અગ્રણી છેલભાઈ જોષી, જીતુભાઈ મહેતા સહીતના અગ્રણીઓ પહેલગામમાં આતંકવાદી દ્વારા કરવામાં આવેલ ઘાતકી હુમલામાં વીરગતિને પામેલ મૃતાત્માઓને શ્રદધાંજલી પાઠવતા જણાવ્યું હતું કે, પહેલગામની ઘટનાથી દેશ શોકમાં ગરકાવ છે. ત્યારે ભગવાન પરશુરામજીનો જન્મોત્સવ અંતર્ગત સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મસમાજના યુવા અગ્રણી એવા જીતુભાઈ મહેતાના નિવાસ સ્થાને ભગવાન પરશુરામજીનું શહેરના ભૂદેવોની બહોળી સંખ્યામાં ષોડશોપચારથી પુજન અર્ચન, મહા આરતી તેમજ મોટી સંખ્યામાં બ્રહ્મભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ હવે સાદગીપૂર્ણ માત્ર પરશુરામજીના પુજનનો કાર્યક્રમ યોજાશે. ત્યારે સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના અગ્રણી અને માર્ગદર્શક છેલભાઈ જોષીએ પણ આ ઘટનાને લઈને સૌરાષ્ટ્ર-કચ્છ ભૂદેવોને સાદગીપૂર્ણ ઉજવણી કરવા અપીલ કરી. જેના પગલે સૌરાષ્ટ્રના મહાનગરો, તાલુકા કે ગામોમાં પરશુરામ જન્મોત્સવનું સાદગીપૂર્ણ ઉજવવા ભૂદેવોએ નિર્ણય કર્યો છે. અંતમાં છેલાભાઈ જોષી - જીતુ મહેતાએ જણાવ્યું હતું કે, પહેલગામની ઘટનામાં સરકાર જડબાતોડ જવાબ આપે તે માટે ભગવાન પરશુરામને સૌરાષ્ટ્રના ભૂદેવો આરતી, જપ-પૂજનના માધ્યમથી પ્રાર્થના કરશે અને વીરગતિને પામેલ મૃતાત્માઓને પરમગતિ પ્રાપ્ત થાય તે માટે પણ પ્રાર્થના કરશે.

# ડીવાઇન ચેરી. ટ્રસ્ટના દંતયજ્ઞનો ૬૭ દર્દીએ લીધો લાભ

**અબતક, રાજકોટ**



જાહેર જનતા ના લાભાર્થે ચાણસ્મા ગામે ગાયત્રી મંદિરના ઉપક્રમે યોજાયેલ વિના મૂલ્યે દંતયજ્ઞ અને દાંતની બત્રીસી નો કેમ્પ રાખવામાં આવેલ જેનો ૬૭ લોકોએ લાભ લીધેલ. જેમાં દાંતના દર્દીઓને ડીવાઇન ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટના ડો. જયસુખ મકવાણા અને તેમની ટીમ ઉષાબેન મકવાણા, મોનિકા ભટ્ટ, જાગૃતિ ચૌહાણ દ્વારા તપાસી જરુરી દવા અપાયેલ અને ૧૬ દર્દીના દાંત આયુર્વેદાની જાલંધર બંધ યોગ પધ્ધતિ વડે ઈન્જેકશન કે દવા વગર કાઢી આપવામાં આવેલ, ડીવાઇન ટ્રસ્ટ ના હસુભાઈ મકવાણા એક યાદીમાં જણાવેલ મુજબ શુભેચ્છા તરીકી ગાયત્રી પરિવારના લોકોએ વ્યવસ્થા કરેલ. અરવિંદભાઇ પટેલ, રમેશભાઇ પ્રજાપતિ, રાજુભાઇ ભૂતક અન્ય કાર્યકર ભાઈ-બહેનોએ વ્યવસ્થા કરવામાં આવી હતી.

# યુનિટ ટ્રસ્ટ દ્વારા રવિવારે દિવ્યાંગો માટે પેન્શન ફોર્મ ભરાશે

## ૬૦ ટકા કે તેથી વધુ ઓર્થોપેડીક દિવ્યાંગો માટે પેન્શન ફોર્મ ભરાશે

**અબતક, રાજકોટ**

તા. ૨૭ એપ્રિલ ૨૦૨૫ રવિવારના રોજ યુનિક વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંત સુરદાસ યોજના હેઠળ આવતા ૬૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા ઓથોપેડીક દિવ્યાંગો માટે સવારે ૯ થી ૧૨ સુધી સંસ્થાના કાર્યાલય વિકલાંગ વિકાસ કેન્દ્ર શાળા નં. ૫૫ આનંદનગર બગીચા સામે, આનંદ નગર મેઈન રોડ, જુની નિલકંઠ સીનેમા સામેનો રોડ,રાજકોટ ખાતે ભરવામાં આવશે. આ માટે નીચેના ડોકયુમેંટની ઝેરોક્ષ સાથે લઇને આવવાના રહેશે.

રહેઠાણનો પુરાવો (રેશન કાર્ડ, વીજળી બીલ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ પૈકી કોઇ પણ એક) ઉમરનો પુરાવો (શાળા છોડયાનું પ્રમાણ પત્ર, જન્મનો દાખલો, તલાટી , નગર પંચાયત રેકર્ડ ઉપરનો) પૈકી કોઈપણ એક) સીવીલ સર્જનનું દિવ્યાંગતાનું બારકોડેડ પ્રમાણપત્ર બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ, રદ કરેલ ચેક પૈકી કોઇપણ એક (નેશનલાઇઝ બેન્ક ફરજીયાત) આધાર કાર્ડની નકલ ૬ પાસપોર્ટ સાઇઝ ફોટો, અગાઉથી શુક્રવારે કે શનિવારે સવારે ૯ થી ૧૨ સાંજે ૪ થી ૬ વચ્ચે મો. નં. ૯૨૭૭૮ ૦૭૭૭૮ પર નામ નોંધાવા જણાવેલ છે.

# બ્રહ્મસમાજ દ્વારા ભગવાન પરશુરામજીની જન્મજયંતિ સાદગીપૂર્વક ઉજવાશે

## આંતકી હુમલામાં મૃતકોને શ્રદ્ધાંજલી અર્પણ કરવા સર્વ બ્રહ્મ સમાજના સંગઠનોને અપીલ કરતા ડો. યજ્ઞેશ દવે

**અબતક, રાજકોટ**

બહ્મ સમાજના અગ્રણી ડો.યજ્ઞેશ દવે જણાવે છે કે, ભગવાન પરશુમરામ જંયતિનું હિન્દુ ધર્મમાં વિશેષ ધાર્મિક અને આધ્યાત્મિક મહત્વ છે.ભારતના મહાન અમર રૂષી મુનિઓમાં ભગવાન પરશુરામની ગણના થાય છે. તારીખ ૨૯ એપ્રિલના રોજ ભગવાન પરશુરામજીની જન્મ જયંતિ આવી રહી છે. બહ્મ સમાજ સહિત સર્વે લોકો ખૂબ ઉત્સાહ પુર્વક જન્મજંયતિ નીમિતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે પરંતુ તાજેતરમાં જમ્મુકાશ્મિરના પહલગામમાં આંતકવાદીઓએ પ્રવાસીઓને ટાર્ગેટ કરી અંધાધુધ ગોળીબાર કર્યો . આંતકવાદી ઘટનામાં અંદાજે ૨૭ લોકોનાના મોત થયા છે. આતંકી ઘટનાથી આજે સમગ્ર દેશ શોકમા છે ત્યારે બ્રહ્મ સમાજના કન્વીનર ડો.યજ્ઞેશ દવેએ સૌ બ્રહ્મસમાજના સંગઠનોને વિનંતી કરી છે કે જ્યારે દેશમા શોકનો માહોલ છે ત્યારે ભગવાન પરશુરામની જન્મજયંતિ સાદગીથી ઉજવીએ. ભગવાન પરશુરામજીનો જન્મોત્સવ આપણે ફરી ઉજવી શકીશું આંતકી ઘટનામાં ભોગબનનાર મૃતકોને શ્રદ્ધાંજલી અર્પણ કરી શકીએ તે અર્થે સાદગીથી ઉત્સવ કરીએ જેમાં ડીજે,ઢોલનગારાનો ઉપયોગ ન કરીએ અને કાર્યક્રમની શરૂઆતમાં દિવગંત આત્માને શ્રદ્ધાંજલી અર્પણ કરીએ.

અક્ષય તૃતિયાના ખાસ દિવસે ભગવાન પરશુરામજીનો જન્મ થયો હતો, આ દિવસે દાન તેમજ સારા કાર્યોના પ્રારંભ કરવાની પરંપરા છે. મહાઆરતી અને મૃતકોને શ્રદ્ધાંજલી અર્પણ કરવી તેમજ ભજનકીર્તનના કાર્યક્રમ કરવા અપીલ કરવામાં આવી છે.

સમાજના પ્રમુખ ભરતભાઇ રાવલ,મહામંત્રીઓ અશ્વીનભાઇ ત્રીવેદી, ગીરીશભાઇ ત્રીવેદી અને સમાજના અગ્રણી અમિતભાઇ દવેએ સમાજના મુખ્ય કન્વીનર ડો.યજ્ઞેશભાઇ દવેની આ અપીલને સમર્થન આપ્યું છે.

# નિયમિત વોકિંગ અને આહાર નિયંત્રણ થકી નીતાબેને ૨૦ કિલો વજન ઘટાડ્યું

## મેદસ્વિતા ઘટતાં ઘૂંટણનો દુખાવો ગાયબ, બોર્ડરલાઈન પર આવેલા બીપી, સુગર નોર્મલ થયા

**અબતક, રાજકોટ**

''એક સમયે મારું વજન લગભગ ૯૫ કિલો હતું. થોડું ચાલવાનું થાય તો ઘૂંટણમાં દુખાવો થવા લાગતો, બ્લડપ્રેશર અને ડાયાબિટિશના લક્ષણો શરૂ થઈ ગયા હતા... પણ આજે મારું વજન ૭૫ કિલો છે. રોજ કલાક વોક કરું છું. સળંગ દોઢ-બે કલાક ચાલી શકું. કોઈ તકલીફ નથી થતી.'' આ શબ્દો છે રાજકોટનાં ૪૭ વર્ષીય નીતાબહેન અશ્વિનભાઈ ગોસ્વામીના.

ત્રણેક વર્ષ પહેલાં વધુ પડતા વજન, મેદસ્વિતાથી પરેશાન નીતાબહેન આજે મેદસ્વિતામુક્ત છે. ગુજરાત સરકારે શરૂ કરેલા 'મેદસ્વિતામુકત ગુજરાત અભિયાન'ને તેઓ સારી પહેલ માને છે.

રાજકોટના ભક્તિનગરમાં ગાયત્રીનગર મેઈન રોડ વિસ્તારમાં રહેતાં નીતાબહેન ગોસ્વામી કહે છે કે, ત્રણેક વર્ષ અગાઉ મારું વજન ૯૪ કિલો ૯૦૦ ગ્રામ જેટલું હતું. વધુ વજનના કારણે ડાયાબિટિશ તથા બી.પી.ની સમસ્યા પણ શરૂ થઈ ગઈ હતી અને તેના નિયંત્રણ માટે દવાઓ લેવી પડતી હતી. ઘૂંટણનો દુખાવો થવા લાગ્યો હતો. પગથિયા ચઢતી વખતે હાંફ ચઢતી હતી. ડોક્ટરને બતાવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે, સ્વસ્થ જીવન જીવવું હશે તો મેદસ્વિતા-વજન ઓછું કરવું જ પડશે. નહીં તો દવાઓ લેવી પડશે.

એવી કઈ ક્ષણ હતી કે વજન ઘટાડવા મક્કમ નિર્ધાર કર્યો?



એ પછી ધીમે-ધીમે રોજ સાંજે ચાલવાનો ક્રમ શરૂ કર્યો. આ સાથે ખોરાકમાં સુગરવાળા, ભારે કાર્બોદિત તથા ફેટવાળા પદાર્થો લેવાના બંધ કર્યા. બહારનું જમવાનું પણ બંધ કર્યું. ઘરે પણ જરૂર પૂરતું જ ભોજન લેવાનું, ઓવર ઈટિંગ નહીં કરવાનું. શરૂઆતમાં ચાલવામાં તકલીફ તો પડતી. પણ નિર્ધાર અડગ હતો. શરૂઆતમાં ૧૫થી ૨૦ મિનિટ વોક કરતી. પછી શરીરમાં સ્ફૂર્તિ આવતી ગઈ તેમ ચાલવાનો સમય વધારતી ગઈ.

તેમણે ઉમેર્યું હતું કે, આ સાથે બોર્ડરલાઈન પર આવી ગયેલા બી.પી., ડાયાબિટિસ એકદમ નોર્મલ થઈ ગયા છે. ઘૂંટણનો દુખાવો પણ ગાયબ થઈ ગયો છે. શરીરમાં સ્ફૂર્તિ લાગે છે. હવે પગથિયાં પણ સહેલાઈથી ચઢી શકાય છે. હવે તંદુરસ્તી ખૂબ સારી થઈ ગઈ છે, તો ચાલવાનો પણ ઉમંગ રહે છે. હાલમાં જ ચોટીલાનો ડુંગર ચઢીને આવ્યા છે અને તે પણ થાક્યા વિના!

# ભારતના નવ નિર્માણમાં પંચાયતી રાજ સંસ્થાઓને જોડવાનું કામ ભાજપે કર્યું: પ્રવિણાબેન રંગાણી

## પંચાયતી રાજ દિવસ નિમિતે જિલ્લાઓનો કાર્યક્રમ પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં પડધરીના ખંભાળા ગામે યોજાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી એ એક અખબારી યાદીમાં જણાવ્યુ હતું કે પંચાયતી પંચાયતી રાજના ત્રિસ્તરીય માળખામાં જિલ્લા પંચાયત સૌથી મોખરાના સ્તરે આવે છે. ત્યારે વડાપ્રધાન મોદી ના કુશળ નેતૃત્વ હેઠળ કેન્દ્ર અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના નેતૃત્વમાં રાજ્ય ની ભાજપ સરકારે ગામડાઓને આત્મનિર્ભર,સશક્ત,સમૃધ્ધ અને સક્ષમ બનાવવા વિવિધ જન કલ્યાણકારી યોજના અમલમાં મુકેલ છે




ગ્રામીણ ભારત આપણી સંસ્કૃતિ અને સમૃદ્ધિનો પાયો છે અને તે પાયાને રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે બિહારનાં મધુબની ખાતે સંબોધન દરમ્યાન વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ભારતનો વિકાસ ગ્રામીણ ભારતના વિકાસ સાથે જોડાયેલો છે.ભારતીય જનતા પાર્ટીની સરકારે પોતાની નીતિઓ અને નિર્ણયોના કેન્દ્રમાં ગ્રામીણ ભારત અને કિસાનોને રાખી પંચાયતી રાજની ત્રિસ્તરીય સંસ્થાઓને બળ પૂરું પાડ્યુ છે.

રાજયકક્ષાનો કાર્યક્રમ મહેસાણા ખાતે અને જિલ્લા કક્ષાનો કાર્યક્રમ તથા ખાસ ગ્રામ સભા પડધરી તાલુકાના ખંભાળા ખાતે વડાપ્રધાનની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન પંચાયત વિકાસને ઉત્તેજન આપવા અંગે, ગ્રામ્ય વિસ્તારમાં ગરીબી નાબૂદી ,યુવાનોઅને મહીલાઓ ને રોજગારી,ગ્રામજનો આત્મનિર્ભર અને સમૃદ્ધ બને તે રીતનુ માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ.

" વિકસિત ગામ થકી વિકસિત ભારત" ના પ્રધાનમંત્રીના સૂત્રને સાર્થક કરવા આપણે સૌ સહભાગી થઈએ તેમ અંતમાં રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી એ જણાવ્યું હતું જિલ્લા કક્ષાના આ કાર્યક્રમમાં વિસ્તારનાં ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, પૂર્વ ધારાસભ્ય બાવનજીભાઈ મેતલીયા, ડીડીઓ અનંદુ સુરેશ ગોવિંદ, ડે. ડીડીઓ જય ગોસ્વામી, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ રોહિતભાઈ ચાવડા, તાલુકા ભાજપ પ્રમુખ નિલેશભાઈ ડોડીયા, તાલુકા પંચાયતનાં હોદેદારો, સંગઠનનાં હોદેદારો, વિસ્તારનાં મહાનુભાવો, અગ્રણીઓ,ટીડીઓ ,તાલુકા પંચાયતનાં અધિકારી ઓ,સરપંચ , તલાટી કમ મંત્રી, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## પીપળવાળી મેલડીમાં મિત્ર મંડળ આયોજીત સમુહ લગ્નોત્સવ સંપન્ન

**અબતક, રાજકોટ**

રાજકોટ કૃષ્ણનગર મેઈન રોડ ખાતે પીપળવાળી મેલડી માતાના મંદિરે દર વર્ષની જેમ સમુહ લગ્નમાં ૧૩ દંપતિએ પ્રભુતામાં પગલા માંડયા હતા. દાતાઓ દ્વારા પ્રાપ્ત થયેલ સોના-ચાંદી તથા જીવન જરુરીયાતની ચીજ-વસ્તુઓ કન્યાઓને કરીયાવર રુપે અપાયેલ હતી. વાજતે ગાજતે ધામ ધુમે આ શુભ પ્રસંગ ઉજવાયો હતો.

આ પ્રસંગે મીમીકી આર્ટીસ્ટ તુલસીદાસ ગોંડલીયા એ પ્રસંગને અનુરુપ કલાનો ઉપયોગ કરેલ હતો.



આ પ્રસંગે સંતો-મહંતો, સમાજના નામી અગ્રણીઓએ ઉપસ્થિત રહી શોભામાં અભિવૃધ્ધિ કરી દીકરીઓને રુબરુ કરીયાવર આપેલ તેમજ શુભકામનાઓ પાઠવેલ હતી. રાત્રીના માતાજીના નવરંગ માંડવાનું સુંદર આયોજન થયેલ હતું.

આ પ્રસંગને સફળ બનાવવા જય પીપળવાળી મેલડીમાં મિત્ર મંડળ ગુરુપ્રસાદ ચોક તથા ભકતોએ જહેમત ઉઠાવી હતી.

# પિરામીડ પબ્લીકેશન દ્વારા ગ્રંથપાલોનું સન્માન

## પુસ્તક દિવસ નિમિતે ગ્રંથપાલોનાં યોગદાન બદલ તેમને બિરદાવાયા

**અબતક,રાજકોટ**

વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે, પિરામિડ પબ્લિકેશને એક પહેલ કરી ગ્રંથપાલોનું તેમના નિવાસ સ્થાને જઈને શિલ્ડ અને પુસ્તક રૂપે એવોર્ડ આપી સન્માન કર્યું હતું. આ કાર્યક્રમમાં સાહિત્ય જગતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.પિરામિડ પબ્લિકેશનના પ્રતિનિધિઓએ ગ્રંથપાલોના મહત્વ વિશે વાત કરી.

આ પ્રસંગે કેટલાક વરિષ્ઠ ગ્રંથપાલોને તેમના વર્ષોના અમૂલ્ય યોગદાન બદલ વિશેષ સન્માનિત કરવામાં આવ્યા. સન્માનિત




ગ્રંથપાલોએ પિરામિડ પબ્લિકેશનનો આભાર માન્યો અને કહ્યું કે આ સન્માન તેમને તેમના કાર્યને વધુ ઉત્સાહથી કરવા માટે પ્રેરણા આપશે.

માત્ર ગ્રંથપાલ નહી પરંતુ ડો. રાજેશ ત્રિવેદી (ચીફ લાઈબ્રેરીયન, પી.ડી.યુ. ગવર્મેન્ટ મેડીકલ કોલેજ માત્ર ગ્રંથપાલ નહી પરંતુ એક લેખક અને સમાજસેવક પણ છે. તેઓ પોતાના લેખો દ્વારા સમાજનાં ઊંડાણપૂર્વકનાં પ્રશ્નોને સ્પર્શે છે

તેમના વિચારો અને માહિતીની રાષ્ટ્રીય સ્તરે પણ નોંધ લેવાઈ છે,

તેમણે પોતાની લેખન અને સમાજસેવાના કાર્યોથી એક આગવી ઓળખ ઊભી કરી છે દિલીપભાઈ ભટ્ટ (રીટા. લાઈબ્રેરીયન, એચ.એચ.બી. કોટક ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ, રાજકોટ.) એક એવા ગ્રંથપાલ છે.

# પાકિસ્તાની નાગરિકોને તત્કાલ પરત મોકલવા ગૃહ મંત્રાલયનો આદેશ

## ગૃહમંત્રી અમિત શાહે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાત કરીઃ ગૃહ મંત્રાલયે પાકિસ્તાન સંબંધિત તમામ વિઝા રદ કરવાના પણ નિર્દેશો આપ્યા

**અબતક, નવી દિલ્હી**

પહેલગામ હુમલા બાદ ગૃહ મંત્રાલયે એક મોટો નિર્ણય લીધો છે.જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે એક મોટો નિર્ણય લીધો છે. ગૃહ મંત્રાલયે પાકિસ્તાન સંબંધિત તમામ વિઝા રદ કરવાના નિર્દેશો આપ્યા છે. આ સંદર્ભમાં ગૃહમંત્રી અમિત શાહે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાત કરી છે. અમિત શાહે મુખ્યમંત્રીઓને કહ્યું છે કે તેઓ શક્ય તેટલી વહેલી તકે પાકિસ્તાનના લોકોને પોતપોતાના રાજ્યોમાંથી કાઢી મૂકે. ગૃહમંત્રીએ અધિકારીઓ સાથેની બેઠક બાદ આ નિર્ણય લીધો છે.

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત સરકાર સતત એક્શન મોડમાં છે. આ હુમલા પછી, ભારત સરકારે સૌપ્રથમ ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ જળ સંધિ મુલતવી રાખી. ભારતે પાકિસ્તાનને ઔપચારિક પત્ર લખીને સિંધુ જળ સંધિ સ્થગિત કરવાની જાણ કરી હતી.

બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠકમાં કડક નિર્ણયો લેવામાં આવ્યા હતા,

જેમાં સિંધુ જળ સંધિ મુલતવી રાખવાનો નિર્ણય પણ સામેલ હતો. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૬૦ થી સિંધુ જળ સંધિ અમલમાં છે. સિંધુ નદીને પાકિસ્તાનની જીવાદોરી માનવામાં આવે છે. ૨૧ કરોડથી વધુ વસ્તી તેમની પાણીની જરૂરિયાતો પૂરી કરવા માટે સિંધુ અને તેની ચાર ઉપનદીઓ પર આધાર રાખે છે. ઉપરાંત અટારી બોર્ડર બંધ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો. ભારત આવેલા પાકિસ્તાની નાગરિકોને આ માર્ગે પાછા ફરવા માટે ૧ મે સુધીનો સમય આપવામાં આવ્યો છે. ભારતમાં પાકિસ્તાની હાઈ કમિશનમાં તૈનાત પાકિસ્તાની સંરક્ષણ સલાહકારોને દેશ છોડવા માટે એક અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો હતો. ઉપરાંત, બંને હાઈ કમિશનમાં તૈનાત કર્મચારીઓની સંખ્યા ૫૦ થી ઘટાડીને ૩૦ કરવામાં આવી હતી.

૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ પ્રવાસીઓ માર્યા ગયા હતા જ્યારે ૧૭ લોકો ઘાયલ થયા હતા.


# આર્યસમાજ હાથીખાનાની સુવર્ણ જયંતિ મહોત્સવનો કાલે પ્રારંભ

## ૧૫૦ કુંડી યજ્ઞ, ભજન તથા પ્રવચનમાં આર્યજગતના વિદ્વાનો હાજરી આપશે

**અબતક, રાજકોટ**

આર્યસમાજ હાથીખાનાની ૫૦મી સ્વર્ણ જયંતી મહોત્સવની શ્રૃખલામાં આર્ય સમાજ હાથીખાના તથા આર્યસમાજ માયાણી-નગર રાજકોટ કાલે તથા તા. ૨૭ એપ્રિલ ચૈત્રવદ તેરસ તથા ચૈત્ર વદ અમાવસ્યા (૨૦૮૧) ના રોજ સ્વર્ણ જયંતી મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે.

આર્ય સંસ્કૃતિ વિશ્વની પ્રાચીનત્તમ સંસ્કૃતિ છે એટલે સૃષ્ટિના આરંભથી વૈદિક વ્યવસ્થા હતી. ત્યારબાદ જન સમુદાય અનેક મત પંથ કે અનેક સંપ્રદાયોમાં વિભક્ત થઈ ગયા. જેથી વિભક્ત સમાજને પુનઃ સંગઠિત કરવા માટે મહર્ષિ સ્વામી દયાનંદ સરસ્વતીજીએ આર્યસમાજ જેવા મહાન સંગઠનની સ્થાપના કરી હતી. પાછલા ૧૫૦ વર્ષોમાં આર્ય સમાજે




સામાજિક તથા આધ્યાત્મિક ચેતના જગાવવાનો પ્રયાસ કરેલ છે. અંધ વિશ્વાસથી ભરેલ વિવિધ માન્યતાઓને દૂર કરીને માનવ સમાજને સંગઠિત કરવાનું ભગીરથ કાર્ય આર્ય સમાજનું કાર્યક્ષેત્ર છે. કાલે તથા તા. ૨૭ એપ્રિલ શનિવાર-રવિવાર ચૈત્ર વદ તેરસ તથા ચૈત્રવદ અમાવસ્યા (૨૦૮૧) કાર્યક્રમની રૂપરેખા કાલે શનિવારે ૧૫૦ કુંડી યજ્ઞ સાંજે - ૫ વાગ્યેથી ભજન, પ્રવચન સાંજે ૬:૩૦ થી ૭:૩૦ વાગે યોજાશે તેમજ રવિવારે સાંજે ૫ થી ૮ કલાકે ભજન,વિદ્વાનો ના પ્રવચન યોજાશે.

ઉપરોકત કાર્યક્રમમાં આર્ય પરિવારો તથા દરેક ધાર્મિક ભાઈ- બહેનોને લાભ લેવા આર્યસમાજના પ્રમુખ નટવરસિંહ પરમાર તથા મંત્રી વિજયભાઈ બોરીચા દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# ૨૩ વર્ષ જુના માનહાની કેસમાં મેધા પાટકરની ધરપકડ

## દિલ્હીના તત્કાલિન એલજી વિનય સક્સેનાએ વર્ષ ૨૦૦૧માં મેધા પાટકર સામે માનહાનિનો કેસ દાખલ કર્યો'તો

**અબતક, રાજકોટ**

દિલ્હી પોલીસે નર્મદા બચાવો આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવનાર મેધા પાટકરની ૨૩ વર્ષ જુના માનહાનિના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. દિલ્હીના તત્કાલિન એલજી વિનય સક્સેનાએ વર્ષ ૨૦૦૧માં મેધા પાટકર સામે માનહાનિનો કેસ દાખલ કર્યો છે. તેમને આજે (૨૫મી એપ્રિલ) સાકેત કોર્ટમાં રજૂ કરવામાં આવશે. સામાજિક કાર્યકર મેધા પાટકરના વકીલે દિલ્હી હાઈકોર્ટમાંથી તેમની અરજી પાછી ખેંચી લીધી છે. કોર્ટ દ્વારા જાહેર કરાયેલા બિનજામીનપાત્ર વોરંટના



આધારે દિલ્હી પોલીસે મંગળવારે મોડી રાત્રે મેધા પાટકરની નિઝામુદ્દીન રેલવે સ્ટેશનથી ધરપકડ કરી હતી.મળતી માહિતી અનુસાર, દિલ્હી હાઈકોર્ટે મેધા પાટકરના વકીલને નવી અરજી દાખલ કરવાની મંજૂરી આપી છે. દિલ્હી હાઈકોર્ટ આજે જ મેધા પાટકરની નવી અરજી પર સુનાવણી કરશે. સાકેત કોર્ટે પ્રોબેશન બોન્ડ રજૂ કરવા અને ૧ લાખ રૂપિયાનો દંડ ભરવાના આદેશનું ઈરાદાપૂર્વક ઉલ્લંઘન કરવા બદલ મેધા પાટકર વિરુદ્ધ બિન-જામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. ઉલ્લેખનીય છે કે, મેધા પાટકર અને વી.કે. સક્સેના બંને ૨૦૦૦ થી કાનૂની લડાઈ લડી રહ્યા છે, જ્યારે મેધા પાટકરે વીકે સક્સેના વિરુદ્ધ તેમના અને નર્મદા બચાવો આંદોલન (એનબીએ) વિરુદ્ધ જાહેરાત પ્રકાશિત કરવા બદલ કેસ દાખલ કર્યો હતો.મેધા પાટકર એક સામાજિક કાર્યકર છે જે દેશના આદિવાસીઓ, દલિતો, ખેડૂતો, મજૂરો અને મહિલાઓ દ્વારા ઉઠાવવામાં આવેલા કેટલાક રાજકીય અને સામાજિક મુદ્દાઓ પર કામ કરે છે. તેઓ મુખ્યત્વે નર્મદા વેલી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (એનવીડીપી) દ્વારા વિસ્થાપિત લોકો સાથેના તેમના કામ માટે જાણીતા છે. એનવીડીપીએ મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં નર્મદા નદી અને તેની ઉપનદીઓ પર બંધ બાંધવા માટેની મોટા પાયે યોજના છે.

### આધુનીક રેલ પરીવહનનું સ્વપ્ન થયું સાકાર

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારને ચાર નવી ટ્રેનોની આપી 'ભેટ'

## અમૃત ભારત એક્સપ્રેસ, નમો ભારત રેપીડ રેલ, સહિત બે ટ્રેનોને લીલીઝંડી

**અબતક,રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધુબની જિલ્લાના લોહના ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ત્રણ નવનિર્મિત રેલ્વે લાઇન રાષ્ટ્રને સમર્પિત કરી અને બિહારને ચાર નવી ટ્રેનોની ભેટ આપી. પ્રધાનમંત્રીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જે ટ્રેનોને લીલી ઝંડી આપી હતી તેમાં જયનગર પટના નમો ભારત રેપિડ રેલ અને સહરસા-લોકમાન્ય તિલક અમૃત ભારત એક્સપ્રેસ અને બે પેસેન્જર ટ્રેનોનો સમાવેશ છે.

નમો ભારત રેપિડ રેલ વિશે વિગતો આપતાં, રેલવે બોર્ડના માહિતી અને પ્રચાર એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર દિલીપ કુમારે પત્રકારોને જણાવ્યું હતું કે બે શહેરો વચ્ચે હાઇ-સ્પીડ, આધુનિક રેલ પરિવહનનું સ્વપ્ન હવે વાસ્તવિકતા બની ગયું છે. નમો ભારત રેપિડ રેલ એ અમૃતકાલમાં ભારતીય રેલ્વેના વિકાસનો નવો સારથિ છે. આ ટ્રેન દેશના આંતરિક ભાગોમાં સ્થાનિક લોકોને શહેરી મુસાફરી માટે આધુનિક સુવિધાઓની ખાતરી આપે છે. તેમણે કહ્યું કે નમો ભારત રેપિડ રેલ આધુનિક સુવિધાઓથી સજ્જ છે. આ ઈન્ટરસિટી ટ્રેન જયનગરને પટના સાથે જોડશે. ૧૬ કોચમાં ૨ હજારથી વધુ મુસાફરોની ક્ષમતા ધરાવતી આ ટ્રેનનું સંચાલન બિહારના વિકાસને નવી ગતિ આપવા જઈ રહ્યું છે. આ ટ્રેન જયનગર અને પટના વચ્ચે મધુબની, દરભંગા, સમસ્તીપુર, બેગુસરાય, મોકામા અને પટના જિલ્લાઓને જોડશે.

અમદાવાદ-ભુજ પછી આ દેશની બીજી 'નમો ભારત' ઝડપી રેલ સેવા છે. આનાથી બે શહેરો વચ્ચેનું અંતર તો ઘટશે જ, સાથે સાથે બિહારના સપનાઓને પણ નવી ઉડાન મળશે.

આ ટ્રેનની એક ખાસ વાત એ છે કે તે 'કવચ' સુરક્ષા સિસ્ટમથી સજ્જ છે. દરેક કોચમાં સીસીટીવી કેમેરા, ફાયર ડિકટેશન સપ્રેશન સિસ્ટમ અને ઈમરજન્સી ટોક-બેક સિસ્ટમ સલામત મુસાફરીની ખાતરી આપે છે.

ટ્રેનના કોચમાં ઓટોમેટિક દરવાજાવાળા સેમી પરમાનેન્ટ કપ્લર્સ યુક્ત છે, જે મુસાફરોને કોઈ પણ પ્રકારનો ઝટકો અનુભવવા દેતા નથી. આ હાઈ સ્પીડ મુસાફરીને સરળ અને સુરક્ષિત બનાવે છે.

ટ્રેનમાં રૂટ-મેપ ઈન્ડિકેટર પણ છે, જે દરેક સ્ટેશન વિશે માહિતી પ્રદાન કરશે. ઓપન લાઈન રેલ્વેમાં આ સુવિધા પહેલીવાર પૂરી પાડવામાં આવી રહી છે. ઈમરજન્સી લાઈટિંગ, એલઈડી લાઈટિંગ અને અલ્ટ્રા મોર્ડન ડિઝાઈન મુસાફરોને શાંત અને સારી રીતે પ્રકાશિત વાતાવરણ પૂરું પાડે છે.

સહરસા અને લોકમાન્ય તિલક વચ્ચે દોડતી અમૃત ભારત એક્સપ્રેસ વિશે વાત કરતા, રેલવે બોર્ડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરે જણાવ્યું હતું કે અમૃત ભારત ૨.૦ ટ્રેન ભારતીય રેલવેની એક આધુનિક પહેલ છે.

આ ટ્રેન સામાન્ય મુસાફરોને ઓછા ભાડામાં સારી સુવિધાઓ, આરામ અને સ્વદેશી ટેકનોલોજીનો અનુભવ આપે છે. આ ટ્રેન ખાસ કરીને મધ્યમ વર્ગ અને અંત્યોદય માટે ડિઝાઈન કરવામાં આવી છે. તેના કોચ સંપૂર્ણપણે ભારતમાં બનેલા છે અને આત્મનિર્ભર ભારતની ભાવનાને વધુ મજબૂત બનાવે છે.

અમૃત ભારત ટ્રેન સુવિધાજનક છે. તેનો દેખાવ અને ડિઝાઈન પણ ખૂબ જ આકર્ષક છે. તે પ્રીમિયમ ટ્રેનનો અનુભવ આપે છે. રેલ્વેનો પ્રયાસ છે કે સામાન્ય માણસ પણ ગૌરવ અને આરામથી મુસાફરી કરી શકે અને આ વિચારને ધ્યાનમાં રાખીને આ ટ્રેન શરૂ કરવામાં આવી છે.

આ ટ્રેન એલએચબી પુશ-પુલ ટ્રેન છે. સારી ગતિ માટે, તેના બંને છેડા પર એન્જિન લગાવવામાં આવ્યા છે, જે ઉર્જાનો વપરાશ ઘટાડે છે.

ટ્રેન ઝડપથી વેગ પકડી શકે છે અને બ્રેક લગાવી શકે છે. ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાકની મહત્તમ ગતિ પણ તેને ગતિમાં માસ્ટર બનાવે છે. તેના કોચમાં ફોલ્ડેબલ સ્નેક્સ ટેબલ, મોબાઈલ હોલ્ડર, ફોલ્ડેબલ બોટલ હોલ્ડર જેવી સુવિધાઓ છે. ઉપરાંત, રેડિયમ ઈલ્યૂમિનેટેડ ફ્લોરિંગ સ્ટ્રીપ, એર સ્પ્રિંગ બોગી વગેરે જેવી સુવિધાઓ મુસાફરીને વધુ આરામદાયક બનાવે છે. દરેક શૌચાલય ઈલેક્ટ્રો-ન્યુમેટિક ફ્લશિંગ સિસ્ટમ, ઓટોમેટિક સાબુ ડિસ્પેન્સર અને એરોસોલ-આધારિત ફાયર સેપ્રેશન પ્રણાલી જેવી સુવિધાઓથી સજ્જ છે, જે સ્વચ્છતા અને સલામતીને પ્રાથમિકતા આપે છે. દરેક મુસાફર માટે ઝડપી મોબાઈલ ચાર્જિંગ પોર્ટ, પેન્ટ્રી કાર અને વધુ સારી અને આરામદાયક બેઠકો પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત, દિવ્યાંગો માટે ખાસ શૌચાલયોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી બધા મુસાફરોને સમાન સુવિધાઓ મળી શકે.

# ખાંભામાં ઓનર કિલિંગ: પ્રેમમાં પડેલી પુત્રીને પિતાએ મોતને ઘાટ ઉતારી

## ઈશિકાને કાના સાથે લગ્ન કરવા’તા પણ બાપએ આબરૂના નામે ઓશિકા વડે ગળાટુંપો આપી દીધો

**અબતક**
**પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાના ખાંભાના ડેડાણ ગામમાં એક કરુણ ઘટના સામે આવી છે, જ્યાં પિતાએ ૨૨ વર્ષીય પુત્રીની હત્યા કરી દીધી હતી. યુવતીના પ્રેમસંબંધને કારણે પરિવારજનો નારાજ હતા. દરમિયાન દીકરી પણ જીદે ચડી હતી. યુવતીને ગામના હિન્દુ યુવક કાના સાથે લગ્ન કરવા પરંતુ અન્ય ધર્મના હોવાથી પિતા રાજી ન હતા. દીકરીએ જીવના જોખમને પગલે ૧૮૧ અભયમની મદદ માગી હતી. ટીમ પહોંચી પણ હતી. જોકે, ઈજ્જત બચાવવાના નામે પિતાએ વ્હાલસોયી દીકરીની ગળુ દબાવી હત્યા કરી હતી. એટલું જ નહીં તેને ઘરમાં વ્યવસ્થિત સુવાડી દીધી હતી. ટીમ પહોંચી પણ દીકરી ન ઉઠી એટલે પોલીસ આવતાં બનાવનો ભાંડો ફૂટ્યો હતો. પોલીસ આ બનાવમાં ફરિયાદી બની છે. ખાંભાના ડેડાણ ગામમાં ઓનરકિલિંગની ઘટના



સામે આવી છે. ઈશિકાબેન ખોખર નામની ૨૨ વર્ષીય યુવતીને ગામના કાના નામના વ્યક્તિ સાથે પ્રેમસંબંધ હતો. પરિવારજનો અન્ય જગ્યાએ યુવતીની સગાઈ કરી લગ્ન કરવા માંગતો હતો. પંરતુ યુવતી તેના કાના સાથે પ્રેમસંબંધ આગળ વધારવા માંગતી હતી. આ દરમિયાન દીકરીને પ્રેમસંબંધ હોવાથી સમાજમાં આબરૂ જવાની બીકે યુવતીનો સગો બાપ એવો મજીદભાઈ ગુલાબભાઈ ખોખરે રાત્રિના સમયે ગળું દબાવી હત્યા કરી મોતને ઘાટ ઉતારી દેતા ચકચાર મચી ગઈ છે. ઘટનાને લઈ ખાંભા પોલીસ એ.એસ.પી.જયવીર ગઢવી સહિત પોલીસ અધિકારીઓની ટીમ ઘટના સ્થળે પહોંચી ખાંભા પોલીસ ફરિયાદી બની આરોપી પિતા સામે હત્યાનો ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ખાંભા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.રવિરાજ સિંહ ચૌહાણ જાતે જ ફરીયાદી બન્યા હતા. જેમાં ફરિયાદ નોંધાઈ તે પ્રમાણે વહેલી સવારે મહિલા હેલ્પલાઈન ૧૮૧ અભયમની ટીમ ડેડાણ ગામમાં મજીદભાઈના ઘરે પહોંચી હતી. જેમાં યુવતી ઈશિકાબેને મદદ માટે બોલાવેલા હોવાથી ટીમ અહીં યુવતી કંઈ બોલી નહીં શકતા હોય. આ ગંભીરતા દાખવી ખાંભા પોલીસને બોલાવવામાં આવી હતી. હત્યા પહેલા ઈશિકાબેનએ ૧૮૧ની અભ્યમ ટીમ પાસે મદદ માંગી હતી. અન્ય વ્યક્તિ સાથે પ્રેમસંબંધ હોય અને પિતા પરિવાર જબરજસ્તીથી અન્ય સાથે લગ્ન કરાવવા માંગતા હતાં. યુવતીને કાના સાથે લગ્ન કરવા હતા. પરિવાર આ કાનો હિન્દુ સમાજમાંથી આવતા હોવાને કારણે પિતા, પરિવાર ના પાડતા હતા. યુવતીને કાના સાથે પ્રેમસંબંધ હોવાથી લગ્ન કરવા ઈચ્છતા હતા. રાત્રિના સમયે હત્યા પહેલા અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનને જાણ કરી મદદ માંગવામાં આવી હતી.

### યુવતીએ માંગેલી મદદને પગલે અભયમ ટીમ પહોંચે તે પૂર્વે લાડકવાયીને પિતાએ ‘સુવડાવી’ દીધી

હત્યા પહેલા ઈશિકાબેનએ ૧૮૧ની અભ્યમ ટીમ પાસે મદદ માંગી હતી. અન્ય વ્યક્તિ સાથે પ્રેમસંબંધ હોય અને પિતા પરિવાર જબરજસ્તીથી અન્ય સાથે લગ્ન કરાવવા માંગતા હતાં. યુવતીને કાના સાથે લગ્ન કરવા હતા. પરિવાર આ કાનો હિન્દુ સમાજમાંથી આવતા હોવાને કારણે પિતા, પરિવાર ના પાડતા હતા. યુવતીને કાના સાથે પ્રેમસંબંધ હોવાથી લગ્ન કરવા ઈચ્છતા હતા. રાત્રિના સમયે હત્યા પહેલા અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનને જાણ કરી મદદ માંગવામાં આવી હતી. પરંતુ, અહીં પહોંચી પરિવારજનોને પૂછતાં કહ્યું- સૂતી છે, બોલાવતા, બોલતી નહીં હોવાને કારણે પોલીસને બોલાવતા ફાંડો ફૂટ્યો હતો.

(પહેલા પાનાનું ચાલું)

### નકસલ-આતંકવાદ...

જણાવ્યું હતું કે છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર સૌથી મોટું નકસલ વિરોધી ઓપરેશન બુધવારથી ચાલુ કરી દેવામાં આવ્યું છે. જેમાં અત્યાર સુધીમાં પાંચ નક્સલવાદીઓ માર્યા ગયા છે, ત્રણ મૃતદેહો મળી આવ્યા છે અને અનેક નક્સલવાદી ઠેકાણાનો નાશ કરવામાં આવ્યો છે. આ નિર્ણાયક સંયુક્ત ઓપરેશન બહુવિધ ચુનંદા એકમો દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું છે. પહેલી વાર ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર જંગલી વિસ્તારોમાં દળોને હવામાં ઉતારવા માટે તૈનાત કરવામાં આવ્યા છે.

સીઆરપીએફ અને તેની ચુનંદા કોબ્રા બટાલિયન, છત્તીસગઢની ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી), સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ), બસ્તર ફાઈટર્સ, મહારાષ્ટ્રના સી-૬૦ કમાન્ડો અને આંધ્રપ્રદેશના ગ્રેહાઉન્ડ્સનો સમાવેશ થાય છે. ગુપ્ત માહિતી મુજબ જે વિસ્તારનો સુરક્ષા એજન્સીઓએ ઘેરાવ કર્યો છે તેમાં પીપલ લિબ્રેશન આર્મી અને બટાલિયન નંબર ૧ ના ૧૫૦ થી વધુ હાર્ડકોર નક્સલીઓ સાથે અનેક ટોચના કમાન્ડરોની હાજરીનો સંકેત આપવામાં આવ્યો છે.

પ્રથમ વખત ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર જંગલી વિસ્તારોમાં વ્યૂહાત્મક રીતે હવામાં ઉતારવા માટે તૈનાત કરવામાં આવ્યા છે, જે બળવાખોરી વિરોધી રણનીતિમાં નોંધપાત્ર પરિવર્તન દર્શાવે છે. મુખ્ય ઉદ્દેશ્ય હિડમા જેવા ટોચના નક્સલી કાર્યકરોને પકડવાનો અથવા બેઅસર કરવાનો છે જે અબુજમઢ પ્રદેશ દેવા અને દામોદરમાં અનેક ઘાતક માઓવાદી હુમલાઓ માટે જવાબદાર છે.

હિડમાને દક્ષિણ બસ્તરમાં નક્સલવાદનો મુખ્ય સૂત્રધાર માનવામાં આવે છે અને અનેક ઘાતક હુમલાઓ માટે તે વોન્ટેડ છે. દેવા બીજો એક નકસલી કમાન્ડર છે. અહેવાલો સૂચવે છે કે દામોદર અને અન્ય ટોચના બળવાખોરો પણ આ પ્રદેશમાં હાજર હોઈ શકે છે. નક્સલી કમાન્ડ માળખાને તોડી પાડવા માટે આ કમાન્ડરોને નેસ્ત નાબૂદ કરવા મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

સંયુક્ત કામગીરી વેંકટપુરમ મંડલના વીરભદ્રમ, તાડાપલા, નિચેન્ના, વાજેદુ મંડલ અને મોરુમુરુના ગાઢ જંગલ વિસ્તારોને નક્સલીઓના કબજામાંથી મુક્ત કરવા પર કેન્દ્રિત છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સતત નકસલ વિરોધી કાર્યવાહીને કારણે સીઆરપીએફ જેવા દળો સંબંધિત રાજ્ય પોલીસ સાથે સંકલનમાં એક સમયે ’મુખ્ય’ નક્સલવાદી વિસ્તારોમાં વધુ ઊંડાણમાં આગળ વધી રહ્યા છે અને આગળના સંચાલન મથકો સ્થાપિત કરી રહ્યા છે.

અધિકારીએ જણાવ્યું કે ૫,૦૦૦ થી વધુ સુરક્ષા કર્મચારીઓ આ વ્યાપક કાર્યવાહીમાં સામેલ છે. જેમાં ૩૦૦થી વધુ નક્સલવાદીઓને ઘેરી લેવામાં આવ્યા હોવાના અહેવાલ છે. જેમાં સમયાંતરે ગોળીબાર ચાલુ રહે છે. છત્તીસગઢ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ગુપ્તચર માહિતી સૂચવે છે કે બટાલિયન નંબર ૧ ના ટોચના નક્સલવાદી કમાન્ડરોને ઘેરી લેવામાં આવ્યા છે, જેનાથી મોટી સફળતાની આશા જાગી છે.

### નદીઓના પાણી...

વીજ પ્રોજેક્ટ્સ અને પાણી સંગ્રહ માળખાના નિર્માણ પર હશે.

ટોચની પ્રાથમિકતામાં ૫૪૦ મેગાવોટ ક્વાર, ૧,૦૦૦ મેગાવોટ પાકલ દુલ, ૬૨૪ મેગાવોટ કિરુ, ૩૯૦ મેગાવોટ કિર્થાઈ ૧ અને ૯૩૦ મેગાવોટ કિર્થાઈ ૨ તથા ૧,૮૫૬ મેગાવોટ સાવલકોટ સહિત અનેક હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સનું બાંધકામ શામેલ છે, જે ૩,૦૦૦ મેગાવોટથી વધુ વીજળી ઉત્પન્ન કરશે અને જમ્મુ અને કાશ્મીરના પાવર ઈન્વેન્ટરીમાં ૧૦,૦૦૦ મિલિયન યુનિટ ઉમેરશે તેવી અપેક્ષા છે.

આ પગલું જમ્મુ અને કાશ્મીર માટે મહત્વપૂર્ણ હોઈ શકે છે કારણ કે તુલબુલથી બાગલીહાર, કિશનગંગા, રાતલે, ઉરી, લોઅર કાલનાઈ સહિત અનેક ભારતીય પાવર પ્રોજેક્ટ યોજનાઓ પાકિસ્તાન દ્વારા આઈડબ્લ્યુટી હેઠળ પ્રોજેક્ટ ડિઝાઈન અથવા કાનૂની જોગવાઈઓ પર વારંવાર વાંધાઓ ઉઠાવવાને કારણે અટકી ગઈ છે. પાકિસ્તાનના વલણને કારણે ભારત તેના ઉપરના નદી કિનારાના વિસ્તારોમાં હાલના ડેમ પ્રોજેક્ટ્સમાંથી પાણી કાઢી શકતું નથી કે તેને સાફ કરી શકતું નથી.

### ભારતીય વિમાનો...

જાહેરાતને કારણે વૈકલ્પિક માર્ગ અપનાવવો પડશે. તેણે આ સ્થિતિ બદલ મુસાફરોને થયેલી અવગણતા બદલ દિલગીરી પણ વ્યક્ત કરી હતી. જોકે તેણે સ્પષ્ટ કર્યું હતું કે મુસાફરો અને ક્રૂની સલામતી અમારા માટે મહત્વની છે.

એર ટ્રાફિક કન્ટ્રોલરે જણાવ્યું હતું કે અમેરિકા અને યૂરોપની કેટલીક ફ્લાઈટ્સનો સમય આશરે બે થી અઢી કલાક લંબાઈ જશે. વિમાની કંપનીઓ તેમની વિમાનની યોજના જણાવશે પછી જ ચિત્ર સ્પષ્ટ થશે. જાણવાની વાત એ છે કે પાકિસ્તાની એરસ્પેસ ભારત માટે અત્યંત મહત્વનું છે કેમ કે ભારતીય વિમાની કંપનીઓ તેનો વ્યાપક ઉપયોગ કરે છે.

વિમાની ઉદ્યોગ જગતના લોકોનું કહેવું છે કે પાકિસ્તાની એરસ્પેસ બંધ થતાં ભાડમાં આઠથી ૧૨ ટકાનો વધારો સંભવ છે. જો આ લાંબો સમય સુધી ચાલશે તો હવાઈ ભાડું વધુ વધી શકે છે. ફ્લાઈટનો સમય હાલ કરતાં વધી જશે તો તેના પરિણામે પે લોડનો મુદ્દો ઊભો થશે અને આથી વિમાની કંપનીઓએ વિમાનોમાં વજન ઓછું રહે તેની પણ કાળજી રાખવી પડશે. આમ ઓપરેશન કોસ્ટ્સ વધતા તેમજ પેલોડ નિયંત્રણોને કારણે વિમાની કંપનીઓની નાણાકીય સ્થિતિ ડામાડોળ થઈ શકે છે. આમેય હાલમાં જ આ કંપનીઓની સ્થિતિ સારી નથી. તેઓ ઓછા માર્જિનથી કામગીરી કરી રહી છે.

### એલઆઈસી...

અસરગ્રસ્ત પરિવારો સુધી પહોંચવા અને તેમના દાવાઓનું તાત્કાલિક નિરાકરણ લાવવા માટે તમામ શક્ય પ્રયાસો કરશે. વીમા નિયમનકારી સંસ્થા આઈઆરડીએઆઈના નિયમો અનુસાર, મોટાભાગની જીવન વીમા પોલિસીઓ આતંકવાદ, યુદ્ધ અથવા કુદરતી આપત્તિઓમાં થયેલા મૃત્યુને આવરી લે છે, સિવાય કે પોલિસીમાં કોઈ ખાસ બાકાત દર્શાવવામાં આવ્યું હોય. આથી, પહેલગામ હુમલાના પીડિતોના પરિવારોને વીમાનો લાભ મળવાપાત્ર રહેશે. આ ઉપરાંત, કર્ણાટક, જમ્મુ અને કાશ્મીર અને મહારાષ્ટ્રની રાજ્ય સરકારોએ પણ આ હુમલાના પીડિતોના પરિવારો માટે આર્થિક સહાયની જાહેરાત કરી છે.

(ચોથા પાનાનું ચાલુ)

### ક્રિકેટ કોચીંગ કેમ્પ...

દીપકભાઈ બકરાણીયા, હસમુખભાઈ હિંડોચા, સુરેન્દ્રભાઈ પટેલ, લલિતભાઈ વોરા, શૈલેષભાઈ મકવાણા (કો-ઓપ્ટ), હરેશભાઈ ઠક્કર (કો-ઓપ્ટ), વિનોદ કુમાર શર્મા (જનરલ મેનેજર-સીઈઓ)ના માર્ગદર્શક હેઠળ વિપુલભાઈ દવે-ભરતભાઈ કુંવરીયા-અજયભાઈ ચાવડા (વહીવટી ઈન્ચાર્જ), કૌશિકભાઈ અઢીયા (કોચ અને ફીલ્ડ ઈન્ચાર્જ), હિતેશભાઈ ચોકસી-કમલેશભાઈ રાઠોડ-વૈરાજભાઈ જાની (સંયોજક), મુરલીભાઈ દવે, રજનીકાંત રાયચુરા, જયેશભાઈ છાટપાર, મનીશભાઈ શેઠ, કામેશ્વરભાઈ સાંગાણી, ભવાનીસિંહ રાઠોડ, ખુમેશભાઈ ગોસાઈ, હિતેષભાઈ રાચ્છ, જયભાઈ ચગ, દર્શનભાઈ જોષી, નિગભાઈ ટાંક, મનસુખભાઈ ગજેરા, પરાગભાઈ બુદ્ધદેવ, આનંદભાઈ જરીયા, આકાશભાઈ વાછાણી, સાગરભાઈ શાહ, દ્વારકેશભાઈ ઝીંઝુવાડીયા, પ્રદીપસિંહ સરવૈયા, દિ લીપભાઈ જાદવ, નિલેશભાઈ શાહ, ધર્મેશભાઈ ટાંક, દિનેશભાઈ ગોહેલ, પ્રતીકભાઈ ધામેચા, અલ્પેશભાઈ જોબનપુત્રા, વિનયભાઈ વિરમગામા, રાજભાઈ કનેરીયા, ધર્મેન્દ્રભાઈ રાઠોડ, અલ્પેશ મહેતા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

### અરિહંત ઈન્વેસ્ટમેન્ટ...

કરીએ. શીપ એટલે - સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન - એક એવો રસ્તો, જેનાથી દર મહિને થોડું થોડું રોકાણ કરીને લાંબા ગાળે મોટું ભવિષ્ય ઊભું કરી શકાય છે.શીપના માધ્યમથી લોકો પોતાના સપનાઓને સાકાર કરી શકે છે.મ્યુચ્યુઅલ ફંડના રોકાણો બજારના જોખમોને આધીન હોય છે. રોકાણ કરતા પહેલા બધા જ જરૂરી દસ્તાવેજો ધ્યાનપૂર્વક વાંચવા.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આજ હેતુને ધ્યાનમાં લઈને અરિહંત ઈન્વેસ્ટમેન્ટ દ્વારા આગામી તારીખ ૩૦- ૪-૨૦૨૫ને બુધવારે હેમુ ગઢવી હોલ મેઈન ઓડિટોરિયમ ટાગોર રોડ ખાતે રાજકોટની જનતાને મ્યુચ્યુઅલ ફંડ અંગે સરળ સચોટ અને સાચી માહિતી મળી રહે તે માટે રોકાણસેતુ અંતર્ગત ’ધન કી બાત’ નામક એક વિશેષ રોકાણકાર સેમીનારનું આયોજન કરેલું છે. જેમાં ફાઈનાન્સિયલ કોચ ધનંજય બંઢીયા માર્ગદર્શન પૂરું પાડશે.

આ કાર્યક્રમમાં ગુજરાતી ફિલ્મોના પ્રખ્યાત અભિનેતા,વક્તા, બેંકર અને લેખક હર્ષલ માંકડ, જાણીતા ફિલ્મ ડિરેક્ટર રક્ષિત વસાવડા અને જાણીતા કલાકાર હર્ષિત ઢેબરની ટીમ દ્વારા નાટક ‘‘ભરોસો‘‘ પ્રસ્તુત કરવામાં આવશે. જે નાના રોકાણનો મોટો ચમત્કાર દર્શાવશે તો સાથે સાથે ભરોસામાં રોકાણ અને રોકાણ પર ભરોસોના સૂત્રને ચરિતાર્થ કરશે.

વિશેષ નોંધ લેવા જેવી વાત એ છે કે, આ સમગ્ર કાર્યક્રમ અને નાટક ‘ભરોસો’ની રચનાથી લઈને રજૂઆત સુધીના દરેક પાસાં માટે મેહુલભાઈ રવાણી છેલ્લા ત્રણ મહિનાથી સતત તૈયારીમાં લાગેલ છે. તેઓએ આ કાર્યક્રમને માત્ર એક માહિતીપ્રદ ઈવેન્ટ તરીકે નહિ, પણ લોકોને નાણાકીય સાક્ષરતા તરફ સચોટ દિશામાં આગળ ધપાવવાનો પ્રયાસ કર્યો છે.

હર હંમેશ કંઈક નવું કંઈક અલગ કંઈક ઉપયોગી કંઈક અનોખું આપની સમક્ષ લઈને આવીએ છીએ માટે આ સેમિનારમાં અમો રાજકોટની જનતાને હૃદય પૂર્વક આવકારીએ છીએ. આ સેમિનારમાં ભાગ લેવા ઈચ્છુક રાજકોટીયન્સે વત્સલ રવાણી ૬૩૫૪૬ ૮૩૩૦૨, રાધિકા આડેસરા, પ્રાચી શર્મા ૯૮૨૫૮ ૯૪૮૫૭, દેવાંગ સાટીયા ૯૮૨૫૮ ૮૨૫૩૯ સહિતના કોઈ પણ એક નંબર પર રજીસ્ટ્રેશન કરવું અનિવાર્ય છે.

અરિહંત ઈન્વેસ્ટમેન્ટ ઓફિસ નં ૩૦૧ ત્રીજા માળે, સાધના ડાઉન ટાઉન બિલ્ડીંગ, જ્યુબેલી ચોક, પંજાબ નેશનલ બેંકની બાજુમાં, ગાંધી મ્યુઝિયમની સામે, રાજકોટ, આપના ફાઈનાન્સિયલ પ્લાનિંગ માટે મુલાકાત કરવા જણાવેલ છે.

### લોકવિજ્ઞાન કેન્દ્ર...

કરવામાં આવેલ, જેમાં ૪૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો તેમાં ૩૨ સ્પર્ધકોએ સ્વરચિત રચનાઓ રજુ કરી હતી એ રીતે ઉભરતી કાવ્યપ્રતિભાઓને એક સુંદર અને સુદ્રઢ પ્લેટફોર્મ આપવામાં લોક વિજ્ઞાન કેન્દ્ર નિમિત બન્યું હતુ. સ્પર્ધામાં સ્પર્ધકો તેમજ ભાવકો દ્વારા બહુજ બહોળો પ્રતિસાદ સાંપડેલો. નિર્ણાયક તરીકે લક્ષ્મીબેન ડોબરિયા અને હર્ષિદાબેન ત્રિવેદીએ સેવા આપી હતી. નિર્ણાયકો દ્વારા શ્રેષ્ઠ ત્રણ પઠન કર્તાઓની પસંદગી કરીને રોકડ ઈનામ આપવામાં આવેલ. તેમજ દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના ટ્રસ્ટી કે.ટી.હેમાણી, ડો. શકુંતલાબેન નેને તથા સ્વાતિબેન પંડ્યાએ યોગદાન આપેલ. નિર્ણાયક લક્ષ્મીબેનએ સ્પર્ધકોને છંદ વિશે માહિતી આપી અને કેવી રીતે કાવ્ય વ્યક્ત કરવુ તે સમજાવેલ.

### કિચ સ્કુલ ઓફ ડિઝાઈન...

વર્ષ ની પુર્ણાહુતી ના મંગલ અવસરે વિશાળ ઉપસ્થિતિ વચ્ચે હર્ષ-ઉલ્લાસ સભર વાતાવરણમાં દીપ પ્રાગટ્ય થકી સમારોહ ની શુભ શરૂઆત કરવામાં આવેલ હતી,

કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ટ્રસ્ટી ગણ કૌશિકભાઈ શુકલ, હર્ષલભાઈ મણીઆર, ડો.સંજીવભાઈ ઓઝા, ડો.નરેન્દ્રભાઈ દવે, ડો.નવીનભાઈ શેઠનાં વડપણ તથા ઈપ્સાના નિયામક આર્કિ. કિશોરભાઈ ત્રિવેદી ના માર્ગદર્શન હેઠળ સંસ્થાના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓ એ જહેમત ઉઠાવેલ હતી.

(૧૨માં પાનાનું ચાલુ)

### વલ્લભાચાર્યના પ્રાગટ્ય ઉત્સવ

ભાઈઓ બહેનો સહિત અનેક કીર્તન યા મંડળીઓ અને કીર્તન ગાન સાથે વિરાટ બગી-રથ ૧૦ થી વધુ મહાપ્રભુજીના જીવન દર્શનને રજૂ કરતા દિવ્ય અને સુંદર પ્લોટ્સ ઉપરાંત લાલ, કેસરી સાફાધારી બાઈક ચાલક યુવા વૈષ્ણવ ની ટીમે આ શોભાયાત્રામાં ચાર ચાંદ લગાવ્યા હતા, આ ઉપરાંત વૈષ્ણવ આચાર્ય મધુસુદન લાલજી ના વરદ હસ્તે જુદી જુદી ૩૬ ૩૬ ગૌશાળાઓમાં ૨૦૦૦ કિલો લાડુ તથા ૪૦૦૦ મણ લીલું નીરણ નાખવામાં આવ્યું હતું તેમજ ઝૂંપડપટ્ટી ના બાળકો માટે ભોજન તેમજ વૃદ્ધાશ્રમમાં આઈસ્ક્રીમ પારેવાને ત્રણ ૩૦૦ કિલો ચણ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતુંવાજતે ગાજતે રશાલો શહેરના દરબારગઢ ચોક થી સોની બજાર માંડવી ચોક થઈ કોઠારીયા નાકા પહોંચી હતી તેમજ જુદી જુદી હવેલી મંદિર ગૃહો દ્વારા સુશોભિત કરવામાં આવેલ્સ જોડાઈ શોભાયાત્રા ની ભવ્યતામાં વધારો કર્યો હતો. બેલેસ રોડ ગુંદાવાડી જિલ્લા ગાર્ડન ચોક વસુંધરા ખાતે ધર્મસભામાં પરાવર્તિત કરાયું હતુ આચાર્યનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું, તેમજ શહેરભરના તમામ હવેલી ગૃહ સાથે જોડાયેલા વૈષ્ણવો અગ્રણીઓ દ્વારા શોભાયાત્રા નું ગૌરવ વધારવામાં આવ્યું હતુ

### બેરિયાટ્રિક સર્જરીથી

અમે આજે જે ત્રણેય સર્જરીઝ કરી. તે દરેક વ્યક્તિની જરૂરિયાત મુજબની વ્યક્તિગત યોજનાનું પ્રદર્શન છે. આ લઘુત્તમ ઘાટની સર્જરીઝ જીવન બદલાવનારી હોય છે - અને આવાં કાર્યક્રમો અન્ય તબીબી ક્ષેત્રના સહયોગીઓ માટે અંધારું દૂર કરે છે.

ડો મહુલ વિકાણી, CIIS હોસ્પિટલના બેરિયાટ્રિક સર્જન અને આયોજક, એ જણાવ્યું ‘‘આ gsp ફક્ત સર્જરીની ચર્ચા નહોતી - પરંતુ મોટાપાના આરોગ્ય પરના વ્યાપક અસરો અને સમયસર રેફરલની મહત્વ પર કેન્દ્રિત હતી. ૧૦૦થી વધુ ડોકટરોની ઉપસ્થિતિ અને સક્રિય ભાગીદારી એ દર્શાવે છે કે આપણે એકસાથે દર્દીઓ માટે વધુ મજબૂત સ્વાસ્થ્ય વ્યવસ્થાની રચના કરી શકીએ

### શહેર કોંગ્રેસ પ્રમુખ

જાડેજા સહિત કુલ ૧૦ વ્યક્તિઓએ સેન્સ દરમિયાન પોતાની દાવેદારી રજૂ કરી હતી. સાંજ સુધીમાં આ આંકડો વધવાની પણ શક્યતા જણાઈ રહી છે. કોંગ્રેસ દ્વારા રાજ્યભરમાં સંગઠન માળખાને મજબૂત કરવા માટે હાલ સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. નિરિક્ષકો દ્વારા દરેક જિલ્લા અને શહેરના પ્રમુખ માટે ૬-૬ નામોની પેનલ બનાવી હાઈકમાન્ડ સમક્ષ રજૂ કરવામાં આવશે. ૩૧મી મે સુધીમાં નવા અધ્યક્ષના નામની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવશે.

### ડો રિવેલા પ્રસાદ

જવાબદારી સોંપવામાં આવશે.

રાજ્યમાં કોંગ્રેસના નવા સંગઠનની શરૂઆત એઆઈસી ના નિરીક્ષક સાથે રાજકોટ શહેર અંગે પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા નિયુક્તિ કરવામાં આવી છે. સંગઠનમાં યુવાનો, મહિલા, એસટી, એસટી, ઓબીસી ને પૂરતું પ્રત્યુતર મળે સંગઠન સૃજન અભિયાનમાં કોઈને અન્યાય ન થાય અને દરેકને મહત્વ મળી રહે તે પ્રકારે આગામી દિવસોમાં એઆઈસીસી સુચનાનુસાર માળખું જાહેર કરવામાં આવશે. ઘરમાં સામાન્ય લોકો પાસેથી પણ અભિપ્રાય લેવામાં આવશે. રાજકારણમાં જૂથવાદ સામાન્ય છે. છતાં ઉપર હોવા છતાં ભાજપ માં ભયંકર જૂથવાદ છે. જૂથવાદના પગલે ભારતીય જનતા પક્ષમાં રાષ્ટ્રીય લેવલે અને રાજ્ય લેવલે પ્રમુખ પદને નિમણૂક ટલ્લે ચડી છે. કાર્યકર્તાઓ હોય તેને એના લાયકાત મુજબ નવા નેતૃત્વમાં સ્થાન મળશે સ્થાનિક પ્રમાણે સ્થાન અપાશે કોંગ્રેસ એક મજબૂત સંગઠન બનાવી આગામી દિવસોમાં ભાજપને ભરી પીવા સજ્જ થઈ જશે. જે કાર્યકર્તાઓ સ્થાનિક લેવલે સામાજિક સેવાકીય અને લોકપ્રશ્ને લડત ચલાવતા હશે તેવા કાર્યકર્તાઓનું રિપોર્ટિંગ થશે અને યથા યોગ્ય સ્થાન મળશે.

પત્રકાર પરિષદમાં એઆઈસીસીના નિરીક્ષક ડો. રીવેલા પ્રસાદ, ગુજરાત કોંગ્રેસ કોંગ્રેસ સમિતિ દ્વારા કરેલા નિરીક્ષકો માં પૂર્વ ધારાસભ્ય ઋત્વિકભાઈ મકવાણા, ભાવનગર મહાનગરપાલિકા ના વિરોધ પક્ષના પૂર્વ નેતા જયદીપસિંહ ગોહિલ, જામનગર શહેરના એડવોકેટ એમ કે બ્લોચ, ઝાકીરભાઈ ચૌહાણ, શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, વશરામભાઈ સાગઠીયા, રાજદીપસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

### સખી મેળા

વી. બી. બસીયાએ શાબ્દિક સ્વાગત અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ. કે. વસ્તાણીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. કાર્યક્રમમાં પહલગામ દુર્ઘટનાના દિવંગતોને મૌન પાળીને શ્રદ્ધાંજલિ અપાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ દ્વારા ૦૪ મે સુધી આયોજિત સરસ મેળામાં ૫૦ ક્રાફટ સ્ટોલ અને ૧૧ લાઈવ ફૂડ સ્ટોલ મળીને કુલ ૬૧ સ્ટોલ ઉપલબ્ધ છે. જેમાં રાજકોટ જિલ્લાના વિવિધ તાલુકાના કુલ ૨૨ સ્વસહાય જૂથોનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદ સુરેશ ગોવિંદ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીઈલાબેન ગોહિલ સહિત અધિકારીઓ, કર્મચારીઓ, સખી મંડળની બહેનો તથા સ્ટોલધારકો ઉપસ્થિત રહ્યાં હતાં.

(છેલ્લા પાનાનું ચાલુ)

### યલો એલર્ટ...

ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૧.૬ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૯.૯ ડિગ્રી, દક્ષિણ ગુજરાતના વડોદરાનું તાપમાન ૪૦.૪ ડિગ્રી, અને દમણનું તાપમાન ૩૪.૨ ડિગ્રી નોંધાયું છે. એપ્રીલ માસ ખૂબજ ગરમ રહ્યો છે. આકાશમાંથી અગનવર્ષા યથાવત રહેવા પામી છે. હીટવેવના પ્રકોપના કારણે બપોરનાં સમયે રાજમાર્ગો પર સ્વયંભૂ સંચાર બંધી જેવો માહોલ જોવા મળે છે.

કાળઝાળ ગરમીમાં સનસ્ટ્રોકનાં કેસ પણ વધ્યા છે. રાજય સરકાર દ્વારા પણ માર્ગદર્શીકા જાહેર કરી દેવામાં આવી છે. શાળાનો સમય સવારનો કરી દેવામાં આવ્યો છે. બાંધકામ સાઈટ પર બપોરનાં સમયે શ્રમીકોને કામ ન કરાવવા પણ આદેશ આપવામાં આવ્યો છે.

### ‘સ્વાગત’ કાર્યક્રમ...

ફરિયાદ નિવારણ માટે ટેકનોલોજીના ઉપયોગની વાતો થતી હતી, ત્યારે તેમણે ૨૦૦૩માં ૨૪મી એપ્રિલના રોજ આ સ્વાગત ઓનલાઈનનો જનફરિયાદ નિવારણ કાર્યક્રમ શરૂ કરાવ્યો હતો.

ટેકનોલોજીના અસરકારક ઉપયોગથી નાગરિકો અને સરકાર વચ્ચે સેતુ સાધવાના મુખ્ય હેતુ સાથે સ્વાગત કાર્યક્રમ શરૂ થયો હતો. આ કાર્યક્રમ નાગરિકોની રોજિંદી ફરિયાદોનો ઝડપી, કાર્યક્ષમ અને સમયબદ્ધ રીતે ઉકેલ લાવવાનું ઉત્તમ માધ્યમ બન્યો છે.

મુખ્યમંત્રીએ એપ્રિલ-૨૦૨૫ના ચોથા ગુરૂવારે યોજાયેલા આ રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત અરજદારોની રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી હતી.

આ રાજ્ય સ્વાગતમાં મળેલી રજૂઆતો સંદર્ભે જણાવ્યું હતું કે, રાજ્યભરમાં યોજાતા સ્વાગત કાર્યક્રમમાં નાગરિકો પોતના વ્યકિતગત પ્રશ્નોની સાથે જાહેરહિતના પ્રશ્નોને વાચા આપી રહ્યાં છે એ સુશાસનની જ ખરી દિશા છે.

મુખ્યમંત્રીએ રાજ્ય સ્વાગતમાં શિક્ષણ, ખેડૂતોના પ્રશ્નો અન્વયે સોલાર પેનલ તેમજ પ્રાકૃતિક ખેતી અંગે ઉદ્યોગ સાહસિકતા સંસ્થા દ્વારા મેનેજમેન્ટ તાલીમ, જમીન રેકર્ડ વિસંગતતા તથા જમીન સંપાદન વળતર વગેરે જેવી અરજદારોની રજૂઆતોને રૂબરૂ સાંભળીને તે સંદર્ભમાં સંબંધિત તંત્રવાહકોને પ્રશ્નોના નિવારણ માટે પ્રો-એક્ટિવ અભિગમ અપનાવવા દિશાનિર્દેશો આપ્યાં હતા.

મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં દર મહિનાના ચોથા ગુરુવારે યોજાતા રાજ્ય સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નાગરિકો-અરજદારોએ પોતાની રજૂઆતો સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન રજૂ કરી હતી.

સ્વાગત પહેલમાં સમયાંતરે નીતનવા આયામો જોડાતા રહ્યાં છે એમાં ગત સુશાસન દિવસ ૨૫ ડિસેમ્બરે ઉમેરાયેલી ઓટો એસ્કલેશન સિસ્ટમ વધુ નાગરિકલક્ષી અભિગમ સાથે કાર્યરત કરવામાં આવી છે.

નાના માનવીની રજૂઆતો-સમસ્યાના ઉકેલ માટે શરૂ કરેલી ટેકનોલોજી આધારિત વ્યવસ્થાને વૈશ્વિક સ્તરે પણ પ્રતિષ્ઠા મળી છે. આ માટે યુનાઈટેડ નેશન્સનો પબ્લિક સર્વિસનો ઈન્ટરનેશનલ એવોર્ડ, ભારત સરકારનો નેશનલ એવોર્ડ સહિતના ગૌરવ સન્માન સ્વાગતને પ્રાપ્ત થયા છે.

રાજ્યભરમાં તમામ સ્તરે યોજાયેલા એપ્રિલ-૨૦૨૫ના સ્વાગતમાં ૩૭૦૦થી વધુ અરજીઓ મળી હતી તેમાંથી ૫૦ ટકા પ્રશ્નોનો સ્થળ પર જ ઉકેલ લાવવામાં આવ્યા છે.

રાજ્યકક્ષાના આ સ્વાગત કાર્યક્રમમાં ૧૮૦ જેટલા અરજદારોની રજૂઆતોને મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યાલય દ્વારા સાંભળીને યોગ્ય નિરાકરણ માટે કાર્યવાહી કરવામાં આવી હતી. આ પૈકી ૧૫ અરજદારોને મુખ્યમંત્રીએ રૂબરૂમાં સાંભળ્યા હતા.

જિલ્લા કક્ષાએ કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમો પણ નિયમિતપણે યોજાય છે, તેમાં એપ્રિલ-૨૦૨૫ના સ્વાગતમાં વિવિધ નાગરિકોની કુલ ૧૧૯૩ જેટલી રજૂઆતો રૂબરૂ સાંભળીને તેના નિરાકરણ માટે યોગ્ય સૂચનાઓ આપવામાં આવી હતી. તદઉપરાંત, રાજ્યભરમાં તાલુકા કક્ષાએ યોજાયેલા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ૨૪૦૨ જેટલી રજૂઆતો રૂબરૂ સાંભળીને તેના નિરાકરણ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ મનોજકુમાર દાસ, સચિવ અવંતિકા સિંઘ, ખાસ ફરજ પરના અધિકારી ધીરજ પારેખ, રાકેશ વ્યાસ તેમજ સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો અને અધિકારીઓ પણ જોડાયા હતા.

### સહકારી મંડળીઓનાં સભાસદ...

નેતૃત્વમાં પ્રથમવાર સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી છે ત્યારે સહકારી ક્ષેત્રમાં અગ્રેસર એવા ગુજરાતમાં પણ સહકારી મંડળીઓ સંબંધીત વહીવટમાં સુધારાઓ માટે સતત નિર્ણયો સહકાર વિભાગ લઈ રહ્યો છે. જેના ભાગરૂપે સહકારી મંડળીઓમાં થતી બિનજરૂરી મોંઘા વાહનોની ખરીદીની મર્યાદા નક્કી કરીને રાજ્ય સરકારે વધુ એક વખત સભાસદોના લાભ માટે સહકારી મંડળીઓનો વહીવટ વધુ પારદર્શક કરવા પ્રતિબદ્ધતા દર્શાવી છે.

રાજ્યમાં ૮૯,૦૦૦થી વધુ સહકારી મંડળીઓ આવેલી છે, જેમાં જિલ્લા દૂધ સંઘોથી લઈને જિલ્લા બેંકો જેવી મોટી મોટી સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. આની સાથે કરોડો સભાસદો જોડાયેલા છે, ત્યારે સહકાર વિભાગ દ્વારા સહકારી મંડળીઓના વિકાસની સાથે સાથે વહીવટમાં પારદર્શિતા લાવવા માટે મહત્વના નિર્ણયો કરવામાં આવી રહ્યાં છે. સરકાર દ્વારા એકબાજુ ભેટની મર્યાદામાં વધારો કર્યો તો બીજી બાજુ સહકારી મંડળીઓમાં થતી મોંઘા વાહનોની ખરીદી પણ રોક લગાવવામાં આવી છે. મંડળીઓને અલગ અલગ કેટેગરીમાં વિભાજિત કરીને, નિશ્ચિત મોડેલ વાળા વાહનોથી મોંઘા વાહનો ન ખરીદવા જણાવાયું છે .

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ ઉપરાંત સહકારી મંડળીઓના સભાસદ માટે અગાઉ પણ રાજ્ય સરકારે ડિવિડન્ડની મર્યાદા ૧૫% થી વધારીને ૨૦% સુધી કરી છે જેનો લાભ કરોડો સભાસદોને થયો છે ત્યારે સભાસદ ભેટ મર્યાદામાં પણ વધારો થવાથી કરોડો સભાસદો આનાથી લાભાન્વિત થવાના છે. સહકારી મંડળીઓમાં વાહનોની જરૂરિયાત રહે છે પરંતુ હોદ્દેદારો દ્વારા મંડળીઓમાં જરૂરી ન હોવા છતાં પણ મોંઘા વાહનોની ખરીદી કરવામાં આવતી હતી જે મંડળીના ફંડનો વ્યવસ્થિત વપરાશ નક્કી કરતો ન હતો જેથી રાજ્ય સહકારી કાઉન્સિલમાં સર્વાનુમતે લેવાયેલા નિર્ણય અનુસાર વાહનોની ખરીદી માટેની મર્યાદા નક્કી કરવામાં આવી છે.

### મંત્રી માંડવિયાનો નિર્ધાર...

મંત્રાલય તરફથી સંપૂર્ણ સહયોગ મળશે. મેં પહેલા પણ કહ્યું હતું કે અમે ઓફિસ સ્પેસ પણ આપીશું. જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં ૧૮ રૂમ તૈયાર છે. તમારે ફક્ત અરજી કરવાની છે. પણ ભાઈ અને ભત્રીજો કામ નહીં કરે. રમતગમત વહીવટ આ રીતે કામ કરતું નથી.

એનએસએફના કાર્યમાં ‘‘વધુ પારદર્શિતા અને જવાબદારી‘‘ ની જરૂરિયાત પર ભાર મૂકતા, રમતગમત મંત્રીએ બધા હિતધારકોને વધુ સારા પ્રદર્શન અને પરિણામો માટે એકમત થવા કહ્યું. મનસુખ માંડવિયાએ કહ્યું, ‘‘જો આપણે ૨૦૩૬ ઓલિમ્પિકનું આયોજન કરવા માંગીએ છીએ અને ૨૦૨૮ માં લોસ એન્જલસમાં આપણી મેડલ ટેલીમાં સુધારો કરવા માંગીએ છીએ, તો બધા હિસ્સેદારોએ તેમના સંસાધનો અને પ્રયત્નો એકત્રિત કરવા પડશે. આપણે પહેલા રાષ્ટ્ર વિશે વિચારવું પડશે, રમતવીરો દેશનું પ્રતિનિધિત્વ કરે છે, કોઈ સંગઠનનું નહીં.

## દુઃખદ અવસાન

**સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**



**જસદણ:** લેઉઆ પટેલ દિનેશભાઈ વેકરીયા (ઉ.વ.૫૫) તે રાઘવભાઈ કેશવભાઈ વેકરીયાના સુપુત્ર રાજેશભાઈના ભાઈ રામભાઈ, નિરાલીબેન, રિચાબેનના પિતા નરસિંહભાઈ, હરજીભાઈના ભત્રીજા અર્જુનભાઈના બાપુજીનું તા.૨૪ એપ્રિલ ૨૦૨૫ને ગુરૂવારના રોજ જસદણ મુકામે અવસાન થયેલ છે સદ્દગતનું બેસણું તા.૨૬ એપ્રિલ ૨૦૨૫ને શનિવારના રોજ સવારે ૮ થી ૧૧ તેમનાં નિવાસસ્થાન ’આર કે પેલેશ’ બજરંગ નગર જસદણ ખાતે રાખવામાં આવેલ છે

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સંપાદિત જમીનના વળતર માટે મોડેથી દાખલ થયેલી અપીલ ફગાવી શકાય નહિ: સુપ્રીમ

## અપીલ દાખલ કરવામાં વિલંબ થવાના આધાર પર જમીન માલિકોને વળતર આપવાનો ઈન્કાર ન કરો: સર્વોચ્ચ અદાલતનો આદેશ

**અબતક, રાજકોટ**

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં એક મહત્વપૂર્ણ અવલોકન કર્યું હતું કે, જમીન સંપાદન વળતર માટે અપીલ દાખલ કરવામાં વિલંબ થવાના આધાર પર જમીન માલિકોને ન્યાયિક અને વાજબી વળતર નકારી શકાય નહિ. વિલંબ એ જમીન ગુમાવનારાઓને તેમના વળતરનો ઈનકાર કરવાનું કારણ બની શકતું તેવો ચુકાદો સર્વોચ્ચ અદાલતે આપ્યો છે.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સંજય કરોલ અને મનમોહનની બનેલી બેન્ચ કેસની સુનાવણી કરી રહી હતી જ્યાં અપીલકર્તાએ હાઈકોર્ટ સમક્ષ ૪૯૦૮ દિવસ (૧૩.૫ વર્ષ) ના વિલંબ પછી રેફરન્સ કોર્ટ દ્વારા નક્કી કરાયેલ વળતર કરતાં વધુ વળતરની માંગણી કરીને અપીલ દાખલ કરી હતી. જોકે, હાઈકોર્ટે વિલંબને માફ કરવાનો ઈનકાર કર્યો હતો અને અપીલ ફગાવી દીધી હતી.

હાઈકોર્ટના નિર્ણયથી નારાજ, અપીલકર્તાએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. ત્યારે સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના નિર્ણયને બાજુ પર રાખીને નોંધ્યું હતું કે, હાઈકોર્ટે વિલંબને માફ કરવાનો ઈનકાર કરવામાં ભૂલ કરી છે. કોર્ટનો તર્ક




બંધારણના કલમ ૩૦૦એ હેઠળ સમાવિષ્ટ બંધારણીય સિદ્ધાંત પર આધારિત હતો. જે નાગરિકને બંધારણીય અધિકાર તરીકે મિલકતનો અધિકાર આપે છે અને રાજ્ય દ્વારા તેના પ્રખ્યાત ક્ષેત્રના અધિકારના ઉપયોગના ભાગરૂપે મિલકતથી વંચિત કરાયેલ વ્યક્તિને ન્યાયી અને વાજબી વળતર આપવાની જોગવાઈ કરે છે.

જોકે, કોર્ટે સ્પષ્ટ કર્યું કે જમીનથી વંચિત વ્યક્તિ વળતર મેળવવા માટે હકદાર હોવા છતાં યોગ્ય વળતર માટે દાવો દાખલ કરવામાં થયેલા વિલંબના સમયગાળા માટે કોઈ વ્યાજ આપી શકાતું નથી.

મામલામાં હુચનાગૌડા વિરુદ્ધ સહાયક કમિશનર, જમીન સંપાદન અધિકારીના કેસનો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જ્યાં કોર્ટે જમીન ગુમાવનારની ગરીબી અને નિરક્ષરતાને ધ્યાનમાં લેતા, ૨૦૦૦ દિવસથી વધુના વિલંબને માફ કર્યો હતો. જો કે, અવલોકન કર્યું હતું કે બજાર મૂલ્યનું નિર્ધારણ પ્રારંભિક


### અરજદાર વ્યાજ મેળવવા હકદાર નથી

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે જમીનથી વંચિત વ્યક્તિ વળતર મેળવવા માટે હકદાર હોવા છતાં યોગ્ય વળતર માટે દાવો દાખલ કરવામાં થયેલા વિલંબના સમયગાળા માટે કોઈ વ્યાજ આપી શકાતું નથી.

સૂચના સાથે સંબંધિત છે તેની ખાતરી કરીને ઈક્વિટીને સંતુલિત કરવી પડશે. ખાતરી કરીને કે સંપાદન કરનારા અધિકારીઓને કોઈ પૂર્વગ્રહ ન હોય તેમજ જમીન ગુમાવનારને કોઈ અનુચિત લાભ ન થાય. બીજા શબ્દોમાં કહીએ તો, જે અપીલકર્તાઓએ વિલંબ સાથે કોર્ટનો સંપર્ક કર્યો હતો તેમને આવા સમયગાળા માટે વ્યાજ આપવામાં આવશે નહીં.

ઉપરોક્ત ચર્ચાને ધ્યાનમાં રાખીને અમારું માનવું છે કે વિલંબ માફ કરવામાં આવવો જોઈએ. કારણ કે જમીન ગુમાવનાર વ્યક્તિએ હકીકતમાં અપીલ દાખલ કરવાની માંગ કરી હતી પરિણામે અપીલોને મંજૂરી આપવામાં આવે છે. વિવાદિત ચુકાદો અને આદેશોને બાજુ પર રાખવામાં આવે છે અને વિલંબ સિવાય તમામ પાસાઓ પર નવેસરથી વિચારણા માટે હાઈકોર્ટમાં મોકલવામાં આવે છે. ઉપરોક્ત અવલોકનોથી પ્રભાવિત થયા વિના આવી વિચારણા કરવામાં આવશે. જો કે, જે વિલંબિત સમયગાળાને માફ કરવામાં આવી રહ્યો છે તેના માટે અપીલકર્તા કોઈપણ વ્યાજ મેળવવા માટે હકદાર રહેશે નહીં તેવું કોર્ટે અવલોકન કર્યું હતું.


# અમેરિકાના કોન્સ્યુઅલ જનરલ માઈક હેન્કીએ લીધી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મૂલાકાત



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત મુંબઈમાં અમેરિકાના કોન્સ્યુલ જનરલ શ્રીયુત માઈક હેન્કીએ ગાંધીનગરમાં લીધી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ સૌજન્ય મુલાકાતમાં તેમણે ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે અમેરિકાની સહભાગીતાનો ઉલ્લેખ કર્યો હતો.આ સૌજન્ય મુલાકાતમાં મુખ્યમંત્રીએ ગુજરાત ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયા ઉત્પાદન અને નિકાસમાં વૈશ્વિક કેન્દ્ર બનવાના ઉદ્દેશ્ય સાથે ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે તેની ભૂમિકા આપી હતી. આ ઉપરાંત તેમણે ફાર્મા, સેમિકન્ડક્ટર, રિન્યૂએબલ એનર્જી સહિતના વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતમાં રહેલી સંભાવનાઓની પણ ચર્ચા કરી હતી. કોન્સ્યુલ જનરલ માઈકે પણ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૪માં અમેરિકાની ભાગાદારી અને પરસ્પર સહયોગના મુદ્દે ચર્ચા કરી હતી. આ સૌજન્ય મુલાકાતમાં મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ મનોજકુમાર દાસ, સચિવ અવંતિકા સિંઘ તથા ઉદ્યોગ વિભાગના ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા.

# આતંકી હુમલાના ઘાયલોને એચ.એન. હોસ્પિટલમાં મફત સારવાર આપશે: મુકેશ અંબાણીની જાહેરાત



**અબતક, રાજકોટ**

પહેલગામમાં થયેલા બર્બર આતંકવાદી હુમલામાં જાન ગુમાવનારા નિર્દોષ ભારતીયોના શોકમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ જણાવ્યું હતુ કે, પીડિતોના પરિવારો પ્રત્યે હૃદયપૂર્વકની સંવેદના વ્યકત કરીએ છીએ. હુમલામાં ઘાયલ થયેલા તમામ લોકો ઝડપથી અને સંપૂર્ણ સ્વસ્થ થાય તેવી અમારી પ્રાર્થના છે. મુંબઈમાં અમારી રિલાયન્સ ફાઉન્ડેશન સર એચએન હોસ્પિટલ તમામ ઘાયલોને મફત સારવાર આપશે.

આતંકવાદ માનવતાનો દુશ્મન છે. તે કોઈ પણ રીતે કોઈના થકી સમર્થનને પાત્ર નથી. આતંકવાદ સામેની નિર્ણાયક લડાઈમાં અમે અમારા માનનીય વડાપ્રધાન, ભારત સરકાર અને સમગ્ર દેશની સાથે મક્કમપણે ઊભા છીએ.

# ભારત-પાક. ટેન્શનની શેરબજાર પર અસર: ૧૫૨૫ પોઈન્ટની અફરાતફરી

## સેન્સેક્સમાં ૧૫૦૦થી વધુ અને નિફ્ટીમાં ૫૦૦થી વધુ પોઈન્ટનો ઉતાર-ચઢાવ: રોકાણકારો સાવચેતીના મૂડમાં

**અબતક, રાજકોટ**

કાશ્મીરમાં પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા પ્રવાસીઓ પર કરવામાં આવેલા હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. ગઈકાલ રાતથી સામ-સામે ગોળીબાર થઈ રહી છે. ભારત-પાક. વચ્ચે ટેન્શનની અસર શેરબજાર પર વર્તાઈ રહી છે. આજે ૧૫૨૫ પોઈન્ટની અફરાતફરી જોવા મળી હતી. એક તબક્કે સેન્સેક્સ ૧૫૦૦થી વધુ પોઈન્ટ તૂટ્યો હતો. ત્યારબાદ થોડી રિકવરી જોવા મળી હતી. આજે સવારથી મુંબઈ શેરબજારના બંને આગેવાનો ઈન્ડેક્સ રેડ ઝોનમાં ખૂલ્યા હતા. ઈન્ટ્રાડેમાં સેન્સેક્સે ૭૯૦૦૦ની સપાટી તોડી હતી અને ૭૮૬૦૫.૮૧ સુધી સરકી ગયો હતો. ઉપલી સપાટી ૮૦૧૩૦.૬૬ રહેવા પામી હતી. બજારમાં ૧૫૨૫ પોઈન્ટની અફરાતફરી જોવા મળી હતી. જ્યારે નિફ્ટીએ પણ આજે ઈન્ટ્રાડેમાં ૨૪૦૦૦ની સપાટી તોડી અને નીચલી સપાટી ૨૩૮૪૭.૮૫ના લેવલ સુધી પહોંચી ગયો હતો. ઉપલી સપાટી ૨૪૩૬૫.૪૫ રહેવા પામી હતી. નિફ્ટીમાં ૫૧૫ પોઈન્ટનો ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. આ લખાઈ રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૨૪૩ પોઈન્ટના ઘટાડા સાથે ૭૯૫૫૮ અને નિફ્ટી ૧૦૧ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪૧૪૫ પોઈન્ટ પર કામકાજ કરી રહી છે.

# એસ.એમ.સી.એ ટ્રકમાંથી ગાંજાના જથ્થા સાથે ગોંડલના ડ્રાઈવર તથા રાજકોટના ક્લિનરને ઝડપ્યા

## ૩૩ કિલો ગાંજા અને ટ્રક મળી રૂા.૨૩.૪૪ લાખનો મુદ્દામાલ કબ્જે: બે શખ્સની શોધખોળ



**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

એસએમસીની ટીમે અમદાવાદના પાર્થ ઈન્ડસ્ટ્રીઝ એરિયા પાસે ટ્રકમાંથી ૩.૩૧ લાખના ગાંજાના જથ્થા સાથે ગોંડલના ટ્રક ચાલક અને કલીનરને ઝડપી લીધા હતા. આ બંને શખસો ઓરિસ્સાના અમન નામના શખસ પાસેથી ગાંજાનો આ જથ્થો લાવ્યા હતા અને તેઓ ગોંડલમાં ગાંજાનું વેપલો કરતા હોવાનું જણાવ્યું હતું. જેમાં અન્ય એક શખસની પણ સંડોવણી ખુલી છે. એસએમસીએ ગાંજાનો જથ્થો અને ટ્રક સહિત કુલ રૂપિયા ૨૩.૪૪ લાખનો મુદ્દામાલ કબજે કરી અન્ય બંને શખસોને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

એસએમસી વડા નિર્લિપ્ત રાયના સુપરવિઝન હેઠળ ડીવાયએસપી કે.ટી.કામરીયાના માર્ગદર્શનમાં રાજ્યમાં ડ્રગ્સ-ગાંજાની હેરફેર અટકાવવા એસએમસીની ટીમ પ્રયત્નશીલ હતી. દરમિયાન પીઆઈ એ.જે.ચૌહાણ તથા તેમની ટીમને બાતમી મળી હતી કે, રિયાઝશાહ ફકીર (રહે. વોરાકોટડા રોડ, ગોંડલ) પોતાની ટ્રક નંબર જીજે ૩ ડીવી ૦૨૬૪ માં લોખંડના પાઈપની આડમાં માદક પદાર્થ લાવી હાલ સનાથલ સર્કલ નવાપુર રોડ ગોપાલ કોમ્પલેક્ષની પાછળ પાર્થ ઈન્ડસ્ટ્રીઝ સામે જાહેર રોડ પર હોવાની માહિતીના આધારે પીએસઆઈ કે.ડી.રવિયા તથા તેમની ટીમ તાકીદે પહોંચી હતી પાર્થ ઈન્ડસ્ટ્રીઝ સામે શંકાસ્પદ ટ્રક નજરે પડતાં ટ્રકમાં કેબીનની પાછળના ભાગે આવેલ કેરિયરના ભાગેથી રૂપિયા ૩,૩૧,૨૫૦ ની કિંમતનો ૩૩.૧૨૫ કિલો ગાંજાનો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસે ગાંજાના આ જથ્થા સાથે રિયાઝશાહ ઉંમરશાહ ફકીર (રહે. વોરા કોટડા રોડ, હુડકો ક્વાર્ટર ગોંડલ) તથા કલીનર ઝફર ઉર્ફે ભૂરો જીગરભાઈ સોલંકી (રહે. રૈયારોડ, રાજકોટ)ને ઝડપી લઈ ગાંજાનો આ જથ્થો અને ટ્રક સહિત કુલ રૂપિયા ૨૩,૪૪,૬૯૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા આ બંને શખસોને પૂછતાછ કરતા ગાંજાનો આ જથ્થો છત્તીસગઢ બોર્ડરને અડીને આવેલા ઓરિસ્સા રાજ્યની હદમાં ગંજામ જિલ્લાના જંગલ વિસ્તારમાંથી અમન (રહે. ગંજામ) પાસેથી લાવ્યાની અને આ બંને શખસો તથા મોઈન જીકરભાઈ સોલંકી સહિત ત્રણે મળી છૂટકમાં વેચતા હોવાની કબુલાત આપી હતી. જેથી આ અંગે એસએમસી પોલીસ સ્ટેશનમાં ચારેય શખસો વિરુદ્ધ એનડીપીએસ એકટની કલમ હેઠળ ગુનો નોંધી અન્ય બંને આરોપીઓને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે. આ અંગે વધુ તપાસ પી.એસ. આઈ. એચ.એ.રિશિન ચલાવી રહ્યા છે.

# જેતપુર નજીક દારૂ બિયરના જથ્થા સાથે માણાવદરના બે ઝડપાયા

## ૧૯૨ બોટલ દારૂ, ૭૬૮ બીયરના ટીન, મોબાઈલ અને ટ્રક મળી રૂ.૧૨,૦૦,૦૦૦નું મુદ્દામાલ કબજે

**અબતક, રાજકોટ**

રાજકોટ - પોરબંદર નેશનલ હાઈવે પર આવેલા જેતપુર નજીક મંડલીકપુર ગામ પાસે વિદેશી દારૂની ૧૯૨ અને બિયરના૭૬૮ ટીન સાથે માણાવદરના બે શખ્સોની ધરપકડ કરી દારૂ, બિયર ,ટ્રક અને મોબાઈલ મળી ૧૨ લાખનો મુદ્દામાલ કબજે કરી માણાવદરના બુટલેગરની શોધખોળ હાથ ધરી છે. વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લામાં વિદેશી દારૂ અને જુગારની બદી ડામી દેવા જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ એ આપેલી સૂચનાને પગલે એલસીબીના પીઆઈ ઓડેદરા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. ત્યારે માણાવદરના રઘુવીર પરા મા રેહતો વિપુલપુંજા ભારાઈ અને માણાવદરના ખાંભલા ગામનો મનસુખનાથ શિવનાથ ધર્મનાથ સહિત બંને શખ્સ જીજે ૧૧ વીવી ૭૦૦૩ નંબરના ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને આવી રહ્યો હોવાની એ.એસ.આઈ શક્તિસિંહ જાડેજા, કોન્સ્ટેબલ અરવિંદસિંહ જાડેજા અને કૌશિકભાઈ જોશી ને મળેલી બાતમીના આધારે પીએસઆઈ એચ સી ગોહિલ, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અનિલભાઈ બડકોદીયા, હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા, નિલેશભાઈ ડાંગર સહિતના સ્ટાફે મંડલીકપુર ગામ નજીક વોચ ગોઠવી હતી. ત્યારે પૂર ઝડપે આવતા ઉપરોક્ત નંબરના ટ્રકને અટકાવી ટ્રકની તલાસી લેતા જેમાંથી ૧.૯૮ લાખની કિંમતનો ૧૯૨ બોટલ વિદેશી દારૂ અને ૭૬૮ બિયરના ટીમ સાથે વિપુલ ભારાય અને મનસુખનાથ ધર્મનાથની ધરપકડ કરી પોલીસે દારૂ ,બિયર, વાહન અને મોબાઈલ મળી રૂપિયા ૧૨ લાખનો મુદ્દામાં કબજે કર્યો છે. ઝડપાયેલા દારૂમા લખન અર્જુન આહીર નામના શખ્સનું નામ ખુલતા તેની શોધખોળ હાથ ધરી છે.

# મુંબઈ ઝાયકા, પી-ગ્રીલ અને હોટ એન્ડ સ્પાઈસીમાંથી અખાદ્ય ખોરાક પકડાયો

## એક્સપાયર બેકરી પ્રોડક્ટ, નોનવેજ પ્રીપેડ ફૂડ, વાસી સોસ, ચટણી સહિત ૨૮ કિલો અખાદ્ય જથ્થાનો નાશ: આઠ સ્થળેથી મસાલા, મિનરલ વોટરના નમૂના લેવાયા

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા ચેકીંગ દરમિયાન મુંબઈ ઝાયકા, પી-ગ્રીલ અને હોટ એન્ડ સ્પાઈસી પેઢીમાંથી ૨૮ કિલો અખાદ્ય ખોરાકનો જથ્થો પકડાયો હતો. જેનો નાશ કરી પેઢીને નોટિસ આપવામાં આવી છે.

અલગ-અલગ આઠ સ્થળેથી મસાલા અને મિનરલ વોટરના નમૂના લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

શહેરના રૈયા રોડ પર સદ્‌ગુરૂ તીર્થધામમાં આવેલા મુંબઈ ઝાયકા નામની પેઢીમાં ચેકીંગ હાથ ધરાતા અહિંથી એક્સપાયર અને વાસી પ્રોડક્ટ, અખાદ્ય નોનવેજ ફૂડનો ૧૨ કિલોનો જથ્થો મળી આવ્યો હતો. જેનો નાશ કરી પેઢીને ફૂડ લાયસન્સ સંદર્ભે નોટિસ આપવામાં આવી હતી. જ્યારે પી-ગ્રીલ પેઢીમાં પણ વાસી બેકરી પ્રોડક્ટ અને અખાદ્ય સોસ અને ચટણીનો ૧૦ કિલોનો જથ્થો મળી આવતા તેનો પણ નાશ કરવામાં આવ્યો હતો. કાલાવડ રોડ પર ક્રિસ્ટલ મોલ સામે હોટ એન્ડ સ્પાઈસી પેઢીમાં ચેકીંગ દરમિયાન ૬ કિલો વાસી ખોરાક મળી આવ્યો હતો. જેનો સ્થળ પર નાશ કરી બંને પેઢીને નોટિસ આપવામાં આવી છે. રેલનગર ફાયર બિગ્રેડવાળા રોડ પર ખાણીપીણીની ૨૧ દુકાનોમાં ચેકીંગ હાથ ધરાયું હતું. જે અંતર્ગત હાઉસ ઓફ ફ્લેવર્સ, મોમાઈ જનરલ સ્ટોર્સ, રવિ રાંદલ જનરલ સ્ટોર્સ, ભગવતી પ્રોવિઝન સ્ટોર્સ, કે.કે. જનરલ સ્ટોર્સ, પીઠળ આઈ મઠો, લક્ષ્મીધારા આઈસ ડીસ, ચામુંડા ભાજીકોન, બાપા સિતારામ આઈસ્ક્રીમ અને ગોલા, મઢુલી રેસ્ટોરન્ટને ફૂડ લાયસન્સ સંદર્ભે નોટિસ આપવામાં આવી હતી. અલગ-અલગ આઠ સ્થળેથી વિવિધ પ્રકારના મસાલા



અને મિનરલ વોટરના નમૂના લેવામાં આવ્યા હતા.

# અદ્યતન ટેકનોલોજીથી સજજ "આઈ ખેડૂત ૨.૦ પોર્ટલ"નું કૃષિ મંત્રીના હસ્તે લોન્ચીંગ

## ૪૧ લાખથી વધુ ખેડૂતોએ રૂ. ૭,૬૭૦ કરોડથી વધુના યોજનાકીય લાભો આઈ-ખેડૂત પોર્ટલ મારફત મેળવ્યા

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારની કૃષિ, બાગાયત અને પશુપાલન સંબંધિત તમામ યોજનાઓનો અમલ અને સહાય ચૂકવણું આઈ-ખેડૂત પોર્ટલના માધ્યમથી થઈ રહ્યું છે. જેના પરિણામે ખેડૂતોને અનેક કૃષિલક્ષી યોજનાઓના લાભ ઘરે બેઠા, આંગળીના ટેરવે જ મળી રહ્યા છે. ખેડૂતો માટેના આ મહત્વપૂર્ણ આઈ-ખેડૂત પોર્ટલને નવીન ટેકનોલોજીના સહારે હવે વધુ અદ્યતન અને સુવિધાયુક્ત બનાવવામાં આવ્યું છે. કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલના હસ્તે નવીન આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલનો ગાંધીનગર ખાતેથી



શુભારંભ કરાવવામાં આવ્યો છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલનો

શુભારંભ કરાવતા જણાવ્યું હતું કે, ગ્રામીણ વિસ્તારના નાગરિકોને સરળતાથી સરકારી સેવા અને યોજનાકીય લાભો મહત્તમ રીતે મળી રહે એ જ સુશાસન છે. એટલા માટે જ, ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૪માં શરૂ કરેલું આઈ-ખેડૂત પોર્ટલ એ સુદ્રઢ સુશાસનિક વ્યવસ્થાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

આઈ-ખેડૂત પોર્ટલ શરુ થયું ત્યારથી અત્યાર સુધીમાં ૪૧ લાખથી વધુ ખેડૂતોએ કુલ રૂ. ૭,૬૭૦ કરોડથી વધુના યોજનાકીય લાભો આઈ-ખેડૂત પોર્ટલ મારફત મેળવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આઈ-ખેડૂત પોર્ટલ હવે ખેડૂતોને સરકાર સુધી અને સરકારને ખેડૂતો સુધી પહોંચવા માટેનું એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની ગયું છે. ત્યારે, સમયની માંગ અને આઈ-ખેડૂત પોર્ટલ બાબતે ખેડૂતોની રજૂઆતોને ધ્યાને લઈ નવીન ટેકનોલોજી આધારિત આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૨૫-૨૬ માટે કૃષિ વિભાગની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે ખેડૂતો અરજી કરી શકે તે હેતુથી આ નવીન આઈ-ખેડૂત પોર્ટલ આગામી તા. ૧૫ મે,૨૦૨૫ સુધી, એમ કુલ ૨૨ દિવસ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. જેમાં અત્યારે ખેતીવાડી વિભાગના ૪૫ ઘટક અને બાગાયત વિભાગના ૫૦ ઘટક માટે અરજી મેળવવામાં આવશે. પશુપાલન વિભાગ માટે પણ પોર્ટલ ટૂંક સમયમાં ખુલ્લું મૂકવામાં આવશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું. આ વેળાએ કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્માએ જણાવ્યું હતું કે, નવીન આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલનો પ્રારંભ થતા કૃષિ વિભાગની યોજનાઓમાં હવે વધુ પારદર્શિતા જળવાશે. ખેડૂતોને વધુ સુવિધાયુક્ત સેવાઓ મળે અને નાના-નાના કામો માટે ધક્કા ન ખાવા પડે તે હેતુથી નવીન પોર્ટલમાં અનેકવિધ સુધારાઓ કરવામાં આવ્યા છે. મહત્તમ ખેડૂતોને યોજનાકીય સહાય મળે તે માટે હવેથી નવીન પોર્ટલ પર અરજી મેળવવાની સમય મર્યાદા પૂર્ણ થયા બાદ તમામ અરજીઓનો જિલ્લા-તાલુકા કક્ષાએથી ડ્રો કરીને અગ્રતા યાદી તૈયાર કરવામાં આવશે અને પૂર્વ મંજૂરી આપવામાં આવશે. આ શુભારંભ પ્રસંગે ખેતી નિયામક પ્રકાશ રબારીએ સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન કરીને આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલની ઝીણવટભરી તમામ માહિતી પૂરી પાડી હતી. બાગાયત નિયામક એચ. કે. ચાવડા, ખેતીવાડી અને બાગાયત વિભાગના ઉચ્ચ અધિકારી ઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજસ્થાનના મોઢે આવેલો જીતનો પ્યાલો બેંગ્લોરે ઝૂંટવી લીધો

## હેઝલવુડે નિર્ણાયક ઓવરમાં માત્ર ૧ રન આપીને ૨ મહત્વની વિકેટો ઝડપી જેના કારણે મેચનું પાસું પલટાઈ ગયું: કોહલીના શાનદાર ૭૦ રન

**અબતક, બેંગ્લોર**

ઈન્ડિયન પ્રીમિયર લીગ આઈપીએલ ૨૦૨૫માં આજે બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાયેલી મેચ અત્યંત રોમાંચક ભરપૂર રહી હતી. આ મેચમાં આરસીબીએ પોતાના ચાહકોને ખુશ કરતા રાજસ્થાન રોયલ્સને માત્ર ૧૧ રનથી પરાજય આપ્યો અને જાણે રાજસ્થાનના જડબામાંથી જીત છીનવી લીધી હોય તેવો માહોલ સર્જાયો હતો.



મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ૨૦ ઓવરમાં ૨૦૫ રનનો જંગી સ્કોર બનાવ્યો હતો. ૨૦૬ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી રાજસ્થાન રોયલ્સની ટીમે પણ શાનદાર શરૂઆત કરી હતી. યશસ્વી જયસ્વાલ અને વૈભવ સૂર્યવંશીએ ઓપનિંગમાં ૫૨ રનની મજબૂત ભાગીદારી નોંધાવી હતી. વૈભવ સૂર્યવંશી ૧૬ રન બનાવીને આઉટ થયો હતો, જ્યારે યશસ્વી જયસ્વાલે પોતાની તોફાની બેટિંગ ચાલુ રાખી હતી અને માત્ર ૧૯ બોલમાં ઝડપી ૪૯ રન બનાવીને આઉટ થયો હતો.એક તબક્કે (૧૨મી ઓવરના અંતે) રાજસ્થાનને ૭ વિકેટ હાથમાં હતી અને જીતવા માટે ૮ ઓવરમાં ૭૮ રનની જરૂર હતી, ત્યારે મેચ રાજસ્થાનના પક્ષમાં સ્પષ્ટપણે નમી રહી હતી. જોકે, તે પછીની ૫ ઓવરમાં આરસીબીના બોલરોએ પ્રભુત્વ જમાવ્યું. ૧૮મી ઓવરમાં ભુવનેશ્વર કુમારે ૨૨ રન આપતા રાજસ્થાને જોરદાર વાપસી કરી અને મેચ ફરી રોમાંચક બની.રાજસ્થાનને છેલ્લી ૨ ઓવરમાં જીતવા માટે માત્ર ૧૮ રનની જરૂર હતી અને જીત લગભગ તેમની મુઠ્ઠીમાં હતી. પરંતુ, ૧૯મી ઓવરમાં આરસીબીના ફાસ્ટ બોલર જોશ હેઝલવુડે કમાલ કરી દેખાડ્યો. હેઝલવુડે આ નિર્ણાયક ઓવરમાં માત્ર ૧ રન આપીને ૨ મહત્વની વિકેટો ઝડપી, જેના કારણે મેચનું પાસું સંપૂર્ણપણે આરસીબીના પક્ષમાં પલટાઈ ગયું.છેલ્લી ઓવરમાં રાજસ્થાનને જીતવા માટે ૧૬ રનની જરૂર હતી અને બોલિંગનો ભાર યુવા બોલર યશ દયાલ પર હતો. દબાણની સ્થિતિમાં પણ યશ દયાલે શાનદાર બોલિંગ કરી. છેલ્લી ઓવરમાં રાજસ્થાનના બેટ્સમેનો માત્ર ૫ રન જ બનાવી શક્યા અને આખરે ૧૧ રનથી મેચ હારી ગયા.

# વેટિકન સિટીમાં પોપની અંતિમવિધીમાં હાજરી આપશે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ!!

## રાષ્ટ્રપતિએ સેન્ટ પીટર્સ બેસિલિકામાં પુષ્પાંજલિ અર્પણ કરીને પોપ ફ્રાન્સિસને શ્રદ્ધાંજલિ અર્પી

**અબતક, રાજકોટ**

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજ અને કાલ બે દિવસ માટે વેટિકન સિટીની મુલાકાત લેવા માટે પહોંચ્યા છે. જ્યાં તેઓ આ મુલાકાત દરમિયાન સ્વર્ગસ્થ પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કારમાં હાજરી આપશે. પોપ ફ્રાન્સિસનું ૨૧ એપ્રિલના રોજ ૮૮ વર્ષની ઉંમરે નિધન થયું હતું.રાષ્ટ્રપતિ મુર્મુ વેટિકન સિટીમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે અને ભારત સરકાર તથા સમગ્ર ભારતના લોકો વતી પોપના નિધન પર શોક વ્યક્ત કરશે. તેમની મુલાકાત દરમિયાન, તેઓ આજે સેન્ટ પીટર્સ બેસિલિકામાં પોપને શ્રદ્ધાંજલિ આપશે. ત્યારબાદ, આવતીકાલે તેઓ સેન્ટ પીટર્સ સ્ક્વેર ખાતે યોજાનાર અંતિમ સંસ્કાર સમારોહમાં હાજરી આપશે. આ અંતિમ સંસ્કારમાં વિશ્વભરના અનેક મોટા નેતાઓ, રાષ્ટ્રપતિઓ અને રાજવી પરિવારોના સભ્યો પણ ભાગ લેવાના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પોપ ફ્રાન્સિસના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને ભારતના લોકો પ્રત્યેના તેમના સ્નેહને યાદ કર્યો હતો.



# શ્રીનગરથી ૯ પ્રવાસીઓ અમદાવાદ પરત ફર્યા: કાલે વધુ ૯ વતન આવશે

## ગુજરાત સરકાર દ્વારા યાત્રિકોની સતત ચિંતા: વતન પરત લાવવા વ્યવસ્થા

**અબતક,રાજકોટ**

જમ્મુ કાશ્મીરનાં અનંતનાત્ર જિલ્લાના પહેલગામમાં આતંકવાદી હુમલાની ઘટના બાદ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, જમ્મુ કશ્મીરનો ટેલીફોનીક સંપર્ક કરી ઘટનાની તાત્કાલિક માહિતી મેળવી હતી. રાજયના ઈજાગ્રસ્ત પ્રવાસી વિનુભાઈ ત્રિભુવનભાઈ ડાભી, હોસ્પિટલ, અનંતનાત્ર ખાતે થી શ્રીનગરથી દિલ્હી અને દિલ્હીથી અમદાવાદ સુધી હવાઈ માર્ગે પરત લાવવા જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આ ઉપરાંત રાજ્ય સરકારના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા રાજ્યના સ્થાનિક જિલ્લા તંત્ર તથા જમ્મુ - કાશ્મીર તંત્ર સાથે સતત સંકલનમાં રહી રાજયના જમ્મુ કાશ્મીર ખાતે અટવાયેલ પ્રવાસીઓની વિગતો મેળવેલ હતી. જે મુજબ અંદાજે ૨૦૦ પ્રવાસીઓની યાદી મળેલ હતી. જેમનો સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા વ્યક્તિગત સંપર્ક કરતાં જમ્મુ ખાતેથી કૂલ : ૨૪ પ્રવાસીઓ તથા શ્રીનગર ખાતેથી ૯ પ્રવાસીઓએ વતન પરત આવવા ઈચ્છુકતા દર્શાવી હતી. જે ૯ પ્રવાસીઓ માટે શ્રીનગરથી દિલ્હી અને દિલ્હીથી અમદાવાદની હવાઈ મુસાફરીની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. આ મુસાફરો આજે સવારે અમદાવાદ એરપોર્ટ પર પહોચ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાના કૂલ : ૨૦ યાત્રિકો માટે જમ્મુ ખાતેથી વડોદરા ટ્રેન મારફત પરત ફરવા વ્યવસ્થા કરવામાં આવેલ છે. તથા અમદાવાદના ૩ અને વડોદરાના ૧ એમ ૪ પ્રવાસીઓને રાજ્ય સરકારના ખર્ચે સ્વરાજ એક્ષપ્રેસ ટ્રેન મારફત પરત લાવવામા આવનાર છે. જેઓ કાલે સવારે ૧૦.૨૫ કલાકે વડોદરા ખાતે આવશે.

# નવી એજ્યુકેશન પોલિસી પહેલાં વિવિધ કોર્સના બેકલોગ કિલયર કરવા વિદ્યાર્થીને ૧૦ દિવસની મહેતલ !!!

## ૨૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ બેકલોગ : રૂ. ૫,૦૦૦ ફી ભરી આ વિશેષ બેકલોગ પરીક્ષા માટે નોંધણી કરાવી શકાશે!

**અબતક, રાજકોટ**

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) એ ડિપ્લોમા, ડિગ્રી એન્જિનિયરિંગ, ફાર્મસી, એમબીએ, એમસીએ અને અન્ય કાર્યક્રમોના એવા વિદ્યાર્થીઓ માટે એક મહત્વપૂર્ણ અને અંતિમ તક જાહેર કરી છે જેમના શૈક્ષણિક અભ્યાસક્રમોમાં બેકલોગ બાકી છે. આ પહેલ હેઠળ, લાંબા સમયથી બેકલોગને કારણે અટવાયેલા પાત્ર વિદ્યાર્થીઓ આગામી ૧૦ દિવસમાં નોંધણી કરાવીને તેમની અંતિમ પરીક્ષા આપી શકશે અને પોતાની ડિગ્રી અથવા ડિપ્લોમા મેળવી શકશે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) હેઠળ રજૂ કરાયેલ નવી પ્રવેશ અને બહાર નીકળવાની નીતિઓના અમલીકરણ વચ્ચે, જીટીયુ એ એવા વિદ્યાર્થીઓને મદદ કરવાનો નિર્ણય લીધો જેમણે પોતાનો સંપૂર્ણ અભ્યાસક્રમ પૂર્ણ કરી લીધો હતો પરંતુ એક કે તેથી વધુ વિષયોમાં બેકલોગ હોવાને કારણે તેમને સત્તાવાર રીતે ડિગ્રી કે ડિપ્લોમા પ્રમાણપત્ર મળ્યું ન હતું. યુનિવર્સિટીના નિયમો મુજબ, વિદ્યાર્થીને બધી પરીક્ષાઓ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી જ અંતિમ પ્રમાણપત્ર એનાયત કરી શકાય છે. યુનિવર્સિટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલમાં અંદાજે ૨૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓના અભ્યાસના વિષયોમાં બાકી છે, જેમાંથી ઘણાએ તમામ સેમેસ્ટર પૂર્ણ કરી લીધા છે, પરંતુ બેકલોગને કારણે તેઓ ડિગ્રીથી વંચિત રહ્યા છે. ડિગ્રીના અભાવે આવા અનેક ઉમેદવારો માટે નોકરીની તકો અને પ્રમોશન અટકી પડ્યા હતા.

યુનિવર્સિટીના આ તાજેતરના પગલાનો ઉદ્દેશ્ય આ હજારો વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ પૂર્ણ કરવા અને કારકિર્દીમાં આગળ વધવા માટે એક વધુ તક આપીને આ અવરોધને દૂર કરવાનો છે. રસ ધરાવતા અને આ તક માટે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ આગામી ૧૦ દિવસમાં યુનિવર્સિટી દ્વારા નિર્ધારિત રૂ. ૫,૦૦૦ ફી ભરીને આ વિશેષ બેકલોગ પરીક્ષા માટે નોંધણી કરાવી શકે છે. આ તક ફકત તે જ વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે જેમણે તેમના સંબંધિત અભ્યાસક્રમના તમામ સેમેસ્ટર સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે પરંતુ અમુક વિષયોમાં બેકલોગ ધરાવે છે. ભૂતકાળમાં પણ જીટીયુ દ્વારા આવી તકો પૂરી પાડવામાં આવી હતી, પરંતુ કેટલાક વિદ્યાર્થીઓ વિવિધ કારણોસર પ્રક્રિયા પૂર્ણ કરી શક્યા ન હતા.આ બેકલોગ પરીક્ષાની ચોક્કસ તારીખો અને સમયપત્રક યુનિવર્સિટી દ્વારા ટૂંક સમયમાં જ તેની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

### બાળલગ્ન ક્યારે અટકશે ??

# ગત વર્ષમાં ૪૧૬ જિલ્લામાંથી ૧૩૫૧ બાળ લગ્ન અટકાવાયા !!!

## પરિવારોને સમજાવીને ૧.૨ લાખથી વધુ ભવિષ્યમાં થનારા બાળ લગ્નોને પણ રોકાયા: ૭૭૯ કિસ્સાઓમા પોલીસ ફરિયાદ દાખલ

**અબતક, રાજકોટ**

બાળ લગ્ન જેવા કુરિવાજ પર પ્રતિબંધ હોવા છતાં ઘણા રાજ્યોમાં હજુ પણ આ લગ્નનું પ્રમાણ ચિંતાજનક છે. જે મામલે સરકાર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પૂરતા પ્રયાસો કરવામાં આવે છે. આ પ્રયાસો ધીમે ધીમે રંગ લાવ્યા છે. બાળ લગ્નના કુરિવાજની કમર તોડવા માટે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓના એક જૂથે મહત્વના સમાચાર આપ્યા છે. તેમના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૪-૨૫માં દેશના ૪૧૬ જિલ્લાઓમાં કાનૂની અને સામાજિક સ્તરે કરવામાં આવેલી કામગીરીને પગલે ૧,૩૫૧ બાળ લગ્નો થતા અટકાવાયા છે. આ સાથે જ, પરિવારોને સમજાવીને ૧.૨ લાખથી વધુ સંભવિત બાળ લગ્નોને પણ રોકવામાં સફળતા મળી છે. સંસ્થાઓ દ્વારા ૨૩ રાજ્યોના ૪૧૬ જિલ્લાઓમાંથી એકત્રિત કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે કાયદાકીય કાર્યવાહી કરીને ૧,૩૫૧ લગ્નો અટકાવવામાં આવ્યા. બીજી તરફ, ૧.૨ લાખથી વધુ કિસ્સાઓમાં પરિવારોને સમજાવટથી કે સરકારી અધિકારીઓની મદદથી લગ્ન કરતા રોકવામાં આવ્યા. જો કે, દુઃખની વાત એ છે કે ૭૭૯ એવા કિસ્સા પણ સામે આવ્યા છે જ્યાં લગ્ન રોકી શકાયા નહોતા અને આ બાબતે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. આવા કેસોમાં સૌથી વધુ સંખ્યા પશ્ચિમ બંગાળમાં (૧૭૦) જોવા મળી છે, ત્યારબાદ તમિલનાડુ (૧૪૬) અને બિહાર (૧૧૪) નો નંબર આવે છે.



'જસ્ટ રાઈટ્સ ફોર ચિલ્ડ્રન' નામના ૨૫૦ થી વધુ સંગઠનોના નેટવર્કે આ માહિતી એકઠી કરી છે. તેમના ડેટા મુજબ, જે ૧,૩૫૧ લગ્નો કાયદાકીય રીતે રોકવામાં આવ્યા, તેમાં મોટાભાગે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી સામાન્ય ડાયરી એન્ટ્રી (૭૩૭ કેસ), બાળ કલ્યાણ સમિતિની દરમિયાનગીરી (૫૯૩ કેસ) અને કોર્ટના મનાઈ હુકમ (૨૧ કેસ) નો સમાવેશ થાય છે.

સૌથી વધુ એટલે કે ૧.૨ લાખથી વધુ કિસ્સાઓમાં સગીર દીકરીના લગ્નની યોજના વિશે માહિતી મળ્યા બાદ પોલીસ, તાલુકા મેજિસ્ટ્રેટ, બાળ લગ્ન પ્રતિબંધ અધિકારી અથવા પંચાયતના સભ્યો જેવા સરકારી અધિકારીઓએ માતાપિતા અને વાલીઓ પાસેથી બાંયધરી લઈને લગ્ન થતા અટકાવ્યા હતા. આ ઉપરાંત, જેઆરસી સાથે જોડાયેલા સામાજિક કાર્યકરોએ ૬૬,૦૦૦ થી વધુ પરિવારોને સમજાવીને સંભવિત બાળ લગ્નો રોકવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ આંકડા અક્ષય તૃતીયા પહેલા આવ્યા છે, જે દિવસે મોટા પાયે બાળ લગ્નો થવાની સંભાવના રહે છે. આ વર્ષે અક્ષય તૃતીયા ૩૦ એપ્રિલે છે. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે પણ રાજ્યોને બાળ લગ્ન અટકાવવા અને શાળા છોડી દેનારી છોકરીઓ પર ખાસ ધ્યાન રાખવા માટે તાકીદ કરી છે. જેના સભ્ય પ્રિયંક કાનૂનગોએ રાજ્ય સરકારોને શાળા છોડી ગયેલી છોકરીઓના આંકડા તપાસવા અને તેમને ફરીથી શાળામાં દાખલ કરવા માટે સૂચનાઓ આપવા જણાવ્યું છે.

આમ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારના સંયુક્ત પ્રયાસોથી બાળ લગ્ન સામેની લડાઈમાં નોંધપાત્ર સફળતા મળી છે, પરંતુ હજુ પણ ઘણા પડકારોનો સામનો કરવાનો બાકી છે.

# સુરતનું પી.પી. સવાણી ગ્રુપ મૃતક સ્વજનોના બાળકોના શિક્ષણની જવાબદારી ઉઠાવશે

**અબતક રાજકોટ**

જમ્મુ અને કાશ્મીરના પહલગામ માં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ પ્રવાસીઓએ જીવ ગુમાવ્યા અને ૨૦ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા. આ સમયે પી. પી. સવાણી પરિવાર આ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરે છે અને આ ભારે દુઃખની ઘડીમાં તેમની સાથે ઉભી છે.

પી. પી. સવાણી પરિવારના મહેશભાઈ સવાણીએ આજે જાહેર કર્યું છે કે ઘરના મોભી ગુમાવી ચૂકેલા પરિવારની સાથે પી.પી. સવાણી પરિવાર ખભે ખભા મિલાવીને ઊભો છે. પહલગામના આતંકવાદી હુમલામાં ભોગ બનેલા પરિવારના બાળકોના શિક્ષણની તમામ જવાબદારી અમે ઉઠાવીશું.



આ પરિવારનું બાળક જ્યાં શિક્ષણ મેળવતું હશે અને જે બાળકને પી.પી. સવાણી શાળામાં કે એની યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ મેળવવું હશે તો અમે એની તમામ રહેવા, જમવાની તથા શિક્ષણ સહીતની વ્યવસ્થા પણ આ પી.પી.સવાણી ગ્રુપ ઉપાડશે. સુરત સ્થિત રહેતા શૈલેષભાઈ કળથીયાનું પણ આ આંતકી ક્રૂર હુમલામાં મોત થયું છે ત્યારે તેમના બંને દીકરા-દીકરીનું સપનું ડોકટર-એન્જીનીયર બનવાનું હોય ત્યારે આ સપનું પૂરું કરવા માટે પણ તેમના બાળકોને પી.પી.સવાણી શાળામાં અભ્યાસ કરવો હોય તો તેમનું સપનું સાકાર કરવા માટે પણ પી.પી.સવાણી ગ્રુપ સહયોગી બનશે.

# અદાણી એનર્જી સોલ્યુશન્સના નફામાં વિક્રમ ઉછાળો

**અબતક,રાજકોટ**

અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.એ ૩૧ માર્ચ, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા છેલ્લા ત્રિમાસિક અને નાણાકીય વર્ષ માટે તેના નાણાકીય અને કામગીરીના લેખાજોખાની જાહેરાત કરી છે.

અદાણી એનર્જી સોલ્યુશન્સના મુખ્ય કારોબારી અધિકારી કંદર્પ પટેલે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૫માં કંપનીએ નાણાકીય અને કામગીરીની દ્રષ્ટીએ મજબૂત દેખાવ કર્યો છે. પ્રકલ્પના બિડથી લઈ તેના સફળ અમલીકરણની કામગીરીનું ઉદાહરણ છે અમે આગામી નાણાકીય વર્ષમાં કંપનીના વધતા જતા વ્યવસાયમાં નોંધપાત્ર રીતે વધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કામકાજના અમારા ક્ષેત્રોમાં એકીકૃત વ્યવસાયિક મોડેલ અને તે અંતર્ગત વીજ માંગના વલણો મૂડી ફાળવણી અમારી નીતિને પ્રોત્સાહિત કરવા સાથે પૂરક બનાવે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે અમારા તમામ વ્યવસાયિક ક્ષેત્રમાં દેખાતી વૃદ્ધિની તક કંપનીને તેના બજારની સ્થિતિને વધુ એકીકૃત કરવામાં મદદ કરશે. નાણાકીય વર્ષ ૨૫ માં વાર્ષિક ધોરણે રૂ.૨૪,૪૪૭ કરોડની કુલ આવકમાં થયેલી ૪૨% ની મજબૂત વૃદ્ધિ તાજેતરમાં કાર્યાન્વિત કરેલા ટ્રાન્સમિશન પ્રકલ્પો, મુંબઈમાં ઉર્જાનું મજબૂત વેચાણ અને મુંદ્રા યુટિલિટીઝ અને સ્માર્ટ મીટરિંગ બિઝનેસના યોગદાનને આભારી છે. પોર્ટફોલિઓ કક્ષાએ ૯૯.૭% જેટલી મજબુત ટ્રાન્સમિશન સિસ્ટમ ઉપલબ્ધ થઈ છે. નાણાકીય વર્ષ-૨૫ દરમિયાન એકીકૃત એબિડટા ૨૩% વધીને રૂ. ૭,૭૪૬ કરોડ થયો છે, પરિણામે મજબૂત આવક વૃદ્ધિના વિતરણ વ્યવસાયમાં રૂ.૨,૬૧૧ કરોડના સ્થિર નિયમનકારી એબિડટામાં આરએબી વિસ્તરણ સાથે રૂ.૧૪૮ કરોડની નિયમનકારી આવક અને ઉંચી ટ્રેઝરી આવકમાં વૃધ્ધિ આવી હતી. ઉકત સમયગાળામાં એકીકૃત એબિડટા ૨૮%નો વધારો દર્શાવે છે, જે આવકમાં વૃદ્ધિ મારફત સમર્થિત રૂ.૨,૨૬૨ કરોડમાં વિતરણ વ્યવસાયમાં મજબૂત નિયમનકારી એબિડટા જે આખરી ત્રિમાસિકમાં રૂ. ૮૭૩ કરોડમાં ૩૯% વધારો દર્શાવે છે. વાર્ષિક ધોરણે નાણાકીય વર્ષ-૨૫ રૂ.૬,૫૭૧ કરોડના ઓપરેશનલ એબિડટામાં ૧૫% વધારા સાથે સમાપ્ત થયું. ટ્રાન્સમિશન વ્યવસાય ઉદ્યોગના અગ્રણી ઓપરેટિંગ એબિડ્ટા માર્જિનને ૯૨%એ જાળવી રાખે છે.

# રાજસ્થાન બોરીંગ કોન્ટ્રાકટમાં ભ્રષ્ટાચારી કોંગી પૂર્વ પ્રધાનની ધરપકડ !!

## તપાસમાં જોશીના નામે બેંક વિગતો અને સ્થાવર મિલકતોના દસ્તાવેજો સહિત મહત્વપૂર્ણ પુરાવા મળી આવ્યા

**અબતક, નવી દિલ્હી**

રાજસ્થાની બોરિંગ કોન્ટ્રાકટરમાં ભ્રષ્ટાચાર આચરવા મામલે ઈડીએ કોંગી નેતા અને પૂર્વ મંત્રી મહેશ જોશીની ધરપકડ કરી છે. ગઈકાલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ કરોડો રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા અને રાજસ્થાનના પૂર્વ મંત્રી મહેશ જોશીની ધરપકડ કરી હતી. ઈડીએ તેમની સાત કલાક સુધી પૂછપરછ કર્યા બાદ આ કાર્યવાહી કરી હતી. ઈડીના અધિકારીઓએ જણાવ્યું હતું કે મહેશ જોશીના નામે બેંક વિગતો અને સ્થાવર મિલકતોના દસ્તાવેજો સહિત મહત્વપૂર્ણ પુરાવા મળ્યા છે.

આ કેસ જયપુરના ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો દ્વારા નોંધાયેલી એફઆઈઆર પર આધારિત છે. જેમાં આરોપ છે કે શ્યામ ટ્યુબવેલ કંપનીના માલિક પદમચંદ જૈન અને અન્ય લોકોએ કોંગ્રેસ સરકારના શાસન દરમિયાન જાહેર આરોગ્ય ઈજનેરી વિભાગના પ્રોજેક્ટ્સ મેળવવા માટે સરકારી અધિકારીઓને લાંચ આપી હતી. મહેશ જોશી ૨૦૨૧ થી ૨૦૨૩ સુધી અશોક ગેહલોત સરકારમાં પીએચઈડી મંત્રી હતા.સુપ્રીમ કોર્ટે આ કેસમાં પૂછ્યું હતું કે તત્કાલીન પીએચઈડી મંત્રીને આરોપી કેમ બનાવવામાં આવ્યા નથી. ત્યારબાદ ઈડીએ જોશીની ધરપકડ કરી હતી. જોકે જોશીએ આ ધરપકડને તેમના વિરુદ્ધનું કાવતરું ગણાવ્યું હતું. ઈડીના અધિકારીઓએ જણાવ્યું કે જોશીને તેમના મંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન કેટલાક બેંક ખાતાઓ, મિલકતો અને ટેન્ડરની ફાળવણી અંગે પૂછપરછ કરવામાં આવી હતી. કોર્ટે તેમને ચાર દિવસ માટે ઈડી કસ્ટડીમાં મોકલ્યા છે.

### 'હીરાઓ સદાયને માટે'

# બર્ફીલા ગ્રહો ઉપર હીરાઓનો વરસાદ શા માટે થાય છે?

## પૃથ્વીના વાતાવરણ કરતા લાખો ગણું દબાણ ધરાવતા બર્ફીલા ગ્રહો પર મિથેનના અણુઓ તૂટવાથી બનતા કાર્બન પરમાણુઓ એકબીજા સાથે જોડાઈને હીરો બનાવે છે

**અબતક, રાજકોટ**

'હીરો સદાયને માટે' આ કહેવત એટલે કહેવામાં આવે છે, કારણ કે તે મૂલ્યવાન છે. હીરાને તેની ચમક નહીં પણ તેનું ટકાઉપણું મૂલ્યવાન બનાવે છે. કારણકે કોઈ વસ્તુ હીરા પર મારવામાં આવે તો હીરો નથી તૂટતો પરંતુ કોઈ વસ્તુ પર હીરો મારવામાં આવે તો તે વસ્તુ તૂટી વેર વિખેર થઈ જાય છે. હીરા તેમની અસાધારણ કઠિનતા, ટકાઉપણું અને તેજસ્વીતાને કારણે મહત્વપૂર્ણ છે, જે તેમને ઘરેણાં, ઔદ્યોગિક ઉપયોગો અને વૈજ્ઞાનિક સંશોધનમાં મૂલ્યવાન બનાવે છે. તેમના અનન્ય ગુણધર્મો ઉચ્ચ-શક્તિવાળા ઈલેક્ટ્રોનિક્સ, રેડિયેશન ડિટેક્ટર અને કેટલાક તબીબી ઉપયોગોમાં પણ ઉપયોગ તરફ દોરી જાય છે. પણ તમે ક્યારેય એવું વિચાર્યું છે કે હીરાનો વરસાદ પણ થઈ શકે? કલ્પના કરો કે તમે એક એવા આકાશ નીચે ઉભા છો જ્યાં ગાઢ વાદળોમાંથી વરસાદના ટીપાં નહીં, પણ હીરા શાંતિથી પડે છે. આ વાત વિજ્ઞાન સાહિત્ય જેવી લાગે છે, પરંતુ દૂરના ગ્રહો માટે તે વાસ્તવિકતા હોઈ શકે છે.

હવે એમ થતું હશે કે હીરાનો વરસાદ કેવી રીતે થાય છે?નેપ્ચ્યુન અને યુરેનસ જેવા બર્ફીલા ગ્રહોના વાતાવરણમાં ઊંડાણમાં, પરિસ્થિતિઓ અતિ તીવ્ર બને છે. પૃથ્વીના વાતાવરણ કરતા ત્યાં દબાણ લાખો ગણું વધી જાય છે, અને તાપમાન હજારો ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચે છે. આવી આત્યંતિક પરિસ્થિતિઓ જ મિથેન પરમાણુઓને તોડી શકે છે અને કાર્બન પરમાણુઓ મુક્ત કરી શકે છે. આ ગ્રહો મુખ્યત્વે હાઈડ્રોજન, હિલીયમ, પાણી, એમોનિયા અને મિથેનથી બનેલા છે. આ આત્યંતિક દબાણ અને તાપમાન હેઠળ, મિથેન (જેમાં કાર્બન અને હાઈડ્રોજન હોય છે) ના અણુઓ તૂટી જાય છે.

જ્યારે મિથેનના અણુઓ તૂટે છે, ત્યારે કાર્બન પરમાણુઓ મુક્ત થાય છે. આ મુક્ત થયેલા કાર્બન પરમાણુઓ એકબીજા સાથે જોડાઈને ઘન હીરાની



રચનામાં સ્ફટિકીકરણ પામે છે. આ નવા બનેલા હીરા આસપાસના વાયુઓ કરતાં વધુ ઘટ્ટ હોય છે, તેથી તેઓ ગુરુત્વાકર્ષણના કારણે ગ્રહના આંતરિક ભાગમાં નીચે સિંક થાય છે. વૈજ્ઞાનિકો આ પ્રક્રિયાને ''હીરાનો વરસાદ'' કહે છે.

વૈજ્ઞાનિકો માને છે કે આ બરફના જાયન્ટ્સના વાતાવરણમાં ઊંડાણમાં એવા વાયુઓ છે જે પૃથ્વીના વાતાવરણમાં રહેલા વાયુઓ કરતા અલગ છે. તેથી આ વાયુઓ તે ગ્રહો પર અલગ રીતે વર્તે છે. પરંતુ શું આ સાચું છે કે માત્ર કાલ્પનિક વાર્તા છે?

નેપ્ચ્યુન અને યુરેનસના આંતરિક ભાગનું સીધું અવલોકન કરવું હાલમાં શક્ય નથી. તેથી, વૈજ્ઞાનિકોએ આ સિદ્ધાંતને ચકાસવા માટે પ્રયોગશાળાના પ્રયોગો કર્યા છે. તેમણે શક્તિશાળી લેસર અથવા શોકવેવ્સનો ઉપયોગ કરીને બર્ફીલા ગ્રહોના આંતરિક ભાગમાં જોવા મળતી આત્યંતિક પરિસ્થિતિઓનું પ્રયોગશાળામાં નિર્માણ કર્યું છે. આ પ્રયોગોમાં, તેમણે મિથેન જેવા હાઈડ્રોકાર્બન સંયોજનોને અત્યંત ઊંચા દબાણ અને તાપમાન હેઠળ મૂક્યા. આ પરિસ્થિતિઓ હેઠળ, તેમણે કાર્બન પરમાણુઓને નાના હીરા અથવા નેનો-હીરા બનતા જોયા.આ પ્રયોગો સીધી રીતે એ સાબિત નથી કરતા કે હીરાનો વરસાદ ખરેખર થઈ રહ્યો છે, પરંતુ તે દર્શાવે છે કે આત્યંતિક પરિસ્થિતિઓમાં મિથેનમાંથી હીરા બનવાનું સંપૂર્ણપણે શક્ય છે. તાજેતરના સંશોધનો સૂચવે છે કે હીરાનું નિર્માણ અગાઉ માનવામાં આવતું હતું તેના કરતાં ઓછા દબાણ અને તાપમાન પર પણ થઈ શકે છે, જેનો અર્થ છે કે આ હીરા ગ્રહોમાં વધુ છીછરી ઊંડાઈએ બની શકે છે. આ પ્રયોગશાળાના પુરાવા વૈજ્ઞાનિકોના સિદ્ધાંતને મજબૂત સમર્થન આપે છે.

હવે પ્રશ્ન એ થાય કે હીરાનો વરસાદ ગ્રહ પર કઈ રીતે અસર કરે છે? હીરાનો વરસાદ આ ગ્રહો માટે ફક્ત એક રસપ્રદ ઘટના નથી, પરંતુ તે તેમના ગુણધર્મોને સમજવામાં પણ મદદ કરી શકે છે. જેમ જેમ આ હીરા ગ્રહમાં ઊંડા ઉતરે છે, તેમ તેમ તેઓ ઊર્જા મુક્ત કરે છે, જે ગ્રહના આંતરિક ભાગને ગરમ રાખવામાં ફાળો આપી શકે છે. વધુમાં, હીરા નીચે સિંક થતા હોવાથી, તેઓ ગ્રહોના ચુંબકીય ક્ષેત્રોને પણ અસર કરી શકે છે, જે નેપ્ચ્યુન અને યુરેનસના વિચિત્ર અને અસમપ્રમાણ ચુંબકીય ક્ષેત્રોને સમજાવવામાં મદદરૂપ થઈ શકે છે.

## ઉત્તમ સુવિધા, શ્રેષ્ઠ શિક્ષણ અને સંસ્કારોનો સુગમ સમન્વય એટલે ગુજરાત સ્કૂલ ઓફ એક્સેલન્સ

# ૩૨ ગુણ, ૬૪ કળા અને ૧૬ સંસ્કારો સાથે વિદ્યાર્થીઓ માટે અલાયદી શિક્ષણ વ્યવસ્થા

## ગુજરાત સ્કૂલ ઓફ એક્સેલેન્સના સંચાલક ડો.મેહુલ રૂપાણીના આમંત્રણને માન આપી 'અબતક' મીડિયાના મેનેજીંગ તંત્રી સતિષભાઈ મહેતાએ સંસ્થાની મુલાકાત લઈ શિક્ષણ વ્યવસ્થા અંગે તલસ્પર્શી માહિતી મેળવીને તમામ સ્કૂલોએ આ પ્રકારના મોડેલની શરૂઆતનું કર્યું આહવાન


**અબતક, રાજકોટ**

શિક્ષણ એટલે સમગ્ર વ્યક્તિત્વની એક એવી કેળવણી જેમાં માત્ર ભણતર નહીં, પરંતુ જીવન વિષયક બાબતોને પણ આવરી લેવામાં આવે. દરેક માતાપિતાનું સ્વપ્નું હોય છે કે, પોતાના સંતાનોને ભણતર સાથે ગણતર પણ મળે.ભણતર એટલે શિક્ષણ અથવા કેળવણી અને ગણતર એટલે અનુભવનું ભાથું અને કોઠાસૂઝ. અગાઉના જમાનામાં શિક્ષણ કે ભણતરનો આટલો વ્યાપ ન હતો તથા શિક્ષણને લગતી શાળા મહાશાળાઓ હતી નહીં. ભણતરનાં સાધનો બહુ ટાંચા હતાં, પરંતુ તે વખતે આપણા પૂર્વજો, વડવાઓ તથા વડીલો પાસે અનુભવ, આત્મવિશ્વાસ તથા આગવી કોઠાસૂઝ હતી એને લીધે તેઓ તમામ કામ પાર પાડી શકતાં હતાં.આવી જ એક શૈક્ષણિક સંસ્થા ગુજરાત સ્કૂલ ઓફ એક્સિલેન્સ રાજકોટમાં બાળકોને મોજમાં રાખી બાળકોને અલગ જ પ્રકારનું શિક્ષણ પ્રદાન કરી રહી છે.

ગુજરાત સ્કૂલ ઓફ એક્સેલેન્સના સંચાલક ડો.મેહુલ રૂપાણીના આમંત્રણને માન આપી 'અબતક' મીડિયાના મેનેજીંગ તંત્રી સતિષભાઈ મહેતાએ સંસ્થાની મુલકાત લઈ ત્યાની શિક્ષણ વ્યવસ્થા અંગે તલસ્પર્શી માહિતી મેળવી હતી અને સ્કૂલની વિચારધારા નો-બેગ સ્કૂલ, ૩૨ ગુણ, ૬૪ કળા અને ૧૬ સઁસ્કાર બાળકોમાં કઈ રીતે ડેવલોપ કરી શકાય, કુટુંબ ભાવનાથી કઈ રીતે કામ કરી શકાય, ભણતર-ગણતર અને સમજણ આ ફિલોસોફીથી ભણતરમાં એક્સિલન્સી કઈ રીતે મેળવી શકાય આ તમામ વિચારોથી સતીષભાઈ મહેતા માહિતીગાર થયા હતા બાળકોની સૂર્યોદય સભા નો લાઈવ શો પણ નિહાળ્યો હતો. સ્કૂલના સ્ટાફ, પરિવાર અને બાળકોની મહેનત જોઈ સતીષભાઈ મહેતાએ તમામ સ્ટાફને પ્રોત્સાહન આપ્યું હતું.રાજકોટ શહેરના પૂર્વમાં આવેલ ગુજરાત સ્કૂલ ઓફ એક્સેલન્સ સિસ્ટમ ભારતની પ્રથમ કોન્સેપ્ટ સ્કૂલ છે. જે બાળકોના ૩૨ ગુણ, ૬૪ કળા અને ૧૬ સંસ્કાર પર કાર્ય કરે છે.ગુજરાતની એકમાત્ર સ્કૂલ જ્યાં ખરા અર્થમાં ભાર વગરનું ભણતર આપવામાં આવે છે. એક એવી સ્કૂલ જ્યાં માત્ર શિક્ષણ જ નહીં પરંતુ વિદ્યાર્થીઓને સ્કીલસમાં પણ પ્રારંગત બનાવવામાં આવે છે.ગુજરાત સકૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગત વિદ્યાર્થીઓને એક વિશિષ્ઠ મેથોડોલોજીથી શિક્ષણ પીરસવા આવે છે. જેથી બાળખોને શ્રેષ્ઠ શિક્ષકોનું માર્ગદર્શન મળી રહે અને વિદ્યાર્થી જીવનપર્યત શિક્ષણ યાદ રાખી શકે. આ જ મેથોડોલોજી અંતર્ગત જીવનના ૩૨ ગુણ, ૬૪ કળા અને ૧૬ સંસ્કાર આવરી લેવામાં આવ્યા છે.ગુજરાત સ્કુલ ઓફ એકસેલન્સ વિદ્યાર્થીઓના શિક્ષણની સાથે સંસ્કારોનું પણ ઉત્તમ સિંચન થાય એ પ્રયત્ન કરતી રહે છે જે અંતર્ગત દરરોજ સવારે બધા જ વિદ્યાર્થીઓ સાથે મળી પ્રાર્થના કરે છે. એટલું જ નહી આજ કાલ ખુબ જ પ્રસિદ્ધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરના સારા મોટીવેશનલ વિડીયો વિદ્યાર્થીઓને બતાવી સોશિયલ મીડિયાનો સાચી દિશામાં ઉપયોગ શીખવવામાં આવે છે.ઉપરાંત જે વિદ્યાર્થીનો જન્મ દિવસ હોય એ વિદ્યાર્થીના માતા પિતા પણ સાથે હાજર રહી વિદ્યાના દેવી શ્રી સરસ્વતી માતાના આશીર્વાદ લેવામાં આવે છે અને સંપૂર્ણ પ્રાર્થના સભાએ વિદ્યાર્થીને તથાસ્તુ શબ્દ પ્રયોગ કરી બાળકની ઈચ્છા માટે શુભઆશિષ આપે છે. જેથી બાળક જીવન માં આશીર્વાદનું મહત્ત્વ સમજી શકે. અહિયાં, સ્કુલ પરિસરમાં ચાલવું એ ફક્ત ચાલવું નથી અર્થાત અહિયાં રસ્તા પર ચાલ્યાનો અહેસાસ અને શિસ્ત જોવા મળે છે.સ્કુલના દરેક ખૂણા માં ટ્રાફિક નિયમો માટેના અલગ અલગ ચિન્હો લગાવેલ છે જેથી બાળકમાં એક સારો નાગરિક બનવાની ભાવના પ્રગટ થાય. સાથે-સાથે બાળકોને રમત ગમત ક્ષેત્રે આગળ વધારવા માટે સચોટ તાલીમ અને સુવિધાઓ આપવામાં આવે છે. ૪ વિજ્ઞાનના પ્રયોગો માટે અલગ અલગ સુવિધાઓથી સજ્જસાયન્સ લેબ, જે અંતર્ગત ધોરણ ૬ થી વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ માં આવતા બધા જ પ્રેક્ટીકલ શીખવવામાં આવે છે. સ્માર્ટ કોમ્પુટર લેબ તો ખરી જ. જેમાં વિદ્યાર્થીઓને બેઝીક કોમ્પ્યુટર અને અભ્યાક્રમની સાથે કોર્ડીગ પણ શીખવવામાં આવે છે. વિદ્યાર્થીઓને સંગીત, ડાન્સ, આર્ટ અને માર્શલ આર્ટ જેવી સ્કીલમાં પણ પારંગત બનાવવામાં આવે છે. ગુજરાત સ્કૂલ ઓફ એક્સેલન્સના માર્ગદર્શક અને મેન્ટર તરીકે નીતિનભાઈ ભારદ્વાજ અને ભુપતભાઈ બોદરની આગેવાનીમાં ટ્રસ્ટીઓ ડો. નેહલભાઈ શુક્લ, ડો. મેહુલભાઈ રૂપાણી, અમીનેશભાઈ રૂપાણી, સંજયભાઈ વાધર, નિયંતભાઈ ભારદ્વાજ અને અંશભાઈ ભારદ્વાજ સ્કૂલની વિચારધારાને લીડ કરી રહ્યા છે. આ સ્કૂલને એનઈપી મુજબ કનસેપ્ટ સ્કૂલ તરીકે આકાર આપવામાં હર્ષદભાઈ પરમાર, આર.ડી. દિક્ષિત, દર્શિબેન વોરા, પ્રેક્ષા પરમાર, જ્યોતિ મકવાણા, મિત્તલ દોશી, ધારા મારૂ, પ્રીતિ ગુપ્તા, મનીષ રાજાણી, બીજલ રાણપરા, હર્ષદ પંડ્યા અને મયંગ ગરાચ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.









### શા માટે ગુજરાત સ્કૂલ ઓફ એકસેલેન્સ?

૧. વિશિષ્ઠ મેથોડોલોજીથી શિક્ષણ પીરસાય છે
૨. દરેક લેક્ચર પછી મોજ બ્રેક નામના પાંચ બ્રેક જેમાં નાસ્તા સાથે અલગ વિષયનું જ્ઞાન આપવામાં આવે છે.
૩. લેક્ચર પૂરો થતા જ બેલની બદલે એક મંત્ર બોલાવાય છે.
૪. સવારે બધા જ વિધાર્થીઓ સાથે મળી પ્રાર્થના કરે છે.
૫. વિધાર્થીઓને મોટિવેશનલ વિડીયો બતાવાય છે.
૬. સ્કૂલના દરેક ખૂણામાં ટ્રાફિક નિયમોના અલગ ચિન્હો મુકાયા છે.
૭. વિધાર્થીઓને ઉધોગ સાહસિક બનાવવા માટે વિવિધ વિષયોના લેક્ચર લેવાય છે.
૮. ભણતરની સાથે રસોઈ, ઈસ્ત્રી, કપડાં ઘડી કરવા, ઈલેક્ટ્રિક વર્ક સહિતના કામો શીખવવામાં આવે છે.
૯. રમત-ગમત અને કૃષિ ક્ષેત્રે આગળ વધારવા માટે સચોટ તાલીમ.
૧૦. વિધાર્થીઓને બેઝિક કમ્પ્યુટર સાથે કોડિંગ પણ શીખવવામાં આવે છે.
૧૧. સંગીત, ડાન્સ, આર્ટ અને માર્શલ આર્ટ જેવી સ્કીલમાં પારંગત બનવવામાં આવે છે.

### યુપીએસસીની નિ:શુલ્ક તૈયારી કરાવાય છે

દર વર્ષે ૧૦ લાખથી વધુ ઉમેદવારો યુપીએસસી સિવિલ સર્વિસિસ પરીક્ષા માટે અરજી કરે છે પરંતુ તેમાંથી માત્ર ૧,૦૦૦ જ આ પરીક્ષા પાસ કરી અને સિવિલ સર્વન્ટની પોસ્ટ મેળવવા માટે સક્ષમ છે. જો કેગુજરાત સ્કૂલ ઓફ એક્સિલેન્સ બાળકો માટે નિ:શુલ્ક યુપીએસસીની તૈયારી ધોરણ પાંચથી જ શરૂ કરાવી દેવામાં આવે છે. જેમાં છ વર્ષનો યુપીએસસીનો અભ્યાસક્રમ બનાવાયો છે અને એક્સપર્ટને બોલાવીને યુપીએસસીની નિ:શુલ્ક તૈયારી થકી બાળકોને ભવિષ્ય માટે તૈયાર કરાવામાં આવે છે. નાની ઉંમરથી જ બાળકોમાં દેશની સર્વોચ્ચ સેવા એટલે કે સિવિલ સર્વિસીસમાં બાળકો જોડાઈ તે માટે ધોરણ ૫ થી જ એ પ્રમાણેની તૈયારી કરાવવામાં આવે છે.



### પાંચ વિદેશી ભાષા શીખવી વિદ્યાર્થીઓને ગ્લોબલ એક્સપોઝર માટે તૈયાર કરવામાં આવે છે

યુવાનોમાં વિદેશમાં સ્થાયી થવાનો તેમજ ઉત્તમ કરિયર મેળવવાનો ક્રેઝ દિવસેને દિવસે વધી રહ્યો છે, તેથી તેઓ મેન્ડેરિયન, જાપાનીઝ, ફ્રેન્ચ, સ્પેનિશ અને જર્મન જેવી વિદેશી ભાષાઓનું જ્ઞાન મેળવી રહ્યા છે. ત્યારે ગુજરાત સ્કૂલ ઓફ એક્સિલેન્સ દ્વારા વિધાર્થીઓને નાનપણથી જ વિદેશી પાંચ ભાષા શીખવવામાં આવે છે. જેથી ભવિષ્યમાં ફોરેન લેંગવેન્જ શીખીને વિધાર્થીઓ ગ્લોબલ એક્સપોઝર માટે તૈયાર થઈ શકે.

### વિધાર્થીઓ ઉધોગ સાહસિક બને તેની ટ્રેનિંગ અપાય છે

આજના સમયમાં યુવાઓ પોતે જ સ્વાવલાંબન બને તે જરૂરી બન્યું છે. ત્યારે વિદ્યાર્થીઓને અલગ અલગ ઉધોગોનું જ્ઞાન મળે એક સફળ ઉધમીની લાક્ષણિકતાઓનો વિકાસ થાય જે અંતર્ગત લેકચર આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ જીવન દરેક કામો સારી રીતે શીખી શકે જેમકે રસોઇ બનાવતા, વસ્ત્રોને ઇસ્ત્રી કરતા, કપડા ઘડી કરતા, સાઇકલ રીપેરીંગ, ઇલેક્ટ્રિક વર્ક, પ્લમ્બિંગ વર્ક વગેરે આવુ ઘણું શીખવવામાં આવે છે. બાળકોમાં જવાબદારીનો ગુણ વિકસાવવા યુથ એસેમ્બલીની રચના કરવામાં આવી છે. જ્યા વિદ્યાર્થીઓને આપણા દેશમાં સંસદ કાર્ય કરે છે એ રીતે જ અલગ અલગ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

## સ્કુલ વિશે વધુ માહિતી મેળવવા મો નં. ૯૮૫૧૫ ૯૮૫૧૫-૭૮૭૪૬ ૬૧૧૧૩ પર સંપર્ક કરવો: ગુજરાત સ્કૂલ ઓફ એક્સેલન્સની, ૧૦ શિવધારા રેસીડેન્સી, ૫૦ ફૂટ રોડ, કુવાડવા રોડ, રાજકોટ ખાતે મુલાકાત લઈ શકાશે

# વીજચોરો સામે પીજીવીસીએલ આક્રમક: રૂ. ૨૭૧ કરોડની વસુલાત


## વીજ ચેકિંગ દરમિયાન ૪.૭૪ લાખ જોડાણની ચકાસણી: ૬૩ હજાર કનેકશનમાં ગેરરીતી ઝડપાઇ

**અબતક, રાજકોટ**

અધિક પોલીસ મહાનિર્દેશક રાજકુમાર પાંડિયન તેમજ પીજીવીસીએલના મેનેજીંગ ડાયરેકટર પ્રીતિ શર્માના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર કચ્છમાં પીજીવીસીએલ દ્વારા છેલ્લા એક નાણાંકીય વર્ષમાં વીજ ચેકીંગની કામગીરી દરમ્યાન આશરે રૂ. ૨૭૧.૦૧ કરોડની પાવર ચોરી પકડી પાડવામાં આવેલ.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. હેઠળની પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. કંપની હેઠળ તેના વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડી શકાય તે હેતુથી છેલ્લા બાર માસમાં ઈન્સ્ટોલેશન ચેકીંગની સઘન કામગીરી કરી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર હેઠળ કોર્પોરેટ ઓફીસની સુચના અને માર્ગદર્શન હેઠળ તથા વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેરઓ અને વિભાગીગ કચેરીના કાર્યપાલક ઈજનેરઓની રાહબરી અને સીધી દેખરેખ હેઠળ એપ્રિલ-૨૦૨૪ થી માર્ચ-૨૦૨૫ દરમ્યાન કુલ ૪,૭૪,૩૪૭ વીજ જોડાણો ચેક કરવામાં આવેલ જેમાંકી કુલ ૬૩,૧૯૮ વીજ જોડાણોમાં વીજ ચોરીના પુરવણી બીલો આપવામાં આવેલ જેની અંદાજીત રકમ રૂ. ૨૭૧.૦૧ કરોડ થવા પામેલ છે.

જીયુવીએનએલના વડપણ હેઠળ પીજીવીસીએલના વિજીલન્સ વિભાગ તથા સબ ડીવીઝન - ડીવીઝનના અધિકારીઓ - કર્મચારીઓ દ્વારા વીજ ચોરી ડામવા માટે સતત કામગીરીઓ કરવામાં આવેલ. ખાસ કરીને વીજચોરીમાં ડાયરેકટ લંગર, વાયરથી મીટર બાયપાસ, મીટરના સીલ સાથે ચેડા કરીને હેતુ ફેર, લોડ વધારો, સર્વિસ વાયર સાથે ચેડા કરવા વગેરે પ્રકારની ગેરરીતી હેતુના યુનિટમાં ટર્મિનલ સીલ સાથે ચેડા કરી વીજચોરી થયાનું વધુ પ્રમાણમાં જોવા મળી હતી.



વર્ષ દરમિયાન પાવર ચોરીનું રૂ. ૧ કરોડથી વધુ રકમનું બીલ આપવામાં આવ્યું હોય તેવા ગ્રાહકો જેમ કે ભચાઉ તાલુકાના માનફરા ગામના સિલિકા મેન્યુફેકચરિંગ યુનિટના વીજ જોડાણમાં મીટર બાયપાસ કરી વીજ વપરાશ કરતા માલૂમ પડતાં રૂ. ૧.૬૫ કરોડનું, ટંકારા તાલુકાના વાઘગઢ ગામમાં ઓઈલ ઈન્ડ. ના ઔધોગિક માલુમ પડતાં રૂ. ૧.૧૬કરોડનુ, કોટડા સાંગાણી તાલુકાના વેરાવળ ગામના એન્જીનીયરીંગ વર્કસ યુનિટના મેગ્નેટનો ઉપયોગ કરીને વીજ ચોરી થતી હોવાનું માલુમ પડતાં રૂ. ૧.૧૮ કરોડનું, ગોંડલ તાલુકાના શેમા ગામમાં સ્પિનીંગ મિલનનું મીટર શંકાસ્પદ જણાતાં લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલાતા મીટર ધીમું ફરતું હોવાનું માલુમ પડતાં રૂ. ૨.૧૩ કરોડનું પુરવણી બિલ આપવામાં આવ્યું છે.

વિવિધ ટીમો દ્વારા એપ્રિલ-૨૦૨૪ થી માર્ચ-૨૦૨૫ માસ દરમ્યાન સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજ ચેકીંગ દરમ્યાન કુલ ૪,૭૪,૩૪૭ વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવેલ જેમાંથી કુલ ૬૩,૧૯૮ કનેકશનમાં ગેરરીતી ઝડપાઈ હતી અને અંદાજે રૂ. ૨૭૧.૦૧ કરોડના પુરવણી બીલો આપવામાં આવેલ.







# વલ્લભાચાર્યના પ્રાગટ્ય ઉત્સવની ધર્મોલ્લાસ સાથે ઉજવણી: લાલ-કેસરી સાફાધારી વૈષ્ણવોએ શોભાયાત્રામાં ચાર ચાંદ લગાવ્યાં

## ચાંદીના રથમાં વાજતે ગાજતે શહેરના રાજમાર્ગો પર રથયાત્રા નીકળી , વૈષ્ણવજનો ભક્તિ અને શ્રદ્ધાથી વલ્લભાચાર્યના વચનામૃતમાં તરબોળ બન્યા





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક રાજકોટ**

રંગીલા રાજકોટમાં વલ્લભાચાર્યજીના પ્રાગટ્ય ઉત્સવની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. વલ્લભાચાર્યજીના પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે રાજકોટના વૈષ્ણવ મંદિરોમાં ભક્તિમય માહોલ છવાયો તેમજ સવારથી જ ભક્તો મંદિરોમાં દર્શન માટે ઉમટી પડ્યા હતા આ ઉપરાંત વિશેષ પૂજા, આરતી અને સત્સંગના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વલ્લભાચાર્યજીના જીવન અને તેમના ઉપદેશોનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતું વૈષ્ણવજનો ભક્તિ અને શ્રદ્ધાથી તરબોળ બન્યા હતા તેમજ જગતગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો ૫૪૮ પ્રાગટ્ય ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો તે અંતર્ગત શહેરમાં બિરાજતા તમામ વૈષ્ણવાચાર્યોના માર્ગદર્શન અને આશિર્વાદ સાથે ગોરજી વૃજેશકુમારજી, ચરણાટ હવેલીના નોરત ગોપેશરાયજી, માધવ મહલ હવેલીના તો વિશાલકુમારજી, વલ્લભાશ્રય હવેલીના જમા અભિષેકકુમારજી, કૃષ્ણાશ્રય હવેલીના યુવાઆચાર્ય અક્ષયકુમારજી, સપ્તમપીઠ યુવરાજ અનિરૂદ્ધલાલજી, ચરણાટ હવેલીના રુચિ રાયજી દ્વારકાધીશ હવેલીનાકુમારજી સહિતના અનેક આચાર્યોએ માર્ગદર્શન આપ્યું હતું, પુષ્ટિ સંપ્રદાયની વર્ષોની પરંપરા પ્રમાણે મહાપ્રભુજીનો પ્રાગટ્ય ઉત્સવ ધર્મપ્રવર્તન ગૌરવ પ્રદાન કરે છે, શહેરમાં વૈષ્ણવની આબાદી તેમજ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. જુના શહેર દરબારગઢ હવેલી પાસેથી જશુભાઈ કાયલ મંડળ ખાતે ચાંદીના દિવ્ય સુખપાલમાં વલ્લભ પ્રભુના સ્વરૂપે પધરાવી જયઘોષ સાથે વૈષ્ણવ આચાર્યની ઉપસ્થિતિમાં શોભાયાત્રાનો આરંભ કરાયો હતો, પ્રાચીન બાલકૃષ્ણ લાલજી હવેલી થઈ દરબારગઢ ચોક ખાતે વિરાટ રસાલામાં પરાવર્તિત થશે આ રશાલા સાથે લાલ પીળા કેસરી વસ્ત્ર ધારી હજારો વૈષ્ણવો

(અનું. આઠમાં પાને)

### શોભાયાત્રામાં હજારો વૈષ્ણવો હોંશભેર જોડાયા: જેરામ વાડોલીયા



અબતક સાથેની વાતચીતમાં જેરામ વાડોલિયાએ જણાવ્યું હતું કે,વલ્લભાચાર્યએ પુષ્ટિમાર્ગની સ્થાપના કરી, જે ભગવાન કૃષ્ણની ભક્તિ પર આધારિત છે, આ ઉત્સવ વલ્લભાચાર્યના જીવન અને તેમની શિક્ષાઓને યાદ કરવાનો અને તેનું મહત્વ સમજાવવાનો દિવસ છે. તેમનો વંશવેલો હજુ પણ છે આ ઉપરાંત રાજકોટમાં હજારો વૈષ્ણવો વસે છે તેમજ વૈષ્ણવ સમાજની હવેલી ૩૦ થી ૪૦ હવેલી આવેલી છે ત્યારે શોભાયાત્રામા ૨૦૦૦થી વધુ વૈષ્ણવો જોડાયા હતા તેમજ વાહનોને સજાવીને તે પણ લાલ કેસરી અને પીળા વસ્ત્રો ધારણ કરી હર્ષભેર શોભાયાત્રામાં જોડાયા હતા

# બેરિયાટ્રિક સર્જરીથી મોટાપા દૂર કરવો બન્યો સરળ

## ઓસીસીઆઈ દ્વારા બેરિયાટ્રિક સર્જરીથી ફાયદા, ખર્ચ તેમજ સર્જરી બાદની સારવારની પત્રકાર પરિષદમાં આપી માહિતી



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક,રાજકોટ**

વધતા જતા મોટાપાની તીવ્ર આરોગ્યસંબંધી સમસ્યાને પહોંચી વળવા માટે એક મહત્વપૂર્ણ પહેલ હેઠળ, ઓબેસિટી એન્ડ મેટાબોલિક સર્જન્સ એસોસિએશન ઑફ ઈન્ડિયા (OSSI) એ CICIS હોસ્પિટલ અને IMA રાજકોટ સાથે મળીને રાજકોટ શહેર સ્તરે CME કાર્યક્રમ ૨૪ એપ્રિલે સફળતાપૂર્વક યોજયો હતો. જે બાદ ૨૫ એપ્રિલે ત્રણ પ્રકારની બેરિયાટ્રિક સર્જરીઝનું લાઈવ ડેમો પણ આપવામાં આવ્યું

આ કાર્યક્રમમાં રાજકોટભરના ૧૦૦થી વધુ ડોકટરી - ફિઝિશિયન્સ, ગાયનેકોલોજિસ્ટ્સ.

એન્ડોકાયનોલોજિસ્ટ્સ અને સર્જન્સ- એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. મુખ્ય ઉદ્દેશ મોટાપાને ગંભીર વૈજ્ઞાનિક બીમારી તરીકે માન્યતા આપવી અને આધુનિક સારવાર વિકલ્પો વિશે મેડિકલ ફેટરનિટી વચ્ચે જાગૃતિ લાવવી.

શૈક્ષણિક સત્રો પછી સ્લીવ ગાસ્ટ્રકટોમી, સ-એન.વાય ગેસ્ટ્રિક બાયપાસ, અને સ્લીવ પ્લસ જેવી સર્જરીઝનું લાઈવ પ્રદર્શન કરાયું, જે ઉપસ્થિત ડોકટરો માટે લાઈવ ટ્રાન્સમિશન સાથે વિગતવાર ટિપ્પણીઓ અને ચર્ચાઓ સાથે રજૂ કરવામાં આવ્યું

ડો. રનદીપ વાધવાન, OSSIના પ્રમુખ અને જયેષ્ઠ બેરિયાટ્રિક સર્જનએ જણાવ્યું:

મોટાપા હવે ફક્ત જીવનશૈલી સંબંધિત સમસ્યા નથી- તે ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, વંધ્યત્વ જેવી અનેક બીમારીઓ સાથે સંકળાયેલ માન્ય તબીબી રોગ છે. આ કાર્યક્રમ દ્વારા અમારું લક્ષ્ય ખોટા મંતવ્યો દૂર કરી, બેરિયાટ્રિક સર્જરીના વિજ્ઞાન આધારિત અને સલામત વિકલ્પ તરીકેના ફાયદા દર્શાવવાનું હતું.

ડો. મહેન્દ્ર નારવરિયા, બેરિયાટ્રિક સર્જરીના આગેવાન અને મુખ્ય ફેકલ્ટી, એ ઉમેર્યુ.

(અનું. આઠમાં પાને)

# ધન્વંતરી નેચરોપેથી ક્લિનિકનો મંગળવારથી મંગલ પ્રારંભ

## અબતક સાથેની શુભેચ્છા મુલાકાત દરમિયાન ડો. વંદના મહેતાએ માહિતી આપી, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉદ્દ્ઘાટન કરશે



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

આગામી તારીખ ૨૯ એપ્રિલ ને મંગળવારના રોજ સીટી એમ્પાયર, ઓફિસ નંબર ૩૦૧, રોયલ પાર્ક મેઈન રોડ, યુનિવર્સિટી રોડ કોર્નર, મનાલી જ્યુસ વાળી શેરીમાં ધન્વંતરી નેચરોપેથી ક્લિનિકનો પ્રારંભ થનાર છે. આ અંગે અબતકની શુભેચ્છા મુલાકાતે આવેલા વિજયભાઈ કારિયા, ડો. વંદના મહેતા અને શૈલેષ મહેતાએ ઉદઘાટન પ્રસંગ અંગે જણાવ્યું હતું કે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા સવારે ૧૦ વાગ્યે આ કિલનિકનું ઉદઘાટન કરવામાં આવશે. કિલનિકમાં ડો. વંદના મહેતા ક્લિંઝિંગ થેરાપી, સાયટીકા, કમરનો દુઃખાવો, વ્યસન મુક્તિ અને અસાધ્ય રોગોનું નિવારણ નીચરોપેથી દ્વારા કરશે. ક્લિનિકના શુભારંભ પ્રસંગે મેયર નયનાબેન પેઢડિયા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર પૂર્વ ઉપકુલપતિ ડો. વિજયભાઈ દેસાણી જેએમજે ગ્રુપના મયુરધ્વજસિંહ જાડેજા, ભાજપ સાંસ્કૃતિક સેલના વિજયભાઈ કારિયા, ક્રિષ્ના ચિકિત્સલાયના ચેરમેન નટુભાઈ કોટક, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા, ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, અશ્વિનભાઈ મોલીયા, ચાઈલ્ડ વેલ્ફેર કમીટી મેમ્બર રમાબેન હેરભા, પૂજા હોબી સેન્ટરના પુષ્પાબેન રાઠોડ, શહેર મહિલા મોરછાના પ્રમુખ કિરણબેન માકડીયા, ભાજપ ઉપપ્રમુખ રાજદિપસિંહ જાડેજા, મહેશભાઈ રાઠોડ, ભાજપ કાર્યાલય મંત્રી મયુરભાઈ શાહ, જીતુભાઈ કોઠારી,અને રાષ્ટ્રીય અધ્યક્ષ સંઘના ફાઉન્ડર ડો. સીમાબેન પટેલ તથા ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ વગેરે મહાનુભાવો શુભકામનાઓ પાઠવવા ઉપસ્થિત રહેશે.

# શહેર કોંગ્રેસ પ્રમુખનો તાજ પહેરવા ૧૦થી વધુ દાવેદારો

## પ્રદેશમાંથી નિરિક્ષકો દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરાતાની સાથે જ કોંગ્રેસ કાર્યાલય ખાતે દાવેદારોનો જમાવડો

## મારે કોર્પોરેશનની ચૂંટણી લડવી હોય પ્રમુખ પદે રિપીટ ન કરતાઃ અતુલ રાજાણીએ નિરિક્ષકો સમક્ષ લાગણી વ્યક્ત કરી



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી પૂર્વે કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં સંગઠન માળખું મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. રાજ્યના ૩૩ જિલ્લા અને આઠ મહાનગરપાલિકાઓના પ્રમુખની પસંદગી માટે હાલ પ્રદેશ નિરિક્ષકો દ્વારા જે-તે શહેર અને જિલ્લામાં જઈ દાવેદારોની સેન્સ લેવામાં આવી રહી છે. આજે પ્રદેશ નિરિક્ષકોની ટીમ રાજકોટ ખાતે આવી હતી. સેન્સ પ્રક્રિયામાં શહેર કોંગ્રેસ પ્રમુખનો તાજ પહેરવા માટે ૧૦થી વધુ દાવેદારોએ નિરિક્ષકો સમક્ષ ઈચ્છા વ્યક્ત કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. સાંજ સુધીમાં આ આંકડો વધે તેવી સંભાવના પણ નકારી શકાતી નથી. જો કે, નવા પ્રમુખની જાહેરાત આગામી બે મહિના પછી કરવામાં આવે તેવી શક્યતા જણાઈ રહી છે.

આજે સવારે એઆઈસીસીના નિરિક્ષક ડો.શ્રીવેલા પ્રસાદ ઉપરાંત ગુજરાત પ્રદેશ સમિતિ દ્વારા નિયુક્ત કરાયેલા નિરિક્ષક પૂર્વ ધારાસભ્ય ઋત્વિકભાઈ મકવાણા, જયદીપસિંહ ગોહિલ, એમ.કે. બ્લોચ અને જાકીરભાઈ ચૌહાણ સહિતના પ્રદેશના આગેવાનો આજે રાજકોટની મુલાકાતે આવ્યા હતા. તેઓએ કોંગ્રેસ કાર્યાલય ખાતે શહેર કોંગ્રેસના પ્રમુખ બનાવા ઈચ્છુક આગેવાનો અને કાર્યકરોને સાંભળ્યા હતા. વર્તમાન પ્રમુખ અતુલભાઈ રાજાણીએ નિરિક્ષકો સમક્ષ એવી લાગણી વ્યક્ત કરી હતી કે તેઓ કોર્પોરેશનની ચુંટણી લડવા માંગતા હોય પ્રમુખ પદે તેઓને રિપીટ કરવામાં ન આવે તેવી માંગણી કરી હતી. શહેર કોંગ્રેસ પ્રમુખ પદ માટે ડો.હેમાંગ વસાવડા, જશવંતસિંહ ભટ્ટી, કોર્પોરેશનના વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, ગાયત્રીબા વાઘેલા, મહેશ રાજપૂત, સંજય અજુડીયા, ગોપાલ અનડકટ, પ્રભાતભાઈ ડાંગર, તુષાર નંદાણી અને રાજદીપસિંહ

(અનું. આઠમાં પાને)

### ગુજરાતમાં નવું સંગઠન માળખા અંતર્ગત કોંગ્રેસના આગેવાનો અને કોર્પોરટરોના મંતવ્યો લેવામાં આવશેઃ ડો રિવેલા પ્રસાદ

**અબતક, રાજકોટ**

સમગ્ર રાજ્યમાં 'સંગઠન સૃજન અભિયાન'ના કાર્યકમો ચાલી રહ્યા છે. જેમાં રાજકોટ શહેરમા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી જેમાં રાજકોટ શહેર માં એઆઈસીસીના સેક્રેટરી અને રાજકોટ શહેરના સંગઠન સૃજન અભિયાનના એઆઈસીસીના નિરીક્ષક ડો. રીવેલા પ્રસાદ દ્વારા પત્રકાર પરિષદને સંબોધન કરવામાં આવેલ હતું આતંકવાદમાં મર્યા ગયેલા માટે શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી મિટિંગની શરૂઆત કરતાં એઆઈસીસી ના નિરીક્ષકે જણાવ્યું હતું કે ગુજરાતમાં નવું સંગઠન માળખા અંતર્ગત બે દિવસ સુધી શહેરના તમામ કોંગ્રેસના આગેવાનો અને કોર્પોરેટરો, પૂર્વ કોર્પોરેટરો તમામના મંતવ્યો લેવામાં આવશે અને મારી સાથે પ્રદેશ કોંગ્રેસ સમિતિના નિરીક્ષકો છે તેમની સાથે મંત્રણા કરીને એ એઆઈસીસીમાં રિપોર્ટ કરવામાં આવશે. આ દેશભરમાં જિલ્લા કમિટી, જિલ્લા પ્રમુખો માટે સેન્સ પ્રક્રિયા કરવામાં આવી છે. એમાં સૌપ્રથમ ગુજરાત રાજ્યમાં તેનું અમલીકરણ કરવામાં આવેલ છે જેના ભાગરૂપે આજ રોજ રાજકોટ શહેર તમામ કાર્યકર્તાઓને વન ટુ વન સાંભળવામાં આવશે અને જે પ્રમુખ માટેના દાવેદરો છે તે અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. દેશભરમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા સંવિધાન બચાવો આંદોલન પણ ચાલી રહ્યું છે જે લોકો કામ કરવાવાળા હશે તેવા કોંગ્રેસ આગેવાનને અગ્રતા આપવામાં આવશે. કોઈપણ ગ્રુપ વગર જે લાયક હશે તેને જ જિલ્લા અને શહેર પ્રમુખની

(અનું. આઠમાં પાને)

# સખી મેળા મહિલાઓમાં રહેલી સુષુપ્ત કલાઓને ખીલવવાનું માધ્યમ : પ્રવિણાબેન રંગાણી

## ૪ મે સુધી આયોજિત સરસ મેળામાં ૫૦ ક્રાફટ સ્ટોલ અને ૧૧ લાઈવ ફૂડ સ્ટોલ મળીને કુલ ૬૧ સ્ટોલ ઉપલબ્ધ





## સરસ મેળાનું જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન રંગાણીની હસ્તે ઉદઘાટન

**અબ તક રાજકોટ**

રાજકોટ શહેરમાં રેસકોર્ષ મેદાન ખાતે તા. ૨૫ એપ્રિલના રોજ રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવીણાબેન રંગાણીની અધ્યક્ષતા અને ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહની વિશેષ ઉપસ્થિતિમાં ''સરસ મેળા-૨૦૨૫''નો ઉદઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં મહાનુભાવોએ રીબીન કટ કરીને સરસ મેળાને જનતા માટે ખૂલ્લો મૂક્યો હતો તેમજ મેળાની મુલાકાત લીધી હતી.

રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન રંગાણીએ જણાવ્યું હતું કે, સ્ત્રીને જગદંબાનું સ્વરૂપ મનાય છે. દરેક નારીમાં શક્તિનો ધોધ સમાયેલો છે. ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓના ૧૬ શણગાર અને ૬૪ કળાનું અનેરું માહાત્મ્ય છે. ત્યારે સખી મેળા મહિલાઓમાં રહેલી સુષુપ્ત કલાઓને ખીલવવાનું માધ્યમ બન્યા છે. સફળતાનો માર્ગ સરળ નથી, બહેનો અનેક પડકારોનો સામનો કરીને પરિવાર અને રોજગારની જવાબદારી નિભાવતી હોય છે, જે ધન્યવાદને પાત્ર છે. સશક્ત ભારતના નિર્માણમાં આત્મનિર્ભર નારીનું યોગદાન જરૂરી છે. કારણ કે મહિલાઓ પગભર બનશે તો તેમના થકી પરિવાર, પરિવાર થકી સમાજ અને સમાજ થકી રાષ્ટ્રની પ્રગતિ થશે. ત્યારે બહેનોને અનુરોધ છે કે, ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ વિશે પોતાની આસપાસની મહિલાઓને પણ જાગૃત કરે તથા તેઓને આર્થિક પગભર બનાવવા સખી મંડળોમાં જોડાવવાની પ્રેરણા આપે.

રાજકોટના ધારાસભ્ય દર્શિતાબેન શાહે મહિલા સશક્તિકરણ પર ભાર મુકતા જણાવ્યું હતું કે, વર્તમાનમાં તમામ ક્ષેત્ર મહિલાઓ આત્મનિર્ભર બની રહી છે. દેશના સર્વોચ્ચ રાષ્ટ્રપતિ તથા કેન્દ્રીય નાણા મંત્રીનું પદ મહિલાઓથી શોભી રહ્યું છે. પંચાયતથી પાર્લમિન્ટ સુધી મહિલાઓનું યોગદાન અમૂલ્ય છે.

આ કાર્યક્રમનો આરંભ દીપ પ્રાગટ્યથી કરાયા બાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. આજીવિકા મિશન મંગલમના અધિકારી

(અનું. આઠમાં પાને)

# નકલી પોલીસમેન સમીર ચાનિયા અને રોહિત મકવાણાની ધરપકડ

## વિધાર્થી અને તેના મિત્રોને દુષ્કર્મ કેસમાં ફિટ કરવાની ધમકી આપી રૂ.૧૭ હજાર પડાવી લીધા'તા

**અબતક, રાજકોટ**

શહેરમાં પોલીસની ઓળખ આપી ફરતા એક બાદ એક શખ્સના કારનામા બહાર આવી રહ્યા છે ત્યારે વધુ એક આવો બનાવ સામે આવ્યો છે. પોલીસ તરીકેની ઓળખ આપી ચાર શખ્સોની ટોળકીએ છાત્ર અને તેના મિત્રો પાસેથી રૂા. ૧૭,૦૦૦ પડાવી લીધાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે.એ ડીવીઝન પોલીસે ગુનો દાખલ કરી સમીર ઉર્ફે ઈસ્માઈલ ચાનિયા અને રોહિત રાજુભાઈ મકવાણા નામના બે શખ્સોને પકડી લઈ અન્ય બે શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ નાના મવા મેઈન રોડ પર દેવનગર ૪/૬૬ના ખુણે રહેતા અને થોડા સમય પહેલાં જ બીબીએનો અભ્યાસ પુર્ણ કરનાર અભય અશ્વિનભાઈ મુછડીયા (ઉ.વ. ૨૧) ગઈ તા. ૧૯નાં રોજ રાત્રે બે મિત્રો નયન ભીખાભાઈ મકવાણા (ઉ.વ. ૧૯, રહે, વર્ધમાન વિહાર, કણકોટ રોડ) અને ક્રીષ રતીલાલ વાઘેલા (ઉ.વ. ૧૯, રહે, પંચરત્ન પાર્ક, કણકોટ રોડ) સાથે એક્ટીવામાં અમુલ સર્કલે આવેલી ઈન્ડાની લારીએ નાસ્તો કરી ચુનારાવાડા ચોકમાં માવો ખાવા ગયો હતો.

જયાંથી બે અજાણ્યા શખ્સોએ બાઈક ઉપર તેમનો પીછો કર્યો હતો. ભુતખાના ચોક પાસેના એચપી પેટ્રોલ પમ્પ સામેના રોડ પર બન્ને શખ્સોએ તેમને અટકાવી કહ્યું કે, તમે ત્રણ સવારીમાં કેમ છો. બાદમાં તેમના એક્ટીવાની ચાવી કાઢી લીધી હતી. તે સાથે જ બન્ને શખ્સોએ કોઈને કોલ કરી કહ્યું કે, અમે પોલીસ છીએ, અમારા સાહેબ આવે તે પછી તમને કહેશુ કે તમારો વાંક શું છે. થોડીવાર બીજા બાઈક ઉપર વધુ બે અજાણ્યા શખ્સો આવ્યા હતાં અને તેમને કહ્યું કે, અત્યારે રાત્રે ચડ્ડો પહેરીને કેમ ફરો છો, ચાલો તમને પોલીસ ચોકીએ લઈ જવાના છે.

ત્યાર પછી તેમની પાસેથી રૂા. ૫ લાખની માંગણી કરી હતી. પરંતુ અભય અને તેના મિત્રોએ રકમ આપવાની ના પાડતા તે શખ્સોએ કહ્યું કે, પૈસા નહી આપો તો તમને બધાને રેપ કેસમાં પોપટપરાની જેલમાં ત્રણ મહિના માટે પુરાવી દેશું, તમારે પૈસા તો આપવા જ પડશે. આ પછી ત્રણેય મિત્રોના ખીસ્સા ચેક કરવા લાગ્યા હતાં. જેમાંથી નયનના પાકીટમાંથી રૂા. ૭,૦૦૦ નીકળતા તે પડાવી લીધા હતાં. આ પછી ત્રણેય મિત્રોના આધાર કાર્ડ અને ફોન પે પણ ચેક કર્યા પછી કહ્યું કે, રૂા. ૧૦,૦૦૦ તો આપવા જ પડશે. જેથી અભયે તેના મિત્ર પૃથ્વીરાજસિંહ ચૌહાણને કોલ કરી રૂા. ૧૦,૦૦૦ ઓનલાઈન મગાવ્યા હતાં. આ પછી તે શખ્સોએ કોઈની પાસેથી સ્કેનર મંગાવ્યું હતું.

જેની મદદથી અભયના ખાતામાં રહેલા રૂા. ૧૦,૦૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતાં. બાદમાં ચારેય શખ્સો જતા રહ્યા હતાં. આ ઘટનામાં એ ડીવીઝન પોલીસના પીએસઆઈ ડી વાય મહંત અને સ્ટાફે બે શખ્સો સમીર ઉર્ફે ઈસ્માઈલ ચાનિયા અને રોહિત રાજુભાઈ મકવાણાની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરતા સમીર ગાડી લે-વેચ કરતો હોવાનું જયારે રોહિત ફેબ્રીકેશનનો ધંધાર્થી હોવાની કબૂલાત આપી હતી. તેમજ બાકીના બે શખ્સોની પણ ઓળખ થઈ જતા તેને પકડી લેવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

# ચેક રિટર્ન કેસમાં દંડ અને સજા વધારવા ફરિયાદીએ ક્રોસ અપીલ દાખલ કરી

## ટેકસ કન્સલટન્ટના પુત્ર જીલેશ અનડકટને રૂ.૫ કરોડના ચેક રિટર્ન કેસમાં સજા અને દંડના હુકમને સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈન વિરુદ્ધ હોવાનો ગણી પડકાર્યો

**અબતક, રાજકોટ**

ટેકસ કન્સલટન્ટ કાંતીલાલ અનડકટના પુત્ર જીલેશ કાંતિલાલ અનડકટને રૂ.૫ કરોડના ચેક રિટર્ન કેસમાં કોર્ટે ફરમાવેલ સજા અને દંડનો હુકમ સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન વિરૂધ્ધનો હોવાનો ગણાવી ફરિયાદીએ દંડ અને સજા વધારવા માટે જીલ્લા અદાલતમાં ક્રોસ અપીલ દાખલ કરી છે.

વધુ વિગત મુજબ વાંકાનેર સ્થિત સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઝ ભાગીદારી પેઢી એન.પી.એ. થતાં નાગરિક બેંક દ્વારા મિલ્કતનું ઓકશન થનાર હતું. પરંતુ ભાગીદારી પેઢીના ભાગીદારોને પેઢીની ગુડવીલ અને મિલ્કત બચાવવા જે તે ઈન્ડસ્ટ્રીઝની મિલ્કત ઓકશનમાં કોઈપણ સગા મિલ્કત ખરીદી લે તેવી ઈચ્છા હતી. તેના માટે જોબનપુત્રા ફેમીલીએ કુટુંબના સભ્યો પાસેથી આર્થિક વ્યવસ્થા કરી સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઝના અન્ય ભાગીદાર અજય હરગોવિંદભાઈ જોબનપુત્રાના સાળા જીલેશ કાંતીભાઈ અનડકટ (રહે. આરાધના બિલ્ડીંગ, કાલાવાડ રોડ, રાજકોટ)ના નામે નાગરિક બેંકના ઓકશનમાં ટેન્ડર ભરી ઉભા રાખી રકમ જોબનપુત્રા ફેમીલીએ ભેગી કરી આપી હતી. ત્યારબાદ નાગરિક બેંકના ઓકશનમાં સૌથી ઉંચી બીડ બોલી સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઝની મિલ્કત ફેકટરી તથા મશીનરી જીલેશ ઉનડકટના નામે ખરીદી લેવામાં આવી હતી. જાણ થતા નજીકના સગાઓને સાથે રાખી મીટીંગ કરી, આરોપીએ વેંચી નાખેલ મિલ્કતના અવેજમાંથી રૂા.૫ કરોડ ફરીયાદી સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઝ તથા તેના ભાગીદારોને આપવાનું નકકી થતાં જીલેશ ઉનડકટએ ફરીયાદી પેઢીની તરફેણમાં રૂ.૫ કરોડનો ચેક ઈશ્યુ કરી આપ્યો હતો. જે ચેક પરત ફરતા પાઠવેલી નોટીસનો યોગ્ય પ્રત્યુતર નહિ મળતા રાજકોટ કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવી જતી.

જે કેસમાં કોર્ટે આરોપી જીલેશ ઉનડકટને એક વર્ષની સજા અને રૂ.૫ કરોડ એક માસમાં ન ચૂકવે તો વધુ એક વર્ષની સજાનો હુકમ કર્યો હતો.

જે સજાનો હુકમ સુપ્રિમ કોર્ટે આર.વિજયન વિ. બેબી.ના કામમાં આપેલ ગાઈડલાઈનથી વિરૂધ્ધનો હોય, દંડ અને સજા અપુરતી હોય, દંડ અને સજા વધારવા માટે મુળ ફરીયાદીએ જીલ્લા અદાલતમાં ક્રોસ અપીલ દાખલ કરી છે.આ કેસમાં સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઝ (વાંકાનેર) વતી એડવોકેટ વિકાસ કે. શેઠ, અલ્પા શેઠ, પ્રકાશ બેડવા અને ફાતેમાં ભારમલ રોકાયા છે.

# હત્યાના પ્રયાસના ગુનામાં આરોપી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ

## ભવનાથ પાર્કમાં પેટ્રોલ છાંટી, આગ ચાંપી ડેલી સળગાવી પરિવારને સળગાવી મારી નાખવાની કોશિશ કરી હતી

**અબતક, રાજકોટ**

શહેરના ભવનાથ પાર્ક - ૧ માં શેરી નં. ૫ માં આવેલા ઘરમા પેટ્રોલ છાંટી, આગ ચાંપી ડેલી સળગાવી અને હત્યાના પ્રયાસના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.શહેર ના ભવનાથ પાર્ક - ૧ માં શેરી નં. ૫માં રહેતો અને નેહરૂ નગર પરસાણા સોસાયટીમાં જય ખોડલ ઈન્ડસ્ટ્રીસ નામનું કારખાનું ચલાવતા જયદીપભાઈ મનસુખભાઈ પીપળીયા તા. ૯-૦૨-૨૦૧૭ ના રોજ રાત્રીના પોતાના પરિવારના સભ્યો સાથે ઘરમાં સુતા હતા ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર મોઢે રૂમાલ બાંધી ઘરની ડેલી પર પેટ્રોલ છાંટી, આગ ચાંપી ડેલી સળગાવી આખા પરિવારને સળગાવી મારી નાખવાની કોશિશ કર્યા અંગેની કલમ હેઠળ ભકિતનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધવામાં આવી હતી. બાદ તપાસનીસ અધિકારી આઈ.પી.સી કલમ ૩૦૭ નો ઉમેરોનો રીપોર્ટ આપતા કોર્ટ દ્વારા કલમ ઉમેરવાનો કરવામાં આવેલો હતો. તપાસનીસ અધિકારી દ્વારા પુરતા પુરાવા મેળવી કોર્ટ સમક્ષ આરોપીઓ સામે ચાર્જશીટ કરવામાં આવી હતી. સદરહું કેસ કમીટ થતા આરોપી દ્વારા પોતાના વકીલ મારફત હાજર થઈ અને હાલના કેસમાં ફરિયાદી તથા સાહેદોને તપાસીયા બાદ કોર્ટ દ્વારા આરોપીનું ફરધર સ્ટેમેન્ટ નોધવાંમાં આવેલ હતું અને બાદ સદરહું કેસમાં આરોપીના વકીલ દ્વારા મૌખીક દલીલો કરી હતી.એડીશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટ દ્વારા આરોપી કરણ જીલુભાઈ કુંભારવાડીયાને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરેલો છે. આરોપી તરફે એડવોકેટ તરીકે બલરામ એસ. પંડીત, મોતીભાઈ એન. સિંધવ, ધારા એસ. પંડીત, વંદના જે ગૌસ્વામી રોકાયા હતા.

# બગીચામાં જર્મન શેફર્ડ ડોગ બાબતે બોલાચાલીમાં હુમલાખોરને ત્રણ વર્ષની સજા

## સાત વર્ષ પહેલાના કેસમાં બે પુત્ર, પિતાનો છુટકારો

**અબતક, રાજકોટ**

શહેરના સામા કાંઠા વિસ્તારમાં આવેલ ગુરુદેવ પાર્કના બગીચામાં જર્મન શેફર્ડ ડોગ લઈ આવવાના મામલે થયેલી માથાકૂટમાં બે ભાઈઓ પર લાકડી, ઢીકાપાટુ દ્વારા કરેલા હુમલાનો સાત વર્ષ પહેલાનો કેસ ચાલી જતા અદાલતે એક હુમલાખોરને ત્રણ વર્ષની સજા અને ૫,૦૦૦ નો દંડ તેમજ પિતા અને બે પુત્રને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરના સામા કાંઠા વિસ્તારમાં રહેતા રાજેશભાઈ મેઘજીભાઈ ડોડીયા નામના યુવાને કુશાલ ઉર્ફે તુષાર અનિલ વિસપરા, નિશાન અનિલ વિસપરા, વિશાલ અનિલ વિસપરા અને અનિલ અમૃતલાલ સહિત ચાર શખ્સોએ ધોકા અને લાકડી વડે માર માર્યા અંગેની બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ફરિયાદી રાજેશ ડોડીયાના ભાઈ મહેશભાઈ ગુરુદેવ પાર્કના બગીચામાં હતા ત્યારે કૃશાલ વિસપરા નામનો યુવાન જર્મન શેફર્ડ ડોગ લઈને આવ્યો ત્યારે આવો બિહામણો કૂતરો લઈને અહીં આવ્યા તે મુદ્દે બંને વચ્ચે થયેલી બોલાચાલીનો ખાર રાખી મહેશભાઈ અને તેના ભાઈ રાજેશભાઈ ડોડીયા ઉપર ઉપરોક્ત પિતા અને ત્રણ પુત્રોએ માર માર્યાનું ફરિયાદમાં જણાવ્યું હતું. પોલીસે ચારેય શખ્સો સામે મારામારીની કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી. બાદ તપાસ પૂર્ણ થતા તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું. બાદ કોર્ટમાં કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકારી વકીલ એ. એમ. પરમાર દ્વારા ફરિયાદી, સાહેદો, પંચો , તબીબ અને તપાસનીશને તપાસવામાં આવ્યા હતા. બાદ લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ સાતમા અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ નેહા દિનેશભાઈ જોષીપુરાએ એક આરોપી કૃશાલ પૂર્વે તુષાર અનિલ વિસપરાને અલગ અલગ કલમ હેઠળ તકસીરવાર ઠેરવી ત્રણ વર્ષની સજા અને કુલ રૂ. ૬,૦૦૦નો દંડ ફટકારતો હુકમ કર્યો છે. જ્યારે અનિલ અમૃતલાલ વિસપરા તેનો પુત્ર નિશાલ અને વિશાલને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે એપીપી એ એમ પરમાર રોકાયા હતા.

# કોઠારીયા રોડ, આંબેડકર નગર અને બેડલામાં વિદેશી દારૂના દરોડા

## શરાબની ૨૭૬ બોટલ,કાર અને મોબાઈલ મળી, રૂ.૪.૨૨ લાખનો મુદ્દામાલ કબ્જે: ત્રણની ધરપકડ

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારિયા રોડ પર રાજલક્ષ્મી વિસ્તારમાં મકાનમાં, આંબેડકરનગર મકાનમાં અને બેડલા ગામ નજીક શહેર પોલીસ વિદેશી દારૂનો દરોડો પાડી,શરાબની ૨૭૬ બોટલ,કાર અને મોબાઈલ મળી,રૂ.૪. ૨૨ લાખના મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોને ઝડપી લીધા છે.

પોલીસસૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચનું ટીમ બેડળા ગામ તરફ પેટ્રોલીંગમાં હતી દરમિયાન એક નંબર પ્લેટ વગરની સ્વિફ્ટ કાર ત્યાંથી પસાર થતા તેને અટકાવી તલાશી લેતા, કારમાંથી વિદેશી દારૂની ૨૪૦ બોટલ મળી આવી હતી.પોલીસ વિદેશી દારૂ, કાર અને મોબાઈલ મળી, રૂ.૪ લાખના મુદ્દા માલ સાથે માર્કેટિંગ યાર્ડ સામે આવેલી આંબાવાડી શું સુધી શેરી નંબર એકમાં રહેતો સંજય ધીરુભાઈ ગણવડિય નામના શખ્સને ઝડપી લીધો છે. આ દરોડાની કામગીરી ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ વી ડી ડોડીયા, કોન્સ્ટેબલ વિશાલભાઈ દવે અને દિલીપભાઈ બોરીચા સહિતના સ્ટાફે કરી હતી. જયારે બીજો વિદેશી દારૂનો દરોડો, રાજકોટ તાલુકા પોલીસની ટેમિઆંબેડકર નગર શેરી નંબર ૧માં રામાપીરના મંદિર્વરી શેરીમાં રહેતો મનીષ છગનભાઈ મહીડા નામના શખ્સને , તેના મકાનમાંથી વિદેશી દારૂની ૨૪ બોટલ સાથે રાજકોટ તાલુકા પોલીસે ધરપકડ કરી છે.જયારે વિદેશી દારૂનો ત્રીજો દરોડો, ભકતી નગર પોલીસે કોઠારીયા રોડ પર રાજલક્ષ્મી વિસ્તારમાં આવેલા મકાનામાંથીવિદેશી દારૂની ૧૨ બોટલ સાથે કોઠારીયા રોડ પર આવેલા આશાપુરા નગર શેરી નંબર ૧૬માં રહેતો ભાગ્યરજસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલ નામના શખ્સને ઝડપી લીધો છે.

# રૈયા ટેલીફોન એકસચેન્જ પાસે વિદ્યાર્થી ક્રિકેટ મેચ પર જુગાર રમતા ઝડપાયા

## ગુંદાવાડીમાં વીડિયો શુટીંગના ધંધાથી ક્રિકેટ સટ્ટો રમાડતા પકડાયા

**અબતક, રાજકોટ**

શહેર પોલીસ દ્વારા બે સ્થળોએ ક્રિકેટ સટ્ટાનુ નેટવર્ક ઝડપી પાડ્યું છે. જેમાં શહેરના ગુંદાવાડીમાં પીસીબી એ દરોડો પાડી વિડીયો શુટીંગ ના ધંધાથી ને જ્યારે રૈયા ટેલીફોન એકસચેન્જ પાસે ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી વિદ્યાર્થીને ઝડપી લઈ રૂપિયા ૪૨ હજારનો મુદ્દામાલ કબજે કરી ધોરણ સરની કાર્યવાહી આધારિત છે. આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટ ની સાથે ક્રિકેટ સટોડીયાઓ સક્રિય થઈ મોટી હાર જીતનો જુગાર રમી અને રમાડતા હોવાનું પોલીસને ધ્યાને આવતા જેને કડક હાથે ડાભી દેવા પોલીસ કમિશનર બ્રજકુમાર જાય આપેલી સૂચનાને પગલે ભક્તિનગર પોલીસ મથકના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યો હતો ત્યારે ગુંદાવાડી શેરી નંબર બારમાં રહેતો ભવ્ય પ્રદીપ પારભાયા નામનો વિડીયો રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે ચાલતી ટ્વેન્ટી- ૨૦ ક્રિકેટ મેચ પર જુગાર રમાડતો હોવાની પીસીબીના કોન્સ્ટેબલ વિરેન્દ્રભાઈ પરમારને મળેલી બાતમીના આધારે ગુંદાવાડી શેરી નંબર ૧૨ માં આવેલ ભરવાડ ચોક દરોડો પાડી ઝડપી લઈ તેના મોબાઈલ અને ચિઠ્ઠીઓ મળી આવતા તેની ધરપકડ કરી રૂપિયા ૭૦૦૦ ની મુદ્દામાલ કબજે કર્યો હતો. વધુ તપાસ એ.એસ.આઈ હરદેવસિંહ રાઠોડ સહિતના સ્ટાફ ચલાવી રહ્યા છે. જ્યારે કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ રોડ પર આવેલા પુજારા પ્લોટ શેરી નંબર ૫ શિવ શક્તિ એપાર્ટમેન્ટમા રહેતો રાહીલ કિશોર સામાણી નામનો વિદ્યાર્થી રીંગ રોડ પર આવેલા ટેલીફોન પાસે જાહેરમાં શાહ મેચ પર જુગાર રમી અને રમાડતો હોવાની ડીસીબી ના કોન્સ્ટેબલ કૃપાલસિંહ ઝાલા ને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી રાહીલ સામાણીની અટકાયત કરી તેના કબજામાં રહેલ મોબાઈલમાં ઓનલાઈન જુગાર રમી અને રમાડતો હોવાનું ખુલતા તેની ધરપકડ કરી વધુ તપાસ એ.એસ.આઈ સંજયભાઈ દાફડા સહિતના સ્ટાફ ચલાવી રહ્યા છે.

# ડભોઈ: લગ્નમાંથી પરત ફરતા રહેલા પોલીસકર્મી સહિત ૩ મિત્રોના અકસ્માતમાં મોત

## ભયાનક અકસ્માત સર્જી બોલેરો કાર ચાલક ફરાર : શોધખોળ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં વધુ એક દર્દનાક અકસ્માતની ઘટના સામે આવી છે, રાજ્યના ડભોઈના ગોપાલપુરા ગામ નજીક અકસ્માત સર્જાયો હતો.જેમાં બોલેરો કાર અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ૩ વ્યક્તિના કરૂણ મોત નિપજ્યા હતા. અકસ્માત સર્જીને બોલેરો ચાલક ફરાર થયો હતો.

ત્રણ પૈકી એક વ્યક્તિ પોલીસ કર્મી હોવાનું બહાર આવ્યું

મળતા અહેવાલ પ્રમાણે લગ્ન પ્રસંગ અર્થે ક્વાંટ ગયા હતા. ત્રણ પૈકી એક વ્યક્તિ પોલીસ કર્મી હોવાનું બહાર આવ્યું છે. સુરેશ નેરસિંગ રાઠવા તેમજ હરેશ રામસિંગ રાઠવાનું ઘટનાસ્થળ પર મોત નિપજ્યું હતું. એક વ્યક્તિનું હોસ્પિટલમાં મોત નિપજ્યું છે. મૃતક મુકેશ સનાભાઈ રાઠવા કપુરાઈ પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મી તરીકે કાર્યરત હતા.

અકસ્માતની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતકોના મૃતદેહને પીએમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાથે જ બોલેરો ચાલકની શોધખોળ માટે તજવીજ હાથ ધરાઈ છે

## પરમ કથક કેન્દ્ર દ્વારા

# વિશ્વ નૃત્ય દિવસની ઉજવણીના ભાગરૂપે મંગળવારે કથક નૃત્યોત્સવ

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી રાજકોટ શહેરના પરમ કથક કેન્દ્ર દ્વારા કથક નૃત્ય શૈલીમાં નૃત્યોત્સવ ૨૦૨૫ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૯ એપ્રિલ ૨૦૨૫ મંગળવારના રોજ રાત્રીના ૮.૩૦ કલાકે વિશ્વ નૃત્ય દિવસની ઉજવણીના ભાગરુપે આ કાર્યક્રમ રજુ થશે. કાર્યક્રમના મુખ્ય મહેમાનોમાં વરિષ્ઠ નાટયવિદ ભરત યાજ્ઞીક, સુપ્રસિધ્ધ નાટયવિદ નયક ભટ્ટ તથા મૃણાલિની ભટ્ટ, અતિથિ વિશેષપદે તપસ્વી સ્કુલનાં સંસ્થાપક અને કેળવણીકાર અમિષ દેસાઈ તથા શિતલ દેસાઈ, બાલભવનના ઓફીસ સુપ્રિ. કીરીટ વ્યાસ, વરિષ્ઠ નાટયકાર કૌશિક સિંધવ તથા અરવિંદ રાવલ ઉપસ્થિત રહેશે.

પરમ કથક કેન્દ્રના શિષ્યો દ્વારા રજુ થનાર આ કાર્યક્રમના પરિકલ્પન, નૃત્ય નિદેશક તથા સંચાલન ગૌરવ પુરસ્કૃત પલ્લવી વ્યાસના છે. કાર્યક્રમ નિઃશુલ્ક છે રસ ધરાવનાર ભાવિકોએ આમંત્રણ કાર્ડ મેળવી લેવા વધુ માહીતી માટે મો. નં. ૯૪૨૭૨ ૧૭૫૯૮ પર સંપર્ક કરો.

# ધ્રોલના ખાખરા ગામની મહિલાનું હૃદય રોગથી મોત

## કુદરતી મૃત્યુ ગણિ પોસ્ટમોર્ટમ ન કરવા માંગતા પરિવારને ડોકટરની જાણ બહાર મૃતદેહ સોંપાતા દોડધામ

**અબતક, રાજકોટ**

ધ્રોલની ૪૬વર્ષની મહિલા નું હૃદય રોગના હુમલા થી મૃત્યુ નીપજયા ના બનાવમા મૃત્યુ કુદરતી ગણિપોલીસે પોસ્ટમોર્ટમ વગેર ડોક્ટર ની જાણ બહાર મૂર્ત દેહ પરિવારને સોંપી દેતા દોડધામ મચીગઈ હતી

ધ્રોલના ખાખરા ગામે હાર્ટ એટેકથી ૪૬ વર્ષીય કુંતાબા શાંતુભા જાડેજા રાત્રે પોતાના ઘરે હતા ત્યારે ૧૨/૩૦ વાગ્યા આસપાસ બેભાન થતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના ડોકટરે સારવાર દરમ્યાન મોડી રાત્રે મૃત જાહેર કરાયા હતા. રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગના તબીબે મૃતદેહ પીએમ અર્થે પીએમ રૂમમાં મુકાવેલ. આ તરફ હોસ્પિટલ પોલીસ ચોકીના એએસઆઈ સી.જે. ઝાલા અને ભગિરથસિંહ રાણાએ નોંધ કરી ધ્રોલ પલીસને જાણ કરી હતી. જેથી ધ્રોલ પોલીસમાંથી હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ સ્ટાફ સાથે રાજકોટ સિવિલના પીએમ રૂમ ખાતે મોડી રાત્રે પહોંચ્યા હતા. પોલીસ સમક્ષ પરિવારના સભ્યોએ રજુઆત કરી હતી કે, તેમને પીએમ કરાવવું નથી. આ સાથે મૃતકને અગાઉ બે વખત હાર્ટ એટેકની અસર થઈ ગઈ હોવાનું અને ડાયાબિટીસ સહિતની બીમારી હોવાના હોસ્પિટલના કાગળો દેખાડ્યા હતા. કુદરતી બીમારી સબબ મોત હોવાનું જણાતા પોલીસે નિવેદન લઈ મૃતદેહ રાત્રે જ પીએમ રૂમમાંથી પરિવારને સોંપી દીધો હતો. સવારે ડોકટરે પીએમ એન્ટ્રી જોતા તેમાં ક્યાંય કુંતાબા નામના મૃતકની નોંધ ન હોય, પણ ઈમરજન્સી વિભાગે મૃતદેહ પીએમ અર્થે મોકલ્યો હોય, બોડી મિસ થયું હોવાનું જણાતા સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી. મૃતકના સગાએ જે મોબાઈલ નંબરો આપ્યા હતા તે સ્વીચ ઓફ આવતા ડોકટર અને સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફને શંકા ઘેરી વળી હતી. એકાદ કલાક બાદ હકીકત ખુલી હતી કે, કુદરતી મોત હોવાથી ધ્રોલ પોલીસે નિવેદન લઈ પીએમ કરાવ્યા વગરનું બોડી સગાને સોંપ્યું હતું.

# લોધિકા: ગુંદા ગામે રમત-રમતમાં સાથી કર્મચારીની ગુદામાં કમ્પ્રેશરથી હવા ભરી દેતા ગંભીર

**અબતક, રાજકોટ**

મજાક ભારે પડી ગઈ.... લોધીકા પોલીસ મથકની હદમાં આવેલ ગુંદા ગામે કારખાનામાં સાથે કામ કરતા સહ કર્મચારીઓ વચ્ચેની મજાક કર્મચારીને દવાખાને પહોંચાડી દીધા નો બનાવ નોંધાયો હતો. આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ લોધીકા ખાતે આવેલી સ્ટીલ ટેક્સ કંપનીમાં કામ કરતાં દિવ્યરાજ સિંહ ભરતસિંહ જાડેજા ૪૦ રહે ગુંદા ગામ વાળા ને ગામના અને સાથે કામ કરતા બગડાભાઈ નામના કર્મચારીએ મજાક મજાકમાં દિવ્યરાજસિંહ ને હવા ભરવા ના પંપની નળી થી ગુદાના ભાગે હવા ભરી દેતા, પેટના ભાગે અસહ્ય દુખાવો પડતા પ્રથમ સારવાર લોધિકા ત્યારબાદ રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ભોગ બનનાર ના ભાઈ કુલદીપસિંહે જણાવ્યું હતું કે બંને મિત્રો વચ્ચે મશ્કરીમાં થયેલી આ હરકતથી કુલદીપસિંહ ને દુખાવો થતાં દવાખાને ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન હવે તબીબોએ ભયમુકત જાહેર કર્યા છે.

# પ્લોટના વિવાદિત કુલમુખત્યારનામા સંબંધિત દસ્તાવેજો રદ કરવાનો દાવો નામંજૂર

## વિરડા વાજડી ગામે કાદમ્બરી પાર્કના પ્લોટ નંબર ત્રણની જમીનની ખરીદીનો ૧૯૮૬માં દસ્તાવેજ કરનારે ૧૯૮૫થી ૧૯૯૫ની સુધીમાં થયેલા ચાર દસ્તાવેજો રદ કરવા દાદ માંગી 'તી

**અબતક, રાજકોટ**

રાજકોટના વિરડા વાજડી રેવન્યુ સર્વે નંબર હેઠળના વિસ્તારમાં કાદમ્બરી પાર્કના પ્લોટ નંબર ત્રણની ૭૬૭ ચોરસ મીટર જમીનની ખરીદીનો ૧૯૮૬માં દસ્તાવેજ કરનારે આ જમીન મામલે ૧૯૮૫થી ૧૯૯૫ની સાલ સુધીમાં થયેલા ચાર દસ્તાવેજો રદ કરવાનો દાવો સિવિલ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવ્યો છે.


ઉપરોકત મિલકત ૧૯૮૬ની સાલમાં હંસાબેન કાંતિલાલ મોદીના કુલમુખત્યાર મહેશકુમાર જયંતીલાલ બાવીસી પાસેથી ખરીદ કરી હોવાનું જણાવી પ્રતાપભાઈ કાળુભાઈ બસીયા દ્વારા લાવવામાં આવેલા આ દાવામા૧૯૯૫માં જમીન ખરીદનારા પ્રતિવાદી જીગીષાબેન પ્રશાંતભાઈ મહેતા વતી કોર્ટમાં હાજર થયેલા ધારાશાસ્ત્રી અર્જુન પટેલ દ્વારા એવો બચાવ લેવામાં આવેલ કે, આ દાવાના વાદી પ્રતાપભાઈ કાળુભાઈ બસીયાએ જેની પાસેથી દાવાવાળી મિલ્કત ખરીદ કર્યાનું જણાવે છે તે હંસાબેન કાંતીલાલ મોદીએ અગાઉ આ જ પ્લોટ બાબતે સિવિલ કોર્ટમાં નરેન્દ્ર નાનભા વાઢેર સામે દાખલ કરેલ દાવો અને રિસ્ટોરેશનની અરજી બંને પણ રદ થયા હતા. અને ત્યારબાદ હંસાબેન કાંતીલાલ મોદીએ બોમ્બે લેન્ડ રેવન્યુ રૂલ્સ ૧૦૮(૫) હેઠળ નાયબ કલેકટર સમક્ષ નરેન્દ્ર નાનભા વાઢેરના નામે દાખલ થયેલ નોંધ ચેલેન્જ કરી હતી. જેની અપીલ પણ નાયબ કલેકટરે રદ કરી હતી. દાવાવાળી મિલ્કતમાં વાદી પ્રતાપભાઈ કાળુભાઈ બસીયા જેની પાસેથી મિલ્કત ખરીદ કર્યાનું જણાવે છે તે હંસાબેન મોદી પાસે કાયદેસરનું કોઈ ટાઈટલ હતું જ નહીં, તેમજ તા.૨૪/ ૧૦/ ૮૩ના રોજ ચિતરંજન કે. મોદી નરેન્દ્રસિંહ નાનભાઈ વાઢેરના મુખત્યાર હતા જ નહીં, અને તેથી તેઓને હંસાબેન કાંતીલાલ મોદી જોગ કોઈ વેચાણ દસ્તાવેજ કરવા હકક, અધિકાર કે સતા હતી જ નહીં, આમ છતા ફ્રોડ આચરી ફોર્જરી કરી ચિતરંજન મોદીએ પોતાની સગી બહેન હંસાબેન મોદીના નામનો વેચાણ દસ્તાવેજ છળકપટથી કરેલ. તેમજ ડો. ચિતરંજન કે. મોદીને આપવામાં આવેલ કુલમુખત્યારનામું તા.૨૦/ ૧૦/ ૮૩ના રોજ રદ કરવામાં આવ્યું હતું, આમ છતા તેને હંસાબેન કાંતીલાલ મોદીના નામે તા.૨૪/ ૧૦/ ૮૩ના રોજનો બોગસ વેચાણ દસ્તાવેજ કરી નાખેલ છે. જેથી વાદીને કોઈ કાયદેસરનું ટાઈટલ પ્રાપ્ત થયેલ નથી અને પ્રતિવાદીઓના દસ્તાવેજો નહીં પરંતુ ખુદ વાદીનો દસ્તાવેજ અને વાદી જેની પાસેથી ઉતરોતર ખરીદ કરેલાનું જણાવે છે તેના દસ્તાવેજો રદ થવાને પાત્ર છે.

તેમજ આ પ્રકારનો દાવો લાવનાર વાદી પ્રતાપ કાળુ બસીયા જાતે અદાલત સમક્ષ જુબાની આપવા માટે આવેલ નહી અને તેમના વતી તેમના મુખત્યાર નરેન્દ્રભાઈ ડાયાભાઈ ચૌહાણ દ્વારા જુબાની આપવામાં આવેલ, જેમને આ વ્યવહારો સંબંધે કોઈ અંગત જ્ઞાન, જાણ કે માહીતી ન હતી, જેથી અદાલતે લંબાણ પુર્વકનો ચુકાદો આપતા ઠરાવેલ છે કે, વાદી જે કુલમુખત્યારનામાના આધારે વેચાણ દસ્તાવેજથી માલીક બન્યાનું જણાવે છે તે મુખત્યારનામું આવા વેચાણ દસ્તાવેજ કરવા માટે કુલમુખત્યારને અધિકૃત કરતા નથી, અને કોઈ જ માલીકી હકક વાદીમાં સ્થાપીત થયેલ નથી. વાદીના કુલમુખત્યારની વર્તણુક પણ ધ્યાને લઈ અદાલતે વાદીનો દાવો રદ કર્યો છે. આ કામમાં પ્રતિવાદી વતી એડવોકેટ તરીકે વરિષ્ઠ ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ. પાનસુરીયા, આકાંક્ષા એચ. રાજદેવ રોકાયા હતા.

### કોમનવેલ્થ-૨૦૩૦ અને ઓલિમ્પિક ૨૦૩૬ માટે સરકાર સજ્જ

# ભાણીયા-ભત્રીજા અને કાનૂની દાવપેચમાંથી સ્પોર્ટ્સને બહાર કાઢવા કેન્દ્રીય મંત્રી માંડવિયાનો નિર્ધાર

## ખેલાડીઓને વિશ્વસ્તરીય કોચિંગ અને સુવિધાઓ પૂરી પાડવાની જવાબદારી સરકારની છે, આ માટે ખેલાડીઓ, રમતગમત મહાસંઘ અને સરકારે સાથે મળીને કામ કરવું પડશે: ડો. મનસુખ માંડવીયા



**અબતક, નવી દિલ્હી**

કેન્દ્રીય રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ દેશના રમતગમત ક્ષેત્રને મજબૂત બનાવવા માટે બે મુખ્ય પહેલનું ઉદ્ઘાટન કર્યું. આમાં નેશનલ સેન્ટર ફોર સ્પોર્ટ્સ સાયન્સ એન્ડ રિસર્ચ ખાતે ''રીટર્ન ટુ સ્પોર્ટ્સ સેલ'' અને ડિજીલોકર દ્વારા સ્પોર્ટ્સ સર્ટિફિકેટનું ડિજિટલાઈઝેશનનો સમાવેશ થાય છે. આ બંને પગલાંનો ઉદ્દેશ્ય ભારતને ૨૦૩૬ના ઓલિમ્પિક માટે તૈયાર કરવાનો છે.

રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, ફક્ત મેદાનો બનાવવા અને તેનો વિકાસ ભારતને કોમનવેલ્થ અને ઓલમ્પિક માટે સક્ષમ નહિ બનાવે પરંતુ તેનાથી કંઈક અલગ એટલે કે ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાની માટે ભારતની દાવેદારી સફળ થાય તે માટે જૂથવાદ અને ભાણીયા-ભત્રીજાવાદનો અંત લાવવો પડશે.

ખેલાડીઓને વિશ્વસ્તરીય કોચિંગ અને સુવિધાઓ પૂરી પાડવાની જવાબદારી સરકારની છે, આ માટે ખેલાડીઓ, રમતગમત મહાસંઘ અને સરકારે સાથે મળીને કામ કરવું પડશે.

ભારતે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવાનો દાવો કર્યો છે અને ૨૦૩૬ ઓલિમ્પિકનું આયોજન કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે, તેથી બધાએ એક થવું જોઈએ. તેમણે કહ્યું- આપણે આંતરરાષ્ટ્રીય મંચો પર એક થવું પડશે. આ સુનિશ્ચિત કરવું મહત્વપૂર્ણ છે. આપણે ૨૦૩૬ ઓલિમ્પિક ભારતમાં લાવવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરવા પડશે. આપણે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું પણ આયોજન કરવાનું છે.

રમતગમત મહાસંઘોના પ્રતિનિધિઓને સંબોધતા, માંડવિયાએ જણાવ્યુ હતું કે, મેં વિવિધ ફેડરેશનના વિવિધ જૂથો સાથે વાત કરી છે અને તેમને આના પર કામ કરવા કહ્યું છે જેથી ખેલાડીઓને તકલીફ ન પડે. ખેલાડીઓનું ધ્યાન રાખવું પડશે અને જો જૂથવાદ હોય તો તેમને દૂર કરવો પડશે.

માંડવિયાએ કહ્યું- ફેડરેશનોને

(અનુ. આઠમા પાને)

# રાજયભરમાં 'સ્વાગત' કાર્યક્રમમાં એપ્રિલમાં મળી ૩૭૦૦થી વધુ ફરિયાદ: ૫૦ ટકાનો નિકાલ

### સંવેદનશીલ પારદર્શી અને પ્રજાલક્ષી શાસન દાયિત્વ માટેના જનસેવા પ્રકલ્પ સ્વાગતના ૨૨ વર્ષ પુરા

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩માં શરૂ કરાવેલા જનફરિયાદ નિવારણના ટેકનોલોજીયુક્ત અભિગમ સ્વાગત કાર્યક્રમની સફળતાના આજે ૨૨ વર્ષ પૂરા થયા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સુશાસન-ગુડ ગવર્નન્સની સાચી દિશા અપનાવી



અને સૌને એ માટે પ્રેરિત કર્યા છે. તેમણે શરૂ કરાવેલો આ સ્વાગત પ્રકલ્પ આજે લોકોના જીવનમાં પરિવર્તનકારી અસર લાવીને પેપરલેસ, પારદર્શક અને મુશ્કેલીમુક્ત રીતે સમસ્યાઓનું નિરાકરણ લાવવાનું અસરકારક માધ્યમ બન્યો છે

નરેન્દ્રભાઈ દ્વારા હાથ ધરાયેલા સામાન્ય માનવી, ગરીબ વંચિત, ગ્રામીણ નાગરિકની આવી રજૂઆતો, ફરિયાદોના નિવારણના સુગ્રથિત આયોજન માટેના સફળ પ્રયાસોના પરિણામે સ્વાગતની રાજ્યને ભેટ મળી છે.

દેશમાં જ્યારે ઓનલાઈન

(અનુ. આઠમા પાને)


# સહકારી મંડળીઓનાં સભાસદ ભેટ મર્યાદામાં ૧૫૦ ટકા સુધીનો વધારો

### સહકારી સંસ્થાઓના ચેરમેન-હોદેદારો માટે મોઘી મોટર કાર નહી ખરીદી શકાય

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા સહકારી મંડળીઓના કરોડો સભાસદોના હિતમાં અનેકવિધ નિર્ણયો કરવામાં આવી રહ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા સહકારી મંડળીઓના સભાસદો મંડળીઓ સાથે જોડાઈ રહે તે માટે સભાસદ ભેટ મર્યાદામાં ૬૬% થી લઈને ૧૫૦ % જેટલો વધારો કરવામાં આવ્યો છે તેમ સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું.

મંત્રી વિશ્વકર્માએ કહ્યું હતું કે, પ્રાથમિક પ્રકારની સહકારી મંડળીઓ કે જેઓ દર વર્ષે રૂા. ૭૫૦ની મર્યાદામાં સભાસદોને ભેટ આપી શકતા હતા તે હવે રૂા.૧૨૫૦ સુધીની મર્યાદામાં સભાસદોને ભેટ આપી શકશે. તાલુકા કક્ષાની મંડળીઓ રૂા. ૧૦૦૦ને બદલે રૂા.૨૫૦૦, જિલ્લા કક્ષાની



મંડળીઓ રૂા. ૩૦૦૦ના બદલે રૂા.૫૦૦૦ અને રાજ્યકક્ષાની મંડળીઓ રૂ. ૬૦૦૦ના બદલે રૂ. ૧૦,૦૦૦ની મર્યાદામાં સભાસદોને ભેટ આપી શકશે. આમ સભાસદોને વધુ સારી ભેટ મળતા તેઓ મંડળી સાથે જોડાવા પ્રોત્સાહિત થશે જેથી સહકારી મંડળીઓનો વધુ સારો વિકાસ થશે. રાજ્ય સરકારે મંડળીઓને આપવામાં આવતી ભેટની ખરીદી પણ ઈટેન્ડરિંગ પદ્ધતિથી ખરીદવા જણાવ્યું છે, આનાથી આવી ભેટની ખરીદી સમયે થતી અનિયમિતતા પણ અટકશે.

સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહના

(અનુ. આઠમા પાને)

# રાજયભરમાં આજે યલો એલર્ટ: હીટવેવ હાહાકાર મચાવશે

## રાજયના ૯ શહેરોમાં મહતમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર: ભૂજ ૪૨.૭ ડિગ્રી સાથે રાજયનું સૌથી ગરમ શહેર

## સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે એકાદ-બે શહેરોમાં તાપમાનનો પારો ૪૪થી ૪૫ ડિગ્રીએ આંબે તેવી શકયતા

**અબતક, રાજકોટ**

ગુજરાતની જનતાને કાળઝાળ ગરમીમાંથી મૂકતી મળે તેવા કોઈજ અણસાર હાલ દેખાતા નથી. આજે રાજયભરમાં ગરમીનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આવતીકાલથી ચાર દિવસ સૌરાષ્ટ્ર કચ્છ સહિત રાજયભરમાં હીટવેવનો પ્રકોપ જોવા મળશે. આકાશમાંથી અગન વર્ષા થશે. અનેક શહેરોમાં મહતમ તાપમાનનો પારો ૪૪ થી ૪૫ ડિગ્રીએ આંબશે એપ્રીલનો આકરો રહ્યો છે. મે માસમાં પણ ગરમી ભૂકકા કાઢશે.

આ વર્ષ માર્ચ માસથી ગરમીનું જોર જોવા મળી રહ્યું છે. માર્ચમાં પારો રેકોર્ડબ્રેક સપાટીએ પહોચી ગયા બાદ એપ્રીલમાં પણ મહતમ તાપમાન ૪૬ ડિગ્રી એ પહોચી ગયો હતો. એપ્રીલના આરંભથી આકાશમાંથી એકધારી અગ્નિ વર્ષા થઈ રહી છે. ગુજરાતની જનતાને હીટવેવના પ્રકોપથી હાલ મૂકિત મળે તેવી કોઈ જ શકયતા દેખાતી નથી. આજે રાજયમાં ગરમીનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે કેટલાક શહેરોમાં તાપમાન ૪૩ ડિગ્રીએ આંબી જશે. દરમિયાન આવતીકાલે શનિવારથી ચાર દિવસ હીટવેવની આગાહી આપવામાં આવી છે.ચાર દિવસ દરમિયાન મહતમ તાપમાન ૪૪ થી ૪૫ ડિગ્રી સુધી પહોચે તેવી શકયતા પણ જણાય રહી છે. મેં માસમાં પણ સૂર્ય નારાયણનો પ્રકોપ યથાવત રહેશે. મે માસમાં ગરમી પાછલા તમામ રેકોર્ડ બ્રેક કરે તેવી શકયતા નકારી શકાતી નથી.

### કયાં શહેરમાં કેટલુ તાપમાન

| | | | |
|---|---|---|---|
| ભુજ | ૪૨.૭ ડિગ્રી | અમરેલી | ૪૧.૯ ડિગ્રી |
| રાજકોટ | ૪૨.૨ ડિગ્રી | ગાંધીનગર | ૪૧.૬ ડિગ્રી |
| સુરેન્દ્રનગર | ૪૨.૧ ડિગ્રી | ડિસા | ૪૦.૮ ડિગ્રી |
| | | કંડલા | ૪૦.૬ ડિગ્રી |
| અમદાવાદ | ૪૨.૧ ડિગ્રી | વડોદરા | ૪૦.૪ ડિગ્રી |

દરમિયાન ગઈકાલે શુક્રવારે રાજયના ૯ શહેરોમાં મહતમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતુ. કચ્છનું ભૂજ ૪૨.૭ ડિગ્રી સાથે રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. આ ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલીનું તાપમાન ૪૧.૯ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૯ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૧.૮ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૩ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૫ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૨.૨ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૧.૪ ડિગ્રી, દિવનું તાપમાન ૩૪.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૨.૧ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૭.૮ ડિગ્રી, કેશોદનું તાપમાન ૩૮.૮ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૭.૮ ડિગ્રી, કંડલા પોર્ટ પરનું તાપમાન ૩૫ ડિગ્રી, કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૪૦.૬ ડિગ્રી નોંધાયું હતુ.

આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં અમદાવાદનું તાપમાન ૪૨.૧ ડિગ્રી ડિસાનું તાપમાન ૪૦.૮

(અનુ. આઠમા પાને)

